આવતી કાલનાં નાગરિકોનું માસિક

૪૧૩મો અંક



શાન્ત પ્રગલ્ભ જીવન-પ્રતિભા તેમને વરી હતી. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'નો આદર્શ તેમનો નિત્યનો આચાર હતો. સત્યાગ્રહ રાષ્ટ્રકારણ ને રાજકારણ, અધ્યાપન અર્થશાસ્ત્ર ને સાહિત્યસેવા, હરિજનોદ્ધાર લોકસેવા ને આશ્રમ-સંચાલન, એમ નાનાવિધ ક્ષેત્રોને તેમણે પોતાના પ્રશાન્ત પ્રતિભાપારસથી અજવાળ્યાં છે. આવી પ્રગલ્ભ પ્રતિભા ને પ્રકાંડ વ્યવસ્થાશક્તિ છતાં નિતાન્ત નિરભિમાન ને નમ્ર જીવનસાધક રહેલા શ્રી નરહરિભાઈ દ્વારકાદાસ પરીખની ચિત્રસમૃદ્ધ જીવનરેખા આ અંકમાં આપી છે.

સંસ્થાપક · રવિશંકર રાવળ

# કુમાર


મે · ૧૯૫૮

તંત્રી · બચુભાઈ રાવત



જેલમનાં જળમાં

કલાકાર: રસિકલાલ પરીખ




## ચિત્રો



## કાવ્યો



## ચરિત્ર



## વાર્તા



## લેખો



## વિભાગો



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો




એપ્રિલના અંકમાં રીઅર ઍડ્મિરલ રામદાસ કટારીની ઓળખાણવાળા લેખમાં પહેલી કટાર, છેલ્લી લીટી : ' 'દિલ્હી'ના કુવા 'વિશાળ' હતા' એમ લખ્યું છે, ઈ જુસાં નવાઈ જેડો લગેતો, ભા! વહાણના કૂવાથંભ તો તે મૂળ પાસે થુલા હોય તોય ઊંચેઊંચે આકાશ ચીંધતા, સોટા જેવા તુંગ હોય! 'દિલ્હી'ના બાંધનારાએ એવા જ બનાવ્યા છે. પણ વિજયગુપ્ત મૌર્ય જેવા આશકારા કલમપરસ્ત પણ આવી ભૂલ કરે એથી અમ જેવા સાગરખેડૂને માઠો ઈ લાગે છે કે, હે ધરિયાલાલ! હજી અમારા કલમકશો તને નથી સમજી શકયા!

—દેવો ધાધલ

એપ્રિલના 'કુમાર'માં શ્રી કા. છ. પંડયાના પત્રમાં 'બેનિડિટ' નામ છે તે વિસ્મૃતિદોષ છે. પુસ્તકનું નામ How to look young at 72 કે એવું કાંઇક છે, પણ કર્તા સૅન્ડફર્ડ બૅનેટ છે. આ પત્રલેખકે એ પુસ્તક આગ્રે શ્રી કાન્તિભાઈ પાસે જોએલું ને વાંચેલું—૧૯૪૧-ના ફેબ્રુઆરી-માર્ચમાં. પછી એ જ પુસ્તકનું ગુજરાતી મથુરા સુખસંચારક કં.ના 'સુખી શી રીતે થવું' નામના પુસ્તકમાં સચિત્ર વર્ણન વાંચ્યું. (બેનેટના અસલ પુસ્તકની કિંમત ૩ ડૉલર એટલે કે આશરે ૧૫ રૂપિયા હતી.) પછી સાંગલીમાં ૧૯૪૪માં 'वृद्धांनीं आरोग्य कसें राखावें?'(લે.ના.વિ.આઠવલે, ૬૮૦ સદાશિવ પેઠ,નવ્યાવિષ્ણુ જ્વળ,પુણે ૨)ચિત્રપટસાથેની ૫ આનાની ચોપડી મારા જોવામાં આવી. એમાં ૫૨ કસરતો (ડંબેલ્સ, મલખમ, મગદળ, લાઠી, લકડી, લેજીમ વગેરે કોઈ પણ સાધન વિનાની) સૂતાં, બેઠેબેઠે, ઊભેઊભે કરવાની જોઈ. પૂનામાં ૭૦ વર્ષની ૩પરની ઉમરના માટે સવારમાં સૂર્યોદય પહેલાં કસરત-આસનોનો વર્ગ ચાલતો. આ આઠવલેએ ૬૭ વર્ષની વયેશરૂ કરી ૮૨ વર્ષ સુધી તંદુરસ્તી જાળવી. (આ આસનો ૧૦૦ વર્ષની ઉમર સુધી વિના હરકતે થઈ શકે—જીવનપર્યંત પણ). મુંબાઈમાં સોશ્યલ સર્વિસ લીગના આશ્રયે ચાલતા અઠવાડિક વર્ગમાં એક મદ્રાસી ફિઝિકલ કલ્ચર કૉલેજના અમેરિકન પ્રો. વેબર પણ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં એક લીગર્સનો વર્ગ ચલાવતા. તેમાં અમેરિકન માસિક Postureની ૭ કસરતો શીખવતા : પોઝિશન, આઉટવર્ડ, ટ્રૅસિંગ, થોરૅક્સ, ઍપ્રાઈટ, રીલૅક્સેશન, ઇલૉંગેશન, આ સાત પણ આસનો જ હતાં. દામુભાઈના પુસ્તકની નવી આવૃત્તિ કાઢતાં આ પુસ્તકો જોઈ જવાય તો ઠીકઠીક લાભ મળે. મરાઠી ચોપડી ચાર્ટસાથે ૪-૫ આનામાં મળતી (૪૮ પૃષ્ઠ), તો નવી ગુજરાતી આવૃત્તિની પણ વધારે નકલો સસ્તે આપી ન શકાય?

(નડિયાદ) —ભા. હ. યાજ્ઞિક

૪૧૨મા અંકમાં 'વાચકો લખે છે' કૉલમમાં જૂના અંકો કાઢી–વેચી નાખવાની મારી ખબરના જવાબમાં મને અસંખ્ય પત્રો મળ્યા છે, પ્રથમ દિવસે વલસાડથી ભાઈ ફાતીવાલાનો મળેલો. તેઓએ V.P. દ્વારા અંકો મોકલી દેવા કહેલું. મેં તુરત જ ૩૦ અંક V.P. દ્વારા મોકલી આપ્યા છે. આ પરથી મને એક વાત જાણવાની મળી..'કુમાર' આર્થિકરીતે નબળું હશે, પરંતુ વાચકોના હૃદયના પ્રેમથી તે ટકશે જ. જૂના અંકો માટેની માગ અનેક વાચકો તરફથી હજી મળે છે, તેથી 'કુમાર'ની પ્રગતિનો ખયાલ સ્પર્શ્યા વગર રહેતો નથી. એક આખો એવો વાચકસમુદાય છે કે જે 'કુમાર'ને સંસ્કાર તથા સાહિત્યિક કલાના માસિક તરીકે ઓળખે છે, તે ખરેખર સુખદ ઘટના છે.

(સરખેજ) —લાભશંકર ત્રિવેદી

ત્રણચાર મહિના પહેલાં 'કુમાર'ના પત્રમિત્ર વિભાગમાં મારું નામ આવ્યું હતું. જો કે મેં મારા શૉખના વિષય તરીકે પાંચ છ વિષયો લખી મોકલ્યા હતા, પરંતુ સરતચૂકથી કે, કોને ખબર શા માટે, માત્ર બે જ-ને જેનાથી ભાગ્યે જ હું પત્રમિત્રો મેળવી શકું, એ બે વિષયો છપાઇ આવ્યા હતા. એ સ્પષ્ટ છે કે તેથી હું એક પણ નવા મિત્ર મેળવી શકું નહિ. મારી વિનંતી છે કે સાહિત્ય, સામાજિક પ્રશ્નો, બાળમાનસ અને બાળઉછેર વગેરે વિષયો સાથે મારું નામ આપ ફરી ન છાપી શકો? પત્રમિત્રો મેળવવામાં આપ વધુ સહાયરૂપ થશો તો હું આપનો ઋણી રહીશ.

મારું એ નામ 'કુમાર'માં આવ્યા પછી હું એક પણ મિત્ર તો મેળવી શકયો નથી, પરંતુ એ નામનો કોઇએ ખૂબ સદુપયોગ (?) કર્યો છે. આજે કવર પર કાનપુરની છાપ સાથે 'કુમાર'માં છપાએલા સરનામા પ્રમાણે એક કવર મળ્યું છે. ૧૦–૧૨ આંગ્લ ભાઈ-બહેનોની સહી સાથે બાઇબલનું એક વાકય લખ્યું છે અને નીચે લખ્યું છે કે આ લખાણની ચાર નકલો કોઇને મોકલી આપશો તો પત્ર મળ્યા પછીના ચાર દિવસમાં ખૂબ ફાયદો થશે, નસીબદારવ્યક્તિતરીકેતમારુંનામ appoint કરવામાં આવે છે; વગેરે. આ માત્ર પ્રચાર અને અંધશ્રદ્ધાનો લાભ ઉઠાવી કોઈને અવળા માર્ગે વાળવાના પ્રયાસ સિવાય બીજું શું હોઈ શકે? 'કુમાર'માં આવતાં સરનામાંનો આટલો પણ ઉપયોગ (?) કરવામાં આવે છે એને ય સદ્ભાગ્ય માનવું રહ્યું, બીજું શું? બીજા મિત્રોને પણ આવા પત્રો મળ્યા હશે તે તો ખુલાસો થાય તો ખબર પડે.

—મહેન્દ્ર પારેખ
(૩૧૦ ખારેક બજાર, ૧લે માળે, મુંબાઇ–૧)

પ્રાચીન કાળમાં ભારતમાં નામાંકિત ગણિતજ્ઞો—આર્યભટ્ટ ઇ.સ. ૪૭૬, બ્રહ્મગુપ્ત ઇ.સ. ૫૯૮, ભાસ્કરાચાર્ય ઇ. સ. ૧૧૧૪ વગેરે—થઇ ગયા. ૧ થી ૯ સુધીના અંકોની શોધ ભારતમાં ઇ.ની ૧લી સદીમાં થઇ. ૦(શૂન્ય)-ની શોધ પાછળથી થઇ. એ ક્રાંતિકારી શોધ હતી જેણે ગણતરીનું કામ અતિ સરળ બનાવ્યું.

અરબોએ ભારતના આ જ્ઞાનનો સૌથી પ્રથમ લાભ લીધો. બન્યું એવું કે એક હિંદુ જ્યોતિષી ઇ.સ. ૭૭૩ના અરસામાં બગદાદ જઈ પહોંચ્યા. એ વખતે ત્યાં અલ મન્સૂર નામના ખલીફાનું રાજ્ય હતું. આ જ્યોતિષાચાર્યે ખલીફાને ગ્રહોની ગણતરીવાળું પોતાનું ટીપણું બતાવ્યું. ખલીફાએ તેનું અરબી ભાષાંતર કરાવ્યું. આમ અરબસ્તાનના વિદ્વાનો ૧ થી ૯ સુધીના અંકો શીખ્યા. ઈ. ૧૨૦૨માં ઈટલીના એક ગણિતશાસ્ત્રીએ અરબ વિદ્વાનો પાસેથી આ જ્ઞાન મેળવ્યું. એનું નામ લીઓનાર્ડો હતું. તે પીસાનો વતની હતો.

વત્તા તથા ઓછાનાં ચિહ્નોનો ઉપયોગ ઇ.સ. ૧૫૪૪માં માઇકલ સ્ટીફેલે Michael Stifel) કર્યો. ઑટ્રેડે (Oughtred) × ગુણાકારના ચિહ્નનો ઉપયોગ ઈ.સ. ૧૬૩૧માં પોતાના ગ્રંથમાં કર્યો હોવાનું મનાય છે. ÷ ભાગાકારનો ઉપયોગ લંડનના ગણિતશાસ્ત્રી જૉન પેલે કર્યું હોવાનું જણાય છે. = બરાબરના ચિહ્નોના ઉપયોગ ઇ. ૧૫૫૭માં કરવાનું માન રૉબર્ટ રેકૉર્ડને ફાળે જાય છે. એણે એવું વિધાન કર્યું કહેવાય છે કે 'બે સમાંતર' રેખા જેટલી સરખી બીજી વસ્તુ ભાગ્યે જ હશે.

વર્ગમૂળ માટે વપરાતું આ ચિહ્ન √ અંગ્રેજી અક્ષર 'આર' પરથી બન્યું છે. એને અંગ્રેજીમાં Radical Sign કહે છે.

(નવસારી) —અમૃતલાલ પ્રેમશંકર ત્રિવેદી

## લગની

· વૈતાલીય ·

વિલસે અહીં મારી સન્મુખ
ઘુતિવર્ણું લખ રૂપ વિશ્વનાં;
કલગાનથી, ગંધ સ્પર્શથી
વળતાં ઘેરી અને હુલાસમાં.

ઉર તો અળગું રહી પણ
સહુની અદયથી માર્ગ મેળવી,
કહીં દૂર અજાણ દેશમાં
પ્રિયની સન્નિધિમાં જતું સરી.

દગને નહિ રૂપ, કર્ણને
શ્રુતિ ના, સ્પર્શ નહીં ન ચુંબન:
સુખ કિંતુ લહાય સર્વનું
જયહીં સાયુજ્ય વિષે વિલોપન.

અહીં સંતત કાલમાં ગતિ
લગની ત્યાં મન કેરી સંસ્થિતિ.

રાજેન્દ્ર શાહ

## તલસન

· મિશ્ર ·

મને હતું કે: નિત સામસામી
આ વેણની ટક્કર, છોળ હાસ્યની,
નવાનવા ચંચલ હાવભાવ,
અંગાંગની ભંગી અને ઇશારા,
ભુલામણી ભાવની, ને તડાકા
વાતો તણા કોઇક આડીતેડી—
બધું હશે કેવળ સ્હેજ, માત્ર
જુવાનીના રંગમહીં અમસ્થું.

એ ભિન્ન સાજો થકી કિન્તુ એક દિ'
સુમેળ કો' સ્નેહનું રમ્ય સંગીત
થયું. ન તેની કંઈ જાણ યે રહી!
શાં પાય ને પાયલ જેમ આપણે
હળીમળી બેઉ ગયાં ખરેખરાં!

ને પ્રીતિના આસવ કેરી મસ્તીથી
થઈ ગયો ચૂર હું—પૂર ઘેનમાં
વધ્યા કરી તલ્સન નિત્ય મારી!

હેમન્ત દેસાઈ

## વિદાયટાણે

· ગઝલ ·

આપ આવ્યાં'તાં; જવું છે? તો જજો,
ને શુભેચ્છા સાથ મુજ લેતાં જજો.
(પણ) આંખમાં મારી ન આવે એટલું
આપના ચહેરાને આ કહેતાં જજો!

મનહર મોદી

## સાકીને

· ગઝલ ·

રમે છે સ્મિત અધર પર, પણ નયનમાં નીર છે, સાકી!
અમારા હર્ષમાં પણ શોકની તાસીર છે, સાકી!

કર્યા વિણ જ્ઞાનગંગા પાર, શી રીતે કહું શું છે?
કે જેને કહે છે બ્રહ્માનંદ, સામે તીર છે, સાકી!

ધસી જાયે છે જે નિજ લક્ષ્યસ્થાને વીજળીવેગે,
અમારી જિંદગી પણ એક એવું તીર છે, સાકી!

કરું છું લાખ યત્નો પણ ન એનો અંત આવે છે!
અરે, આ દર્દ છે? કે 'દ્રૌપદીનું ચીર' છે, સાકી?

પ્રભુનો પાડ, કે આજે ય તારી ઓથમાં છું હું;
નથી પરવા, ભલે મારું બૂરું તકદીર છે, સાકી!

વફા મૃત્યુ નથી પામી, હજી જીવંત છે—કિન્તુ
બની ગઈ એ કોઇ કંજૂસની જાગીર છે, સાકી!

મળી દૃષ્ટિ ન એની તો સુરાલય મેં તજી દીધું,
હતો દિલગીર હું ત્યારે, હવે દિલગીર છે, સાકી!

ન બન તું બદગુમાની, સાંભળી લે આ ગઝલ મારી,
કે એ મારા હૃદયની બોલતી તસવીર છે, સાકી!

તો શી રીતે સુરાલય બ્હાર પગ મૂકી શકે 'અંજુમ'?
ખુમારીની હજી એના પગે જંજીર છે, સાકી!

'અંજુમ' વાલોડી

## મને ગમતી

· ગાન ·

ગોંદરે બેઠી એકલી મારા મનનું લોહું અમથી અમથી છીણવાવાળી
વગડે વેરાન ભમતી મને ગમતી ઘણી એક અડાયાં વીણવાવાળી.

કાચ જેવી એની આંખમાં નિજની ન્યાળવા છબી આભ ઉતાવળું થાય;
પાલવને જરી અડકી લેવા વેગળેથી યે વાયરો ગાંડો થાય;

જાય રે ઊભાં ઝાડવાં ડોલી છાંયમાં એની ફૂંકવા એ જ્યાં જાય;
સૌ કહે મને મ્હાય, અજાણ્યું મનનું ફાવ્યું ગીત જ એ તો ગાય.

એને મળી મારી પ્રીત, મળે એની પ્રીત મને તો—ખપતી નથી ફૂમતાંવાળી,
વગડે વેરાન ભમતી મને ગમતી ઘણી એક અડાયાં વીણવાવાળી.

રતિલાલ યોગી

## સુવાસ બદલે છે?

· કત્અ ·

કથીરનાં જ કસોટી ને ક્યાસ બદલે છે,
પદાર્થ હોય વિકારી તો વાસ બદલે છે;
જીવનની પાનખરે દિલ યદિ મૂરઝાય તો શું
સુવાસી ફૂલ કદી યે સુવાસ બદલે છે?


રતિલાલ 'અનિલ'

ઈસુના વર્ષ ઓગણીસ સો ઓગણીસના રાષ્ટ્રોત્થનના સમુત્ક્રાંતિકાળથી ગાંધીજીના પ્રવૃત્તિયજ્ઞની વેદિ બનેલી ગુજરાતની ભોમના કર્મવીર ને જીવનવીર સપૂતોમાંના એક ને અગ્રણી, તથા સત્યાગ્રહ, લોકસેવા, આશ્રમ-સંચાલન, રાષ્ટ્રીય શિક્ષણ, રચનાત્મક કાર્ય અને વિવિધ વિષયસ્પર્શી સાહિત્યસેવા, પ્રભૃતિ નાનાવિધ પ્રવૃત્તિઓમાં નિઃશેષપણે ગળાબૂડ રહીને, નિર્મળ નિર્મમ ને સત્ત્વશુદ્ધ જીવનનું સ્વચ્છ પ્રતિબિંબ પાડી જનાર શ્રી નરહરિ દ્વારકાદાસ પરીખ ગુજરાતના પાયાના સસ્કારવિધાયકો પૈકીના એક હતા, એ મૂલ્યાંકન બહુ ઓછાને હશે.

અંગત તેમજ બહિર્ગત જીવન વચ્ચે જેમને કશો અતરપટ નહોતો એવા, તેમના સરખા 'બહુજનહિતાય બહુજનસુખાય' જીવન જીવતા અપરિગ્રહી સમુજ્જાગ્રત ને શ્રેયઃસાધક કર્મયોગીનું, ગયા વર્ષની ૧૫મી જુલાઇએ, લાંબા સમયથી તેમને થએલા લકવાના વ્યાધિમાં અવસાન થતાં ગુજરાતના જીવનસંસ્કાર-ક્ષેત્રે પડેલી ખોટ, અતિ સંકુલ ને દુર્ઘર્ષ થતા જતા અદ્યતન જીવનસંઘર્ષને જોતાં તો, આજને વખતે બહુ સાલશે.

ખેડા જિલ્લામાં કપડવણજ તાલુકા તાબે આવેલા કઠલાલ ગામમાં, ગુજરાતની આગળપડતી ખડાયતા વણિક જ્ઞાતિમાં અને પેઢીપરંપરાથી સુશિક્ષિત તરીકે જાણીતા કુટુંબમાં એમનો જન્મ થએલો. એમના દાદા શ્રી મોતીલાલ મૂળજીએ છેક ઈ. ૧૮૫૨-માં કંપની સરકારની સનદ મેળવી ધંધુકામાં વકાલત શરૂ કરી, એ સમસ્ત ખડાયતા જ્ઞાતિમાં સૌ પ્રથમ વકીલ થવાનું માન તેઓશ્રીને મળેલું. અને સ્વ. સાક્ષરશ્રી ગોવર્ધનરામની માફક તેમણે પણ, વકીલાતના ધંધામાં પોતે આંકેલી મર્યાદા મુજબ ધનસંચય થયો એટલે પછી એ ધીકતી કમાણી છોડી નિવૃત્તિ લઇ લીધી! ત્યાર પછી લાગટ અઢાર વર્ષ સુધી, 'સંસારસુ સરસો રહે પણ મન મારી પાસ જી' એ કાવ્યપંક્તિ અનુસાર આદર્શ ભક્તિપરાયણ જીવન એમણે ગાળેલું. તેમણે ભક્તિયોગ એટલે સુધી સાધ્ય કરેલો કે તેમના વચેટ પુત્ર

દાદાજી



જન્મ ૧૮૮૩ • માગશર વદ ૮ — વકીલ મોતીલાલ મૂળજી — વૈકુંઠવાસ શ્રાવણ સુદ ૧૦ • ૧૯૫૯

"સદર દીવાની અદાલતે સને ૧૮૨૭નો કાયદો બીજો તથા સને ૧૮૪૬નો ઍક્ટ ૧, એ કાયદાના હુકમથી મોતી મૂળજીને અમદાવાદની અદાલતની કૉરટોમાં ઠરાવેલા વકીલ..."

દ્વારકાદાસ (નરહરિભાઈના પિતા)ના અકાળ અવસાનના સમાચાર મધ્યરાત્રિએ આપવામાં આવ્યા ત્યારે સ્વસ્થતા ગુમાવ્યા વગર તેમનો પ્રથમ ઉચ્ચાર હતો: 'ભગવદિચ્છા!' અને પછી તે આખી રાત પાટ ઉપર બેસી ભગવત્સ્મરણમાં ગુજારી. તેમનું પોતાનું મૃત્યુ પણ મંગલકારી હતું. નિત્ય નિયમ પ્રમાણે સવારે ચાર વાગ્યે ઊઠી, દૈનિક સેવા-પૂજાથી પરવારી, શ્રી આચાર્ય મહાપ્રભુજીની બેઠકે દર્શન કરી આવી તે શ્રી દ્વારકાધીશનાં દર્શન કરવા ગયા. પોતાના શરીરમાં અંતકાળની શિથિલતા આવેલી હોવાથી રાજભોગ સમયે દર્શનમાં સહેજ મોડા પડ્યા, તેથી મુખ્યાજીને કહ્યું, 'આજ મને છેલ્લી ઝાંખી કરાવો.' મુખ્યાજીએ નિત્યના ભક્તની માગણી સ્વીકારી દર્શન કરાવ્યાં. ત્યાંથી સારંગપુર રણછોડરાયજીનાં દર્શને ગયા અને દર્શન કરી પાછા ફરતાં મંદિરના ચોકમાં જ—હરિદ્વારે—હરિશરણ થયા.

પિતાજી દ્વારકાદાસ પણ વડોદરા રાજ્યમાં વકીલ હતા; પરંતુ વડોદરામાં તબિયત સારી ન રહેવાથી અમદાવાદ આવી વસવાટ કર્યો, ને આંબલીઆરા રાજ્યમાં કારભારી તરીકે નિમાયા. તેઓ સત્યનિષ્ઠ, ખરાવાદી અને અન્યાય સામે લડનારા હતા. એક વખત કઠલાલથી નડિયાદ ગાડામાર્ગે જતાં તેમણે બહારવટિયાનો સામનો કરેલો અને એ ઝપાઝપીમાં માથામાં ડાંગ વાગેલી. ઘા તો રુઝાયો, પણ તેની વેદના કાયમ રહી અને આ પ્રસંગ પછી ત્રણ-ચાર વર્ષે ૪૬ વર્ષની ઉમરે તેઓ સ્વર્ગસ્થ થયા. તે વખતે નરહરિભાઈની ઉમર તો દસ જ વર્ષની હતી, એટલે એમના કુટુંબની જવાબદારી એમના મોટા ભાઇ કેશવલાલે ઉપાડી લીધી. કેશવલાલ ભાઇની વકાલત ત્યારે અમદાવાદમાં ધીકતી ચાલતી. પણ વકાલતના ધંધામાં એટલા ગળાડૂબ હોવા છતાં તેમને સાહિત્યનો તેમજ સમાજસેવાનો શૉખ હતો. વળી સ્વદેશીની ભાવના પણ ઉત્કટ પ્રમાણમાં હતી. તેથી પોતાની સઘળી મૂડી રોકી અમદાવાદમાં રાયપુર દરવાજા બહાર, ગુજરાતભરમાં સૌપ્રથમ એવી 'મેટલ ફૅક્ટરી' ઊભી કરેલી. અમદાવાદમાં મિલઉદ્યોગનો પાયો નાખનાર રા.બ. રણછોડલાલ છોટાલાલ(રેંટિયાવાળા)ની સાથે તેઓ અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય હતા અને મ્યુનિસિપલ કારોબારમાં તેમના જમણા હાથરૂપ હતા. અમદાવાદમાં પાણીના નળ નાખવાની રા.બ. રણછોડલાલ છોટાલાલની વૉટર-વર્ક્સની યોજના એમણે પ્રજાજનોનો રોષ વહોરીને પણ સંપૂર્ણતઃ અમલમાં મૂકેલી. વૉટર વર્કસથી ધર્મભ્રષ્ટ થઇ જવાશે એ ખયાલે ત્યારે પ્રજા એટલી બધી ઉશ્કેરાએલી હતી કે એક વખત બંને રા.બ. રણછોડલાલની બગીમાં વૉટર-વર્કસ ઉપરથી દિલ્હી દરવાજે થઈ ઘેર આવતા હતા ત્યારે લોકોના ટોળાએ એમના ઉપર હલ્લો કરેલો! મ્યુનિસિપાલિટીના વહીવટમાં કેશવલાલભાઈ એટલા બધા ઓતપ્રોત થએલા કે તેઓ લાગટ ૧૮ વર્ષ સુધી ઉપપ્રમુખને સ્થાને ચૂંટાએલા.

નાના કાકા જેઠાલાલ મોતીલાલ પરીખે તો એ જમાનામાં પરદેશ જવાનું સાહસ ખેડેલું, અને ઇંગ્લંડ જઇ બૅરિસ્ટર થએલા. તેમણે પ્રિવી કાઉન્સિલમાં વકાલત શરૂ કરેલી અને શેષ જીવન ત્યાં જ ગાળ્યું. કે. સી.

# નરહરિભાઈ પરીખ

(King's Counsel)નો માનભર્યો ખિતાબ મેળવનાર તેઓ સૌ પ્રથમ હિંદી હતા. તેમનામાં ખરી ખૂબી તો એ હતી કે વર્ષો સુધી ઈંગ્લંડમાં વસવાટ કર્યો હોવા છતાં તેમનામાં રાષ્ટ્રીય ભાવના છેલ્લી ઘડી સુધી કાયમ હતી. ત્યાં તેઓ ગોખલેજી તથા ટિળકમહારાજના સંપર્કમાં આવેલા અને પારસી નેતાઓ શાહપુરજી તથા દાદાભાઈ નવરોજજીએ લંડનમાં હિંદનો પ્રશ્ન ઈંગ્લંડવાસીઓ સમક્ષ રજૂ કરવામાં જે 'ઇન્ડિયા લીગ' કાઢેલી તેના કામમાં એમણે ખૂબ મદદ કરેલી.


આવા ધર્મપરાયણ, સંસ્કારી, રાષ્ટ્રપ્રેમી અને સાહિત્યવ્યાસંગી કુટુંબમાં શ્રી નરહરિભાઇનો જન્મ ઈ. ૧૮૯૧ની ૭મી ઑક્ટોબરે થયો હતો. કુટુંબના સંસ્કાર ઉપરાંત સ્વદેશપ્રેમની ભાવના તેમનામાં બાલ્યાવસ્થાથી હતી. ઈ. ૧૯૦૫ બંગભંગની ચળવળથી રાષ્ટ્રમાન્ય બનેલા નેતાઓ બાલ લાલ અને પાલ એ એમના બાલ્યાવસ્થાના 'રાષ્ટ્રવીરો' હતા. વિદ્યાર્થી અવસ્થામાં જ તે જાહેર સભાઓમાં હાજરી આપતા. બૅરિસ્ટર મગનભાઇ ચતુરભાઈ પટેલ, નગીનદાસ સંઘવી, પ્રો. સ્વામીનારાયણ ને પાછળથી દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇનાં ભાષણો સાંભળવાનું તેઓ કદી ચૂકતા નહિ. આ રીતે તેમનામાં બાલ્યકાલથી જ રાષ્ટ્રીય ભાવનાનું વારિસિંચન થએલું.

બાળપણમાં સૌથી લાંબી મુસાફરી એમણે પાંચ વર્ષની ઉમરે કરેલી. મોતીલાલ દાદાએ કાંકરોલીમાં છપ્પનભોગ પ્રસંગે કુટુંબપરિવાર ઉપાડેલો. તે શ્રીનાથજી ને કાંકરોલી જવા ચિતોડગઢથી ગાડામાં મુસાફરી કરવી પડતી. રસ્તે જ્યાં મુકામ કરતા ત્યાં અમે ક્યાંથી આવ્યા, ક્યાં જઈએ છીએ વગેરે પૂછપરછ માટે લોકો એકત્રિત થતા ને રાત્રે ભજનકીર્તન ને વાર્તાઓ ચાલતાં. એમ આ ગામે પણ ગામલોકો મળવા આવ્યા ને વાર્તા શરૂ થઈ તેમાં નરહરિભાઈએ પણ પોતાની કાલીઘેલી ભાષામાં એક વાત કહી:

'અટકમાળા, ગટકમાળા, મોટા મણકાવાળી;
અરધી રાતે માર ખવડાવ્યો, હટ મારી વા'લી.'

વાતનો પ્રસંગ એવો છે કે એક ચોર રાત્રે ચોરી કરવા નીકળ્યો. ત્યાં એક ડોસા મોડી રાત્રે, પોતાની પાસેની રોકડ બચત લોટામાં નાખીને દાટવાની તૈયારી કરતા હતા, તે લોટામાં પડવાનો અવાજ પેલો ચોર શણી ગયો! કલાક–બે કલાક પછી ડોસા જંપી ગયા છે એમ માની ચોર ડોસાના ઘરનું બારણું ઉતારી અંદર ગયો. ડોસાને ઊંઘ ઓછી, એટલે તેઓ માળા ફેરવતા હતા. ડોસા વૃદ્ધ પણ ખબરદાર હતા. તે તો લાકડી લઈને ઊઠ્યા ને ચોરનાં હાડકાં ખોખરાં કર્યાં. 'અટકમાળા...' એ ચિડાએલા ચોરની ઉક્તિ છે.

નરહરિભાઈ ભણવામાં પ્રવીણ હતા; સાથે સાથે બાળરમતો ને તોફાનોમાં પણ પ્રવીણ હતા. હોળીનો એક પ્રસંગ છે. અમદાવાદમાં આકાશેઠ કૂવાની પોળના ટોળાની સરદારી પનુભાઈ કરીને એક નાગર બાળકે લીધેલી અને કામેશ્વરની પોળ તથા વાઘેશ્વરીની પોળની સરદારી નરહરિભાઇએ લીધેલી. ટોળીના આગેવાન પાસે દંડો રહે, અને ટોળાનાં છોકરા ખોબા ખોબા ધૂળની પોટલીઓ રાખે. આકાશેઠ કૂવાની પોળે આ ટોળું જામેલું. તેવામાં ત્રણચાર વહોરાઓ ત્યાંથી નીકળ્યા એમણે હોળીનો પાઈ–પૈસો આપ્યો નહિ ને ઉપરથી ગાળો દીધી. 'સરદારો' ચિડાયા ને વહોરાજીઓને મારવા લીધા. પાછળથી છોકરાઓએ ધૂળ ઉડાડી. આ 'યુદ્ધ'માં એક વહોરાજીને નરહરિભાઇનો દંડો સખત વાગ્યો ને લોહી નીકળ્યું. વહોરાઓ વીફર્યા ને રાયપુર પોલીસ ચોકીએ ગયા. દરમિયાન છોકરાઓ વેરાઈ ગયા ને બંને નાયકો લાપતા થઇ ગયા! મોટાભાઇ તરીકે હું તેને ખોળવા નીકળ્યો. પણ એ એવો ભરાઈ ગએલો કે તેનો પત્તો જ ન લાગે. ઘેર બધાં ચિંતા કરે. અંતે લાખા પટેલની પોળના નાકે સ્વ. ભોળાનાથ સારાભાઇની હવેલીઓમાં ઊંચા ઓટલાના એક ખૂણામાં બંને લપાએલા, તે પછી બે કલાકે બહાર નીકળ્યા ને ઘેર આવ્યા ત્યારે સૌને શાંતિ વળી.



સત્યાગ્રહ રાષ્ટ્રકારણ અને રાજકારણ
અધ્યાપન અર્થશાસ્ત્ર અને સાહિત્યસેવા
હરિજનોદ્ધાર લોકસેવા ને આશ્રમ-સંચાલન
આદિ ક્ષેત્રોને પોતાના પ્રશાન્ત પ્રતિભા-પારસથી ઉજાળનાર પ્રગલ્ભ ને નિર્મમ જીવનસાધક

આશ્રમજીવન સ્વીકાર્યા પછીના નરહરિભાઇને જોનારને ખયાલ સરખો યે ન આવે કે તેમની જુવાનીમાં અને કૉલેજજીવનમાં તેઓ ફૂલફટાક રહેતા હશે. સુંદર મઝાનાં કપડાં, કાળજીપૂર્વક ઓળેલા વાળ, તે પર કાળી ઊંચી દીવાલની ટોપી, ધોતિયાનો કચ્છ અને પગમાં ચકચકતા બૂટ. સાથે સાઈકલ પણ વસાવેલી. એ જમાનામાં સાઈકલ એ ભાગ્યશાળીની જ સંપત્તિ મનાતી. એ જ રીતે ચા પીવી એ પણ શ્રીમંતાઈનું લક્ષણ ગણાતું! ઈ. ૧૯૦૬માં મૅટ્રિક પસાર કરીને તેઓ કૉલેજમાં ગયા કે તરત ત્યાં અમૃતલાલ સાહેબા અને નરહરિભાઇએ કૉલેજ હૉસ્ટેલમાં ચા બનાવવાની વ્યવસ્થા ઊભી કરી! માધુભાઈ કવીશ્વર અને શેઠ શ્રી અંબાલાલ સારાભાઈ આ 'ટી કલબ'માં ભળ્યા. મને યાદ છે તે પ્રમાણે ઈન્ટર પછી બી. એ. થતાં સુધીમાં હૉસ્ટેલની રૂમનું ભાડું અને ચાનું ખર્ચ શેઠ અંબાલાલ આપતા. શ્રી અંબાલાલભાઈ ભળ્યા પછી આ કલબમાં ખાસ 'સ્ટેઈન્સ ટી' દાખલ થઈ અને પછી



માતાપિતાની શીળી ગોદમાં • શૈશવકાળે ભાઈભાંડુ સહિત
ડાબી બાજુથી: શંકરલાલ (ઉ. વ. ૭); પિતાજી દ્વારકાદાસ; ખોળામાં નરહરિભાઇ (ઉ. વ. ૨); માતા કૃષ્ણાબા; તેમના ખોળામાં જેઠીબેન; છેલ્લે બેઠેલાં જેકોર બેન.

તો અમારા ઘરમાં પણ 'સ્ટેઈન્સ'ની ચાનો વપરાશ શરૂ થયો!

અન્યાયનો પ્રતિકાર કરવાની વૃત્તિ તો નરહરિભાઈમાં પહેલેથી જ. તે વખતના ગુજરાત કૉલેજના અંગ્રેજ પ્રિન્સિપલ હર્સ્ટની જોહુકમી સામે બંડ જગાવવામાં તેમણે આગેવાનીભર્યો ભાગ લીધેલો, ત્યારે 'હર્સ્ટ ઈઝ વર્સ્ટ'નો વિદ્યાર્થીઓનો બુલંદ નાદ અમદાવાદમાં જ નહિ પણ ગુજરાતભરમાં ગુંજતો થએલો.

નરહરિભાઈ હોશિયાર વિદ્યાર્થી હોવા છતાં 'ચોપડિયા' નહોતા. વાંચવા જેવું હોયતે કલાક-બે કલાકમાં વાંચી નાખે ને પછી ડાહીનો ઘોડો છુટ્ટો! ક્રિકેટ, ગિલ્લીદંડા અને પતંગનો ભારે શૉખ. જે મકાનમાં અમે રહેતા તેનો પાછલો ત્રીજો માળ ઠીક ઠીક લાંબોપહોળો હતો. ત્યાં દીવાલ ઉપર લાલ ચાકથી સ્ટંપ ચીતરવામાં આવતા અને નાના બૅટ (કોઈક વખત ધોકરણું પણ!) તથા નાના બૉલ સાથે ઘરમાં મેડા પર પણ ક્રિકેટ રમતા! ત્યાર બાદ જુદી-જુદી પોળો સાથે મૅચો રમાવી શરૂ થઈ અને પછી એ પરંપરા હાઈસ્કૂલ અને કૉલેજમાં પણ ચાલુ રહી.




ડાબી બાજુ: જે. મો. પરીખ (જેઠાલાલ કાકા) જે પાછળથી વિલાયત જઇને બૅરિસ્ટર થઈ ત્યાં જ સ્થાયી થયા અને જે. એમ. પરીખ તરીકે જાણીતા થયા; જમણી બાજુ: તેમના મિત્ર રા. બ. ચુનીલાલ સેતલવડ
(ફોટો • તા. ૨૫-૧૦-૧૮૯૨)

પતંગનો શૉખ પણ જેવોતેવો નહિ. ઉત્તરાયણના કેટલા ય દિવસ પહેલાંથી તેની તૈયારી શરૂ થતી. દોર પણ જાતે જ પિવડાવવાનો. આશ્રમમાં દાખલ થયા પછી પણ પતંગ પ્રત્યેનો અનુરાગ ઓછો નહિ થએલો, અને ચિ૦ મોહન પતંગ ચડાવતો હોય તો નરહરિભાઈ ક્વચિત 'લાવ મોહન, ચગાવી આપું' એમ કહીને પતંગનો આસ્વાદ માણી લેતા!

ગિલ્લીદંડાનો પણ એવો જ શૉખ. શાળા કે કૉલેજમાંથી ઘેર આવી, નાસ્તો કરી, તરત ગિલ્લીદંડા હાથમાં લીધાં જ હોય. આ રમત એક વખત ભારે પડી. બન્યું એવું કે અમારી પડોશમાં નરહરિભાઇના એક સહાધ્યાયી મનુભાઈ મહેતા રહેતા હતા. એક વખત ગિલ્લીદંડાની રમત ચગી હતી ને નરહરિભાઈ દાવ લેતા હતા, તેમાં સમમમ્ કરતી ગિલ્લી જે છૂટી તે મનુભાઈની આંખ પર! રંગમાં ભંગ પડયો. રમત અધૂરી રહી. બી. એ.નું છેલ્લું વર્ષ. દવાદારૂ ને ઉપચાર કરવા છતાં આંખ બરાબર સુધરી નહિ ને યુનિવર્સિટી-પરીક્ષા આવી ત્યાં સુધી આંખની પીડાને કારણે મનુભાઈ વાંચી શકેલા નહિ! મનુભાઈના એક જ્ઞાતિબંધુ મુંબાઈની ગોકુળદાસ તેજપાલ હૉસ્ટેલમાં રહીને ભણે. તેઓ પણ છેલ્લા વર્ષમાં. મનુભાઈ અને નરહરિભાઈ પરીક્ષા આપવા મુંબાઈ ગયા ત્યાં આ ત્રિપુટીને લાગ્યું કે મનુભાઈનું વર્ષ બગડે એ તો ઠીક નહિ. પછી તો મહાદેવભાઈ અને નરહરિભાઇએ કમર કસી. બંને મળીને અગત્યના પ્રશ્ન અને પુસ્તકો મનુભાઇને વાંચી સંભળાવે ને મનુભાઈ ચક્ષુને બદલે કર્ણ દ્વારા આ બધું મગજમાં ઉતારે. આમ મનુભાઇને પરીક્ષા માટે તૈયાર કર્યા. ત્રણે મિત્રો પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થાય એવા હોશિયાર હતા, પરંતુ મનુભાઇને અભ્યાસ કરાવવાનો હોવાથી મહાદેવભાઈ તથા નરહરિભાઇનો બીજો વર્ગ આવ્યો ને મનુભાઈ ત્રીજા વર્ગમાં પાસ થયા. પણ ઈશ્વરકૃપાથી આ 'ત્રિપુટી'એ બી. એ.માં સફળતા મેળવી (ઈ. ૧૯૧૧) એ તેમનાં કુટુંબીજનો માટે પરમ આનંદનો વિષય હતો.

બી.એ. થયા બાદ વધુ અભ્યાસનો પ્રશ્ન અમારી સૌની મંત્રણાનો વિષય થઈ પડયો. બે પેઢીથી વકીલાતની સનદ કુટુંબમાં સુકાઇ નહોતી, એટલે વડીલોમાં બાએ કાકીએ તેમજ મેં, નરહરિભાઈ વકીલ થાય એવી ઇચ્છા દર્શાવી. આ માટે એમણે મુંબાઈ રહી અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો. એ હેતુ પાર પાડવા તેઓ તથા તેમના બે સન્મિત્રો



જમણી બાજુ-ત્રણ વડીલો: પિતા તથા કાકા (૧) વકીલ દ્વારકાદાસ મોતીલાલ (પિતા) વડોદરા રાજ્યના સનદી વકીલ; (૨) કાકા જેઠાલાલ મોતીલાલ બૅરિસ્ટર થવા લંડન જતાં પહેલાં; (૩) વકીલ કેશવલાલ મોતીલાલ (કાકા) અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટ પ્લીડર

(ફોટો · તા. ૨૫-૧૦-૧૮૯૨)



નીચેની છબિ

ત્રણ ભાઇઓ ૧૯૦૭માં: જમણી બાજુ ખુરશીમાં મોટાભાઈ શંકરલાલ; વચ્ચે ઊભેલા નરહરિભાઈ; નીચે બેઠેલા સૌથી નાના ભાઈ ગિરધારીભાઇ. (ડાબી બાજુ ખુરશીમાં શ્રી બાપુજી રતનજી)

અંબાલાલ લખિયારા તથા માધુભાઇ કવીશ્વર સહકુટુંબ મુંબાઈ જઈ રહ્યા ને પ્રિન્સેસ સ્ટ્રીટના નાકા ઉપર તે સમયે ડી. ડી. (દ્વારકાદાસ ધરમસિંહ)ના નામથી ઓળખાતા, તરતના બંધાવેલા ભવ્ય મકાનમાં ત્રીજે માળે ત્રણ રૂમો રાખી ત્રણે મિત્રોએ વાસ કર્યો.

નરહરિભાઇએ વિદ્યાભ્યાસ સાથે નોકરી પણ સ્વીકારી.અમારા કુટુંબના એક સંબંધી શ્રી ધીરજલાલ પી. શ્રોફ (બાર-ઍટ-લૉ), એશિયન ઈન્સ્યોરન્સ કં.ના મૅનેજિંગ એજંટ હતા. તેમની સહાનુભૂતિથી માસિક રૂા. ૭૫ની નોકરી તરત જ મળી, અને આમ નોકરી સાથે અભ્યાસ ચાલુ રાખીને પ્રથમ એલએલ.બી.માં ઉત્તીર્ણ થયા. એ દરમિયાન જે મકાનમાં રહેતા હતા તે મકાન ત્રણે મિત્રોને ફાવ્યું નહિ, તેથી સાન્ટાક્રુઝમાં એક સદ્‌ગૃહસ્થનો બંગલો ભાડે રાખી ત્રિપુટી ત્યાં રહેવા લાગી. મકાન-માલિક એક વયોવૃદ્ધ ભાટિયા ગૃહસ્થ હતા. બંગલાનું ભાડું માસિક રૂા. ૫૦) ગણાય, છતાં વિદ્યાર્થીઓને સહાયભૂત થવાની દૃષ્ટિથી ફક્ત માસિક રૂા. ૨૫)ના ભાડાથી તેમણે બંગલો ભાડે આપ્યો, અને આ મકાનમાં રહી એ ત્રણે મિત્રોએ એકીસાથે (ઈ. ૧૯૧૩માં) પાસ થઈ વકાલતની સનદ મેળવી.

મહાદેવભાઈ દેસાઇ પણ તે જ વર્ષમાં એ ત્રણેની સાથે એલએલ.બી. થએલા. એમની સાથે નરહરિભાઈનો પ્રથમ પરિચય મનુભાઇને આંખે ગિલ્લી વાગેલી તે પ્રસંગથી થએલો; ને સમાનેષુ સખ્યમ્‌ને ન્યાયે, બંનેના શૉખ ને વિચારો મળતા આવતા હોવાથી, એ મિત્રતાની ગ્રંથિ દિનપ્રતિદિન ગાઢ બનતી ગઈ. મહાદેવભાઈના પિતા મુ. હરિભાઈકાકા તે વખતે અમદાવાદના મહાલક્ષ્મી સ્ત્રી-અધ્યાપનમંદિરમાં મુખ્ય આચાર્ય હોવાથી મહાદેવભાઈ પણ વકાલતની સનદ મેળવીને અમદાવાદ આવીને રહ્યા ને સાંકડી શેરીમાં સદમાતાની પોળ પાસે મકાન ભાડે રાખી રહેવા લાગ્યા. ત્યારથી નરહરિભાઇ ને મહાદેવભાઈ વધારે નજદીક આવ્યા અને એકબીજાને ઘેર થતી આવ-જાને કારણે પછી તો કૌટુંબિક સંબંધ પણ ઘનિષ્ઠ બન્યો.

નરહરિભાઇને સૌથી પહેલો કેસ શેઠ લાલભાઈ ત્રિકમલાલની લાલ મિલનો મળ્યો, અને એ પ્રથમ કેસમાં જ એમને જે સફળતા મળી તેથી આકર્ષાઇને અમદાવાદના અગ્રણી વકીલ મૂળચંદ આશારામ જેઓ અમારા વડીલ કાકાશ્રી કેશવલાલ મોતીલાલ સાથે વકાલતના ધંધાને અંગે ખૂબ નિકટનો સંબંધ ધરાવતા હતા, તેમણે પોતાની પાસેના નાનાનાના કેસોમાં નરહરિભાઈનું વકાલતનામું મૂકવાની શરૂઆત





નરહરિભાઇ ૧૯૧૧માં મિત્ર (સ્વ.) મનુભાઈ મહેતા સાથે—જેમને નરહરિભાઈથી ગિલ્લી વાગ્યાનો ચરિત્રકથામાં ઉલ્લેખ છે તે.
જમણી બાજુ: 'બાંધવ-બેલડી' શંકરલાલ દ્વા. પરીખ તથા નરહરિ દ્વા. પરીખ (ફોટો: ૨૮ ઑગસ્ટ ૧૯૫૨)

કરી. કોઈ પણ પ્રશ્નમા ઝીણવટથી ઊંડા ઊતરવાની અભ્યાસી વૃત્તિ અને પોતાના લખાણની શૈલીથી નરહરિભાઇએ મૂળચંદભાઈની સારી પ્રીતિ સંપાદન કરી લીધી. પાછળથી દી. બ. હરિલાલ દેસાઈભાઈ દેસાઈ તેમજ સર રમણભાઈ નીલકંઠે પણ એમને કામ આપવા માંડયુ. આમ એમને કામ મળતું ગયું ને કોર્ટના કામકાજથી વાકેફ થતા ગયા.




ગ્રૅજ્યુએટ નરહરિભાઈ ૧૯૧૨માં સ્નાતક થયા ત્યારે

૧૯૧૪માં નરહરિભાઈ વકીલ થઇને આવ્યા તે અરસામાં હું ક્ષયની ગંભીર માંદગીમાંથી બચી આણંદની આઇરિશ મિશન ઑસ્પિટલમાંથી તબિયત સુધારીને કઠલાલ રહેવા આવ્યો હતો. મારા કઠલાલના નિવાસ દરમિયાન સ્વ. મોહનલાલ કામેશ્વર પંડ્યા અમારા કુટુંબના નિકટના સંબંધી તરીકે મારા પર ઘણો પ્રેમ અને ભાવ રાખતા. દેશની દાઝ અને સમાજસેવાની ભાવના એ બેને કારણે અમે બને એકબીજાની ખૂબ નજીક આવેલા. સ્વ. પંડયાજી તે વખતે વડોદરા રાજ્યના ખેતીવાડી વિભાગના અધિકારીપદેથી રાજીનામું આપી ઘેર આવેલા. ત્યારે બ્રિટિશ સરકારની તેમના પર ખૂબ કડક અને લાલ આંખ હતી, કારણ કે તેઓ 'દેશી વનસ્પતિની દવાઓ' નામની પેલી પ્રખ્યાત ચોપડીના લેખક હોવાનો સરકારને વહેમ હતો—જેમાં 'દવા'ને બદલે સ્ફોટક 'બૉમ્બ' બનાવવાની જ વાતો લખેલી હતી! આથી આ ક્રાંતિકારી સામે સરકાર ચાંપતી નજર રાખતી. શાંતિ અર્થે અને મુક્ત મને વાતો કરવા અમે રોજ નદીકિનારે દૂર સુધી ફરવા જતા અને ત્યાં બેસતા. સ્વાતંત્ર્યના જુસ્સાથી ઊભરાતા પંડયાજીએ ત્યારે 'કર્મવીર ગાંધી અને 'ગોખલે જીવનચરિત્ર'ના બે ભાગ લખ્યા હતા. નદીકિનારે બેસી આ લખાણો હું વાંચતો ગયો અને સુધારતો ગયો. આ સુધારેલી હસ્તલિખિત પ્રતો નરહરિભાઈના હાથમાં આવતાં, એમણે પણ ક્યાંકક્યાંક કલમ અજમાવી. આ ત્રણે પુસ્તકો સ્વ. જીવણલાલ વ્રજરાય દેસાઇએ 'રાષ્ટ્રીય સાહિત્ય પ્રકાશન' તરફથી પ્રકાશિત કર્યાં હતાં.

આમ આ લખાણોને નિમિત્તે થએલો નરહરિભાઇનો પંડયાજી સાથેનો પરિચય દિનપ્રતિદિન વધતો ગયો. પંડયાજી પર પોલીસનો જાપતો રહે એ અમને સૌને ખૂંચતું હતું તેથી આ 'નજરબંધી'માંથી એમને મુક્ત કરવા, અમારા ઘનિષ્ઠ સંબંધી સ્વ. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી (બૅરિસ્ટર-ઍટ-લૉ)ને પંડયાજીનો કેસ તૈયાર કરવાનું સોંપ્યું. તેને માટેના મુદ્દા તથા મુસદ્દાની નોંધો નરહરિભાઇએ જ લખી તૈયાર કરી ને તે ઉપરથી જ સ્વ. દેરાસરીકાકાએ એક 'પીટીશન' તૈયાર કરીને ઇંગ્લંડમાં વકાલત કરતા અમારા કાકા સ્વ. જેઠાલાલ મોતીલાલ પર મોકલી આપી. તેમણે સર વિલિયમ વૅડરબર્નની મદદથી

પંડ્યાજી પરનો પોલીસનો કડક જાપતો હળવો કરાવ્યો.

અમદાવાદમાં કામેશ્વરની પોળમાં અમે રહેતા ત્યાં મહેમાનોની અવરજવરને કારણે હવે મકાન સાંકડું પડવા લાગ્યું. નરહરિભાઈની ઇચ્છા કોઈ વિશાળ મકાન રાખવાની હતી, જ્યાં ઑફિસ પણ સાથે જ રાખી શકાય. આ દૃષ્ટિથીઅમે મકાન બદલ્યું અને પંડ્યાજીને પણ જોડેના જ મકાનમાં રહેવાની સગવડ કરી આપી. ત્યાં મહાદેવભાઈ પણ રાત્રે વાળુ કરી આવતા. એ સખ્યના સમયનો સદુપયોગ કરતાં તેમણે અને નરહરિભાઇએ બંગાળી ભાષાનો અભ્યાસ કરવાનું વિચાર્યું.. બંનેએ મળી ડૉ. રવીન્દ્રનાથ ટાગોરનાં બંગાળી પુસ્તકો ભેગાં કર્યાં ને સાથેસાથે એ પૈકી જેનાં અંગ્રેજી ભાષાંતરો હતાં તે પણ મેળવ્યાં. આમ કરીને કોઈની પણ મદદ વિના ટાગોર જેવા મહાન લેખક ને તત્ત્વચિંતકનો સ્વાશ્રયથી સ્વાધ્યાય શરૂ કર્યો! એ સિદ્ધ કરીને પછી બંનેએ મળી ટાગોરના નાટક 'ચિત્રાંગદા'નું ગુજરાતીમાં ભાષાંતર કર્યું અને પ્રજાબંધુ પ્રેસમાં છપાવ્યું. આમ ભાષાંતરકાર કે લેખક તરીકે એ બંને મિત્રોનું એ પહેલું પ્રસ્થાન હતું, અને તે એટલું સફળ નીવડયુ કે ઊગતા લેખકો તરીકે સાહિત્ય-વર્તુલમાં બંનેને તરત સ્થાન મળ્યું.



વકીલ નરહરિભાઈ • ૧૯૧૪માં ૨૩ વર્ષની વયે વકાલત શરૂ કરી ત્યારે

ઈ.સ. ૧૯૧૫માં પૂ. ગાંધીજી તથા કસ્તૂરબા અમદાવાદ આવ્યાં અને શેઠ શ્રી અંબાલાલ સારાભાઈના મીરઝાપુરના 'શાંતિસદન' બંગલામાં નિવાસ કર્યો, તેને બીજે જ દિવસે નરહરિભાઈ પોતાના કેટલાક વકીલ મિત્રો સાથે ગુજરાત ક્લબમાંથી ઊઠી ગાંધીજીની મુલાકાતે ગયા. ત્યાં નરહરિભાઇનો પરિચય કરાવતાં સોમાભાઈ દેશીએ કહ્યું કે 'વિલાયતમાં જે. એમ. પરીખ છે, તેમના આ ભત્રીજા થાય.' ગાંધીજી આ જાણીને બહુ આનંદમાં આવી ગયા અને કસ્તૂરબા બીજા ખંડમાં હતાં ત્યાંથી તેમને બોલાવી, નરહરિભાઇનો એ રીતે પરિચય કરાવ્યો; કેમકે મહાત્માજી આફ્રિકાથી આવતાં પહેલાં લંડન ગએલા ત્યારે સ્વ. જેઠાલાલકાકા તેમના પરિચયમાં આવેલા ને તેમને કૈંક મદદરૂપ પણ થએલા, ને એ સ્મરણો ગાંધીજી તથા કસ્તૂરબાને તાજાં હતાં! આમ ગાંધીજીને નરહરિભાઇનો સૌપ્રથમ પરિચય જેઠાલાલના ભત્રીજા તરીકે થયો...

તેમના બાલ્ય તથા વિદ્યાર્થીવય વખતની, તેમના વડીલ બંધુ શ્રી શંકરલાલ દ્વારકાદાસ પરીખે લખેલી ઉપર્યુક્ત પરિચયરેખા પછી હવે આપણે તેમના કર્મજીવનનો પરિચય કરીએ.

દક્ષિણ આફ્રિકામાં પોતાનું કાર્ય પૂરું કરી 'ગાંધીસાહેબ'(ત્યારે એ નામથી ઓળખતા) હિંદુસ્તાન આવીને અમદાવાદને પોતાની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું અને રાષ્ટ્રોત્થાનના એ સમુત્ક્રાંતિકાળે એમના પ્રવૃત્તિયજ્ઞની વેદિ ગુજરાતની ભોમ બની, ત્યારે સૌપ્રથમ, અશ્વિનીકુમારની જોડી જેવા નરહરિભાઇ ને મહાદેવભાઈ ગાંધીજીને મળ્યા. મહાદેવભાઇને ગાંધીજી પાસે લાવવાનું (અનુસંધાન પૃષ્ઠ ૨૦૩મે)



↓ નરહરિભાઈ ૧૯૩૭માં ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર હતા ત્યારે પંડિત જવાહરલાલજી વિદ્યાપીઠની મુલાકાતે આવ્યા તે સમયનો ફોટો; ડાબી બાજુથી: સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ, પંડિત નેહરુ, શ્રી જેઠાલાલ ગાંધી, શ્રી નરહરિભાઈ, સ્વ. અર્જુન લાલા.

મરાઠી વાર્તા

# સો રૂપિયાની નોટ

મૂળ લેખક : દી. ભા. મોકાશી
અનુવાદક
ગુણવંત છો. શાહ



જે દિવસે સવારના પહોરમાં મારી નાની બેબી રડે છે તે દિવસે ગમે ત્યાંથી કોઇક મહેમાન અમારે ત્યાં ટપકી પડે છે, એવો મારો હમેશાંનો અનુભવ છે. આ અનુભવ શ્રીમતીજીને મેં ઘણી વાર કહ્યો છે, પણ તેને એ ઉપર વિશ્વાસ નથી બેસતો. જ્યારેજ્યારે હું તેને આ વાત કરું ત્યારે એને તે હસીને ઉડાવી દે છે. આમ જુઓ તો મારી બધી વાતમાં તેને મજાક જ દેખાય છે. લગ્ન કર્યાંને દસ વર્ષ થઈ ગયાં છતાં તેને આવું લાગે તો એમાં કાંઈક તથ્ય હશે એમ મને લાગે છે.

તે દિવસે પણ વહેલા મળસ્કે અમારી બેબી રડતી રડતી જાગી ગઈ. મેં કહ્યું, 'આજે ચોક્કસ કોઇક મહેમાન આવશે.'

ઊંઘ બગડવાના કારણે શ્રીમતીજી નાખુશ થઈ ગઈ હતી. ચિડાઇને કહ્યું, 'તમને એક આ જ મશ્કરી આવડે છે! હવે તો એમાં હસવું ય નથી આવતું. છોકરીને તરશ લાગી હશે, કાં તો કીડીએ ચટકો ભર્યો હશે; એમાં મહેમાન ક્યાંથી આવવાનો હોય?'

'મહેમાન અને મુસીબતો કદી અગાઉથી ખબર કરીને આવે છે ખરાં?' તેને હસાવવા ખાતર મેં કહ્યું. પણ તે હસી નહિ. હું ચૂપ થઇ ગયો. તેણે બેબીને પાણી પિવડાવ્યું. પાણી પીતાં જ તે છાની રહી ગઇ ને થોડી વારે ઊંઘી ગઇ. પત્નીએ બત્તી બંધ કરી ને તે પણ ઊંઘવા લાગી. અંધારામાં હું છતનાં પીઢિયાં ગણવા લાગ્યો.

હજી બે-ચાર મિનિટ પસાર નહિ થઇ હોય ત્યાં તો કોઇકે દરવાજાની સાંકળ ખખડાવી. હું એકદમ ઊઠ્યો, બત્તી કરી અને દરવાજો ખોલ્યો. બહાર જોયું તો મહેમાન!

આ મહેમાન મારી શ્રીમતીજીના મામા હતા. દરેક મનુષ્યનો પોતાનો એક નિરાળો શૉખ હોય છે. આ વૃદ્ધજનને રાતના મુસાફરી કરવાનો ને કસમયે લોકોનાં બારણાં ખખડાવવાનો ગજબનો શૉખ છે.

મામાજીની બૅગ અને બિસ્તરો મેં અંદર મૂક્યાં. અંદર આવતાં જ તેમણે પોતાનો લાંબો કોટ અને પાઘડી ઉતારીને ખીંટી ઉપર લટકાવ્યાં અને 'હા...શ' કરીને મુંબાઈની આબોહવાને વખોડવા લાગ્યા.

મામાને જોઇને મારી પત્ની તરત ઊઠી ગઇ. મામાના ઉગ્ર સ્વભાવથી તે હજી પણ ડરતી હતી. એટલે તે જલદી જલદી મામાની સૂવાની વ્યવસ્થા કરવા લાગી. હું તેને સહકાર આપવા લાગ્યો.

મેં એક રેડિયો ઉઠાવીને ટેબલ ઉપર મૂકી દીધો; બીજો ટેબલ નીચે સરકાવી દીધો; ત્રીજાને ચોથાની ઉપર મૂકી દીધો...જી હા, હું રેડિયો-રીપેરિંગનું કામ કરું છું. બે ઓરડીવાળા અમારા ઘરમાં, ગૃહિણીએ એકમાં રસોડું બનાવ્યું છે અને બીજામાં મેં મારી રેડિયોની દુકાન બનાવી છે. મારી ઓરડી દિવસે વર્કશૉપ બને છે ને રાત્રે શયન-ગૃહ. એટલે રેડિયોને આડા-અવળા મૂકીને મામાજીને સૂવા માટેની વ્યવસ્થામાં મારી પત્નીને સહકાર આપવો પડ્યો. પથારી તૈયાર થતાં જ તે સૂઇ ગયા ને બે-ચાર વાર ભગવાનનું નામ લઇને ઊંઘી પણ ગયા.

પણ મારી ઊંઘ ઊડી ગઇ હતી. મહેમાન આવ્યા હતા એટલા માટે નહિ, પણ કાલે રાતે અમારી વચ્ચે જે વિવાદ થયો હતો એનું મને સ્મરણ થઈ આવ્યું હતું. રાત્રે જ્યારે બેબી ઊંઘી ગઈ ત્યારે પત્નીએ દૂધવાળાનું, વાણિયાનું અને એવાં બીજાં બિલ મારી સામે મૂક્યાં. આ બધા લેણદારો સાથે તેને જ સંબંધ રાખવો પડતો એટલે તે ચિડાઈ જાય એ સ્વાભાવિક હતું. પણ હું ય વિનાકારણ ચિડાઈ ગયો. ગુસ્સામાં ને ગુસ્સામાં મારા મુખમાંથી કઠોર શબ્દ નીકળી ગએલા.

હું વિચારવા લાગ્યો કે પૈસાની આ ખેંચને કેવી રીતે પહોંચી વળવું. જેમની જેમની પાસે મારે પૈસા લેણા હતા તેમનાં નામ હું સંભારવા લાગ્યો, પણ તાત્કાલિક પૈસા મળી જાય એવું કોઈ યાદ આવ્યું નહિ. એટલે ગઈ કાલે જ એક ઍમ્પ્લીફાયરનો ઑર્ડર મળેલો એમાંથી કાંઇ મળી શકે ખરું કે નહિ એનો વિચાર કરવા લાગ્યો. ઍમ્પ્લીફાયર અર્ધું તો તૈયાર થઇ ગયું હતું, પણ એને પૂરું કરવા માટે હજી સો રૂપિયાની જરૂર હતી. એ પૂરું થતાં જ ગ્રાહક રોકડા પૈસા આપવાનો હતો, જેમાંથી રેડિયોનો એક બીજો ઑર્ડર પૂરો કરી શકાય તેમ હતું. તેના પૈસામાંથી એક મોટું ઍમ્પ્લીફાયર તૈયાર થઈ શકે એમ હતું ને એ ઍમ્પ્લીફાયરનો ગ્રાહક મારી પાસે અત્યારથી તૈયાર હતો. આ ત્રણ કામમાંથી જે પૈસા મળે એનાથી બધાં બિલ ચૂકતે થઈ શકે એમ તો ન હતું, છતાં દરેકને કૈંક ને કૈંક ચૂકવી થોડોક વખત રોકી શકાય તેમ હતું.

હું ક્યારે ઊંઘી ગયો એ મને યાદ નથી, પણ જ્યારે આંખો ઊઘડી ત્યારે સૂરજ ઊગી નીકળ્યો હતો, ને મામાજી સ્નાન વગેરે પતાવી બહાર જવા માટે કપડાં પહેરતાં પહેરતાં મારી પત્નીને કહેતા હતા : 'એને સૂવા દે! હું મારા કામે જાઉં છું. બપોરે હું જમવા નહિ આવું. બહાર જ ક્યાંક ખાઈ લઈશ. બધું કામકાજ પતાવીને રાત્રે જ આવીશ અને રાતોરાત ચાલ્યો જઈશ.'

'કાંઇ નહિ તો રાત્રે તો અહીં જમજો!' શ્રીમતીજીએ આગ્રહ કર્યો.

'ભલે, રાત્રે અહીં જમીશ. નવ વાગ્યા સુધીમાં આવી જઈશ. અને હા, ખિસ્સામાં થોડા પૈસા વધારે છે. એટલા બધા સાથે રાખવાની જરૂર નથી. આ સો રૂપિયાની નોટ તારી પાસે રાખ. રાત્રે લઈ લઈશ. મુંબાઈમાં ખિસ્સાકાતરુની બહુ બીક રહે છે.'

અત્યાર સુધી હું ઊંઘના ઘેનમાં મામાજીની વાતો સાંભળી રહ્યો હતો. પણ સો રૂપિયાનું નામ સાંભળતાં જ મારી ઊંઘ સાવ ઊડી ગઇ! બહુ વિચિત્ર યોગાનુયોગ હતો! મને સો રૂપિયાની જરૂર હતી. મામાજીના આ સો રૂપિયા આજ સાંજ સુધી મળી જાય તો કેવું સારું? રેડિયોનાં ધ્વનિ-મોજાં કરતાં પણ વધુ વેગથી આ વિચાર મારા મનમાં આવ્યો. પણ તરત જ મને વિચાર આવ્યો કે બીજાના પૈસાનો આ રીતે ઉપયોગ કરવો એ બરોબર ન કહેવાય.

હું ફરીથી વિચારવા લાગ્યો. મને થયું : મારી પત્નીએ નોટ જ્યાં મૂકી છે ત્યાં તે આખો દિવસ ધૂળ ખાતી પડી રહેશે. એ કરતાં એ નોટને આખો દિવસ જુદીજુદી જગ્યાની મુસાફરી કરાવીને મામાજી આવે એ પહેલાં હતી ત્યાં ને ત્યાં મૂકી દીધી હોય તો શો વાંધો? એ નોટની ચોરી કરવાનો તો મારો વિચાર નથી જ. ઊલટાનું મેં નાર

ત્યાંથી ઉપાડી છે એની પણ કોઈને ખબર નહિ પડે, અને એ દરમ્યાન મારું બધું કામ પૂરું થઇ જશે: ઍમ્પ્લીફાયર બની જશે, પછી રેડિયોનો ઑર્ડર પણ પૂરો કરાશે ને વળી પાછું ઍમ્પ્લીફાયર બનશે.

બસ, નક્કી કરી નાખ્યું–એ નોટ ઉઠાવીને કામ શરૂ કરી દેવાનું. સવાલ એક જ હતો કે આ વાતની પત્નીને ખબર પડવા દેવી કે નહિ. મેં નિશ્ચય કરી લીધો કે પત્નીને કહ્યા વિના જ નોટ લઈ લેવી. નિશ્ચય થતાં જ હું સિંહની જેમ બેઠો થઈ ગયો, હરણ જેવી તેજ ગતિથી સવારનું કામ આટોપી લીધું ને બહાર જવાની તૈયારી કરવા લાગ્યો.

આ બધું કામ કરતી વખતે મારું ધ્યાન એમાં જ હતું કે પેલી નોટ કેવી રીતે હાથ કરવી. અંતે જ્યારે પત્ની સગડી પાસે જઈને કૈંક કરવા લાગી ત્યારે મોકો મળી ગયો. જે અભરાઈમાં નોટ મૂકેલી ત્યાં હું બિલ્લીની જેમ ચૂપકીથી ગયો ને એક ક્ષણમાં તપેલી નીચેથી નોટ સરકાવી ખિસ્સામાં મૂકી દીધી, ને પાછળ ફર્યો—જોઉં છું તો શ્રીમતીજી બારણામાં ઊભી ઊભી મારી આ ચાલાકી જોઇ રહી હતી!

પળભર તો હું પાણી-પાણી થઇ ગયો. બીજી જ પળે લાચારીભર્યું હાસ્ય મોં ઉપર લાવીને હું આગળ વધ્યો. તેની આંખમાંથી નીકળતી ધમકીની દરકાર કર્યા વિના મેં કહ્યું, 'મોંમાંથી એક શબ્દ પણ નહિ કાઢતી. સાંજ સુધીમાં આ નોટ અહીંઆ પાછી આવી જશે.'

આટલું કહીને તેને એક શબ્દ પણ બોલવાનો અવસર આપ્યા વિના હું બૂટ પહેરીને બહાર નીકળી ગયો. સવારનો સમય ને હાથમાં પૈસા! મને બધું સુખ ને આનંદથી ભર્યુંભર્યું લાગ્યું.

રાતના નવ વાગ્યે મામાજી પાછા આવવાના હતા. એ પહેલાં ઍમ્પ્લીફાયરનો સઘળો સામાન ખરીદીને, તેને તૈયાર કરીને વેચીને પછી પેલી નોટ હતી ત્યાં ને ત્યાં મૂકી દેવી એ જરૂરનું હતું. એટલે એક કલાકમાં તો મેં બધી વસ્તુ ખરીદી લીધી ને જમવાના સમય સુધીમાં તો ઍમ્પ્લીફાયર તૈયાર કરી નાખ્યું. એ પછી હું જમ્યો. જમતી વખતે શ્રીમતીજીએ સંભારી આપ્યું: 'સોની નોટ બરોબર વખતસર અભરાઇમાં આવી જવી જોઈએ. નહિતર મામાને હું મોં નહિ બતાવી શકું.'

મેં કહ્યું, 'અરે, તું જો તો ખરી! એક કલાકમાં તપેલી નીચેથી તારી નોટ તું લઈ લેજે, પછી છે કાંઈ?' જમી લીધા પછી મેં ફરીથી એક વાર ઍમ્પ્લીફાયરનો ટેસ્ટ કર્યો, કોટ પહેર્યો અને મજૂરને બોલાવવા નીકળ્યો. જતી વખતે મેં પત્નીને ફરીથી કહ્યું, 'તું જરા પણ ફિકર કરતી નહિ. અરધા કલાકમાં તો નોટ હતી ત્યાં ને ત્યાં આવી જશે.'

બહાર જવા માટે હું બારણું ખોલતો હતો ત્યાં જ બહારથી સાંકળ ખખડી. અમે બંને ચોંકી ઊઠયાં. થયું કે ઓચિંતા આવવાની ટેવવાળા મામાજી અત્યારે પણ ઓચિંતા જ આવ્યા કે શું?! બારણું ખોલી જોયું તો મારો એક મિત્ર ઊભો હતો. તેનું મોં ઊતરેલું હતું ને ચહેરા પર ચિંતાનાં ચિહ્ન સ્પષ્ટ જણાતાં હતાં. મેં પૂછયું, 'કેમ શું થયું છે?'

'એ બધું પછી. પહેલાં આજનાં તારાં ગમે તેવાં મહત્ત્વનાં કામ અટકાવી દેવાં પડશે.' તે બોલ્યો. મેં કહ્યું, 'જો ભાઈ, આજે કાંઈ નહિ બને. માફ કરજે. કાલે તું મને સાતમા માળેથી કૂદવાનું કહીશ તો એ પણ કરીશ, પણ આજે હું બિલકુલ લાચાર છું.'

મિત્રે આજીજીપૂર્વક કહ્યું, 'અરે, પણ તું મારા માટે ચાર કલાક પણ નહિ કાઢી શકે? આજે મારાં લગ્ન છે. એમાં સહેજ ગોટાળો થઈ ગયો છે, એટલે તારી પાસે આવ્યો છું. તારા સિવાય આ કામ નહિ થાય.'

શ્રીમતીજી અંદર ઊભીઊભી અમારી વાત સાંભળતી હતી. મનમાં વિચાર આવ્યો: દરેક વસ્તુ આપણી યોજના પ્રમાણે ક્યારે પૂરી થાય છે? પણ મારી પત્નીને મારો આ વિચાર ગમશે? એ જો ભવાં ચડાવશે તો મારો વિચાર પણ ઊંચો ચડી જશે. અને જો હું લગ્નમાં ચાલ્યો જાઉં તો પછી પેલી નોટ એની અસલ જગ્યાએ ક્યાંથી આવે? ને એ નોટ આવ્યા પહેલાં મામાજી આવી જાય તો? એટલે મેં મિત્રને કહ્યું: 'આજે તો તું મને માફ કર! આજે મને જરાય વખત નથી. લગન-બગન...'

એકાએક હું અટકી ગયો. મારા વર્તન પર મને શરમ આવવા લાગી. મેં વિચાર્યું: શું મારામાં આટલી ય માણસાઈ નથી? હું શું એટલો બધો સ્વાર્થી બની ગયો કે હું મારા મિત્ર પ્રત્યે પણ બેપરવા થઈ ગયો? આમ જુઓ તો પૈસામાં છે શું? કૂતરા સામે રૂપિયા મૂકો–શું તે એને ખાશે? ફક્ત સો રૂપિયા ખાતર હું મારા મિત્રનું દિલ દુભાવીશ? લગ્નનો પ્રસંગ વ્યક્તિના જીવનમાં કેવો વિરલ હોય છે! પેલી નોટનું પછી જોયું જશે.

મેં મિત્રનો હાથ પકડી લીધો અને બોલ્યો, 'કહે, શું કરવાનું છે?' તેણે જે કહ્યું એનો સાર હતો: સરલા નામની તેની એક મિત્ર સાથે લગ્ન કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. બંનેનાં મા-બાપને આ સંબંધ પસંદ ન હતો, એટલે તેમની અનુમતિ લીધા વિના જ લગ્ન કરી નાખવાનો તેમણે નિર્ણય કર્યો હતો. એ માટે જ તેને મારી મદદની જરૂર હતી. બે-ચાર મિત્રોની સાક્ષી વચ્ચે વૈદિકવિધિથી લગ્ન કરી લેવાનું હતું.

તેનો આ વિચાર મને સોએ સો ટકા પસંદ પડ્યો. મારી પસંદગી પણ મેં તેને કહી દીધી. તેણે ખૂબ પ્રેમથી હાથ દબાવતાં કહ્યું, 'તો પછી ચાલ, જલદી કર. હવે એક પણ મિનિટ ખોઇ શકાય તેમ નથી.'

શ્રીમતીજીની આંખોનો સામનો કરવાની હિંમત મારામાં નહોતી, એટલે મિત્રની સાથે બહાર જતી વખતે તેની સામે જોયા વિના જ મેં કહ્યું: 'પાંચ વાગ્યા સુધીમાં હું જરૂર પાછો આવી જઈશ. એ પછી હું પેલું કામ પતાવી દઈશ.'

બેફિકર થઇને હું મિત્રની સાથે બહાર નીકળી તો ગયો, પણ મનમાં ફફડાટ હતો. મારા મનની આ સ્થિતિ પુરોહિત મળ્યા ત્યાં સુધી ચાલતી રહી. તેની સાથે પાંચ વાગ્યાનું મુહૂર્ત નિશ્ચિત કર્યું અને પછી બીજી વાતોનો પ્રબંધ કરવામાં હું એવો તો ફસાઈ ગયો કે પત્ની કે નોટનો વિચાર પણ મારા મનમાં ન ઘૂસી શક્યો.

વધૂને લગ્ન-સ્થળ સુધી લઈ જવાની જવાબદારી પણ મારા પર આવી પડી. આખો મામલો સંતાકૂકડીનો હતો. વધૂની સહેલી સાથે તેને સંદેશો મોકલ્યો અને સ્ટેશન ઉપર હું તેની રાહ જોતો ઊભો.

કોઈ યુવતીની રાહ જોવાની મારી આદત ઘણા દિવસથી છૂટી ગઈ હતી, એટલે એ બધું મને કંઈક વિચિત્ર લાગતું હતું. પરંતુ મારી ધીરજ ખૂટે એ પહેલાં જ એ યુવતી આવી ગઇ. સ્ટેશનમાં દાખલ થતાં પહેલાં તેણે ચોપાસ ગભરાએલી નજર દોડાવી. તેના એ ડરે મારા મનમાં પણ પ્રવેશ કર્યો. આવા લગ્નમાં મદદ કરવાનો નતીજો શો આવે એ તો હજી સુધી મારા ખયાલમાં જ નહોતું આવ્યું! મેં તેને પૂછ્યું: 'ઘરના લોકોને ખબર પડી ગઈ છે કે શું?'

'એવું નથી, પણ હમણાં મારા પર કડક નજર રખાય છે.'

ગાડીમાં અમે બંને સલામતરીતે બેસી ગયાં. બે સ્ટેશન પસાર થઈ ગયાં. લોકો ચડતા'તા ને ઊતરતા'તા. એવામાં એક તરફ ઇશારો કરીને તે બોલી: 'પેલા જે ઘરડા સજ્જન બેઠા છે ને, એ મારા કાકા છે!'

મેં એ 'સજ્જન'ને જોઈ લીધા. 'જોયું? આપણા તરફ કેવી નજરથી જુએ છે? અમારાં લગ્ન એમના કારણે જ નથી થઈ શકતાં?' તેણે કહ્યું.

'એમ? તો વાત એમ છે?!'

'હા; જુઓને, કેવા ઘૂરકી રહ્યા છે!'

'ભલે ઘૂરકે; કાંઈ વાંધો નહિ.' મેં બેદરકારીથી કહ્યું.

અમારું સ્ટેશન આવી ગયું. અમે નીચે ઊતર્યાં એવામાં તો તેના પેલા કાકા અમારી સામે આવ્યા અને બોલ્યા, 'કેમ રે છોકરી! આ જ

તારો પેલો રામુ ને? આની સાથે જ તારે પરણવું છે?'

બિચારી છોકરી! ગભરાટમાં ને ગભરાટમાં બોલી ગઈ, 'હા!'

હવે ખરી મજા જામી! પેલી વધૂએ કરેલા ગરબડગોટાળાને સરખો કરવાનો મોકો જ મને ન મળ્યો. તેના કાકાએ તરત મારા ઉપર નજર ફેંકતાં કહ્યું :

'વાહ! શી પસંદગી છે તારી! કેવા કેવા સુંદર છોકરાને તેં ધુત્કારી કાઢ્યા ને આ વાંદરાને પસંદ કર્યો! કોઇ ઍક્ટર છે કે ફીટર છે? વાળ તો જો, કેવા વિખરાએલા છે?' હું મનમાં ને મનમાં બળી ગયો. મનમાં મેં કહ્યું, આ બુઢ્ઢાએ દસ વર્ષ પહેલાં મને જોવાની જરૂર હતી. ખેર, જે થયું તે થયું! એના કહેવાથી હું કેવો લાગું છું એ તો ખબર પડી! મેં મનમાં કહ્યું : આજે બધી વાત ઊલટી જ પડે છે! જોઇએ હવે શું થાય છે?

કાકાએ ધમકાવતાં પૂછ્યું, 'હવે ક્યાં ચાલ્યાં છો?'

છોકરીમાં પણ હિંમત આવી ગઈ હતી. તેણે ધડ દઇને કહી દીધું, 'અમારાં હમણાં જ લગ્ન થવાનાં છે. ત્યાં જ જઇએ છીએ.'

લગ્નનું નામ સાંભળતાં જ બુઢ્ઢાનું શરીર ગુસ્સાનું માર્યું કંપવા લાગ્યું. બોલ્યા, 'હા, હા, હું જોઉં છું કે તમે કેમ પરણો છો! તમને બંનેને પોલીસ-સ્ટેશને લઈ જાઉં છું. કરજો ત્યાં લગ્ન! ત્યાં સુધીમાં તો તારા બાપાને બોલાવી આવું છું.' કાકાનો બુમ્બારો સાંભળીને આ શો તમાશો છે એ જોવા અમારી આસપાસ લોકો એકઠા થવા લાગ્યા હતા. એવી સ્થિતિમાં અહીં ઝગડો ન કરતાં કાકાની સાથે પોલીસ-સ્ટેશને જવામાં જ અમને વધુ સલામતી લાગી. અમને બંનેને ત્યાં મૂકીને કાકા છોકરીના બાપાને તેડવા ગયા.

એક યુવતીની સાથે બે પુરુષને પોલીસ-સ્ટેશનમાં દાખલ થતા જોઇને લોકોમાં જેવું કુતૂહલ પેદા થવું જોઈએ એવું કુતૂહલ ત્યાંના નાગરિકોમાં પેદા થએલું. બહાર ભેગા થએલા લોકોમાં કોઇ મારો ઓળખીતો તો નથીને, એની ચિંતા કરતો હું તેમના ચહેરા જોવા લાગ્યો.

મેં ઘડિયાળમાં જોયું. લગ્નના મુહૂર્તને હજી એક કલાકની વાર હતી. બહાર જોનારાઓની ભીડ વધી રહી હતી. મને એક તરકીબ સૂઝી. મારી બાજુમાં જ જમાદાર સાહેબ પોતાની સફેદ મૂછો પર તાવ દેતા બેઠા હતા. તેમની નજીક જઇને મેં કહ્યું. 'જમાદાર સાહેબ, તમે જ કહો કે આ ટોળાની સામે આ છોકરીને બે-આબરૂ કરવી એ ઠીક છે? અમે બંને લગ્ન કરવા માટે જતાં હતાં. હવે અહીં બેસીને મારી ઇજ્જત ન રહે તેનો તો મને કાંઈ વાંધો નથી, પણ આ છોકરી ઉપર મુસીબતોના પહાડ તૂટી પડશે. એટલે, આપ મને ભલે અહીં રોકી રાખો, પણ તેને તેનાં સગાંવહાલાંને ત્યાં મોકલી આપો. એ લોકો અહીંઆ નજદીક જ રહે છે. એવું લાગે તો આપ આપનો માણસ તેની સાથે મોકલજો. પણ તેને આપ મહેરબાની કરીને અહીં રોકો નહિ.'

જમાદાર સાહેબ મોટી ઉંમરના હતા. દુનિયાનો ખાસ્સો મજાનો અનુભવ એમને હતો જ. કદાચ તેમના ઘરમાં પણ વહુ-દીકરી હશે. એટલે તેમણે મારી વાત માન્ય કરી લીધી અને એક પોલીસને તેમણે બોલાવ્યો. એટલામાં મિત્રની પેલી ભાવિ પત્નીને મેં ઇશારતમાં સમજાવી દીધું. એ બધું સમજી ગઈ છે એવો ભાવ પણ તેણે દર્શાવ્યો.

તે પોલીસની સાથે ગઈ એટલે હું નિશ્ચિંત બન્યો. હવે તે સમયસર ત્યાં પહોંચી જશે, લગ્ન પતી જશે, ને સાથે ગએલો પોલીસ મોં મીઠું કરી પાછો ફરશે. ક્ષણભર મારું દિલ ખુશ થઈ ગયું. પણ બીજી જ ક્ષણે મને સો રૂપિયાની નોટનું, મામાજીનું ને મારી પત્નીનું સ્મરણ થઈ આવ્યું.

શંકા-આશંકાઓથી મન બેચેન થઈ ગયું. આઠ વાગ્યા પહેલાં હું અહીંથી છૂટીશ ખરો? અને કદાચ એ પહેલાં જ મામાજી ઘેર પહોંચી ગયા તો? બિચારી પત્નીની શી સ્થિતિ થશે? અને પછી મામાજીની તો શી વાત કરવી? તે મને 'અનિચ્છનીય સંબંધી' ગણવા લાગશે અને કોઇકને આ વાત મીઠું-મરચું ભભરાવીને કહેશે. લોકો પણ મારી વાતો કરવા લાગશે : 'માણસ આમ તો બહુ સારો, પ...ણ પૈસાની બાબતમાં સહેજ ધ્યાન રાખવું...' આપણા વિષે લોકો જે ધારણાઓ બાંધે છે તેનો સંપૂર્ણ દોષ આપણા ઉપર જ નથી હોતો. ઘણી વાર પરિસ્થિતિ જ કારણ બને છે. આજે નક્ટે જ મારે રૂપિયા લેવા પડ્યા હતાને? એ હતા ત્યાં ને ત્યાં પાછા મૂકી દેવા માટે શું મેં ઓછી કોશિશ કરી છે? પણ વચમાં જ મિત્રનાં લગ્ન આવી ગયાં. હવે આમાં મારો શો વાંક?

એટલામાં મારો મિત્ર પોતાની નવપરિણીતા વહુની સાથે ત્યાં આવી ગયો. કાકા પણ બરાબર એ જ વખતે છોકરીનાં માતા-પિતાની સાથે ત્યાં પહોંચી ગયાં, પોતાની પુત્રીનાં લગ્ન થઇ ગયાં એ જાણીને ખોટો તમાશો કરીને લોકોમાં નીચા દેખાવા કરતાં તેમણે લગ્ન સ્વીકારી લેવામાં ડહાપણ માન્યું. આમ આ નાટક સુખાન્ત બન્યું.

પરંતુ બિચારા કાકાનું મોં બિલકુલ પડી ગયું હતું. તેમણે જેને ચોર સમજીને પકડાવેલો એ સાવ નિષ્કલંક છૂટી જતો હતો!

આઠ વાગવા આવ્યા'તા. હજી એક નાટક પૂરું કરવાનું બાકી હતું, એટલે મિત્રોને ત્યાં જ છોડીને, ચા પીધા વિના જ, ઘર તરફ દોડયો.

, મારી પત્ની દરવાજામાં ઊભીઊભી મારી જ રાહ જોઈ રહી હતી. તેનું ધૈર્ય બિલકુલ ભાંગી ગયું હતું ને રડીરડીને ચહેરો ફૂલી ગયો હતો.

તેને એક પણ શબ્દ કહ્યા વિના જ મેં ઍમ્પ્લીફાયર ઉઠાવ્યું અને ગ્રાહકને ત્યાં દોડયો. બપોરના નિશ્ચિત સમયે હું ત્યાં નહોતો પહોંચ્યો એટલે સાહેબ જરા નારાજ થયા હતા. પરંતુ મેં જેવું ઍમ્પ્લીફાયર જોડીને રેકર્ડ વગાડી કે તરત જ બધું બરોબર થઈ ગયું.

પણ હા, એક વાત ન થઈ. પૈસાની કશી વાત તેમના મોંમાંથી ન નીકળી. એટલે અંતે જતાંજતાં મેં પૂછ્યું, 'પૈસા રોકડા આપશો કે ચેકથી?'

'પૈસા તો હું બપોરના લાવેલો જ; પણ તમે જ ન આવ્યા એટલે તે પાછા મોકલી દીધા. હવે જો દુકાનેથી આવી જશે તો નવ વાગ્યા સુધીમાં તમારે ત્યાં પહોંચતા કરી દઇશ. તમે ઘેર જ છો ને?' ગ્રાહકે કહ્યું.

તેમની વાત સાંભળતાં હું તો ઠરી જ ગયો. મેં ડોકું હલાવ્યું ને ભાંગેલા પગે ઘર તરફ ચાલતો થયો. બારણું ખોલીને પત્નીએ મારી તરફ જોયું કે તરત જ તે સમજી ગઈ કે પૈસા નથી મળ્યા. તે એક શબ્દ પણ બોલ્યા વિના અંદર ચાલી ગઈ અને ડૂસકાં ભરવા લાગી.

એને સમજાવતો હું બોલ્યો, 'આ શું કરે છે? નવ વાગ્યા સુધીમાં પૈસા ચોક્કસ આવી જશે. ચાલ ઊઠ.' તેણે ફક્ત ઊંડો નિશ્વાસ મૂકયો.

એટલામાં બારણાની સાંકળ ખખડી. મને લાગ્યું કે ગ્રાહકને ત્યાંથી પૈસા આવી ગયા. મેં બારણું ખોલ્યું. તો બહાર મામાજી ઊભા હતા!

મામાજીને જોતાં જ શ્રીમતીજી ઊભી થઇ ગઈ ને કામે લાગી ગઈ. મામાજીએ કપડાં ઉતાર્યાં અને રૂમાલથી પરસેવો લૂછતાંલૂછતાં બોલ્યા, 'અરે ભાઇ, કેટલી મોંઘવારી વધી ગઈ છે!'

મોંઘવારી શબ્દ સાંભળતાં જ હું ચોંકી ઊઠયો; કેમકે મોંઘવારી ઉપરથી વાત પૈસા ઉપર જરૂર આવી શકે. ને પૈસાની વાત નીકળતાં જ સો રૂપિયાની નોટ ઉપર વાત આવતાં શી વાર લાગે? એટલે વાતને બદલતાં મેં પૂછ્યું, 'મામાજી, તમે એક માળવાળી ગાડી જોઈ?'

'હા હા, જોઇને! પણ તમારા આ મુંબાઈમાં લોકોને સિનેમાનું બહુ ગાંડપણ લાગે છે! જ્યાં જુઓ ત્યાં થિયેટરની સામે લાંબી લાંબી લાઈન લાગેલી જ હોય! એટલા બધા પૈસા એ લોકો પાસે આવે છે ક્યાંથી?'


વળી પાછા પૈસા! મેં કહ્યું, 'તમે બધા નાટક જોતા હતા; અત્યારના લોકો ફિલ્મ જુએ છે'.

'અરે ભાઇ, એ દિવસો જ જુદા હતા. ક્યાં (અનુ. પૃ. ૨૧૧મે)

યવદ્વીપ(જાવા)નું પાટનગર

# જ(ય)કર્તા

## તેનું ઉપનગર બોગોર ને રૂપનગર બાંદુંગ




યુરોપવાસીઓએ ઇન્ડોનેશિયામાં જે સ્થળે પહેલો પગ મૂક્યો તે, પશ્ચિમ જાવામાં આવેલો બાન્ટેનનો કિનારો.

**અગસ્ત્યને પગલે પગલે**

લેખક અને ફોટોકલાકાર
**નવનીત પારેખ**

જાવી મિત્ર શ્રી સેદીઓનો પાસેથી ઇંડોનેશિયાની ને ઐતિહાસિક સાંસ્કૃતિક પાર્શ્વભૂમિનો પરિચય મેળવ્યા પછી અમે બંને જકર્તા (જયકર્તા) શહેર જોવા નીકળ્યા.

સૌ પ્રથમ તો શહેરના વાહન-વ્યવહારે ધ્યાન ખેંચ્યું. બ્રિટિશ રાષ્ટ્રસમૂહ, જાપાન તથા સ્વીડનની જેમ ઇંડોનેશિયામાં પણ વાહન-વ્યવહાર ડાબી બાજુનો 'વામ-માર્ગી' છે. વાહનોમાં વીજળીની ટ્રામ, મોટરો, ઘોડા-ગાડી 'દોલેમાન', ઉપરાંત ખાસ નોંધપાત્ર ત્યાંની 'બેચક' છે. આપણી સાઈકલ-રિક્ષા જેવી જ, પરંતુ ઉતારુની બેઠક ઊંધી, પાર્શ્વ-મુખી હોય છે. આપણે ત્યાં હવે યાંત્રિક સહાયથી ઑટોરિક્ષા ચાલે છે ત્યારે જાવામાં હજુ માનવ-શક્તિથી પગ વડે 'બેચક' જ ચાલે છે.




સમુદ્રપટથી ૮૭૦ ફૂટ ઊંચે બોગોરમાં રાષ્ટ્રપ્રમુખનો આ મહેલ (બસો વર્ષ પર ડચ ગવર્નર જનરલે બંધાવેલો મહેલ ભરતીકંપમાં નાશ પામતાં) સો વર્ષ પર ફરી બંધાવેલો. (ફોટો: લેખક)

જયકર્તાનું પ્રાચીન નામ 'સુંદ-કેલાપ' હતું. પશ્ચિમ જાવાના 'પંચ-ચરણ' રાજ્યનું એ મુખ્ય નગર સોળમી સદીમાં બાંતમના સુલતાને જીતી લઈ પોતાના વિજય-ચિહ્ન રૂપે તેનું નામ 'જય-કર્તા' રાખેલું. તે પછી ડચ સૈનિકોએ તેના પર આક્રમણ કરી તેનો નાશ કરેલો ને તે સ્થળે નવું શહેર ઊભું કરીને તેનું ડચ નામ 'બટેવિયા' રાખ્યું. સ્વતંત્ર થયા પછી ઇંડોનેશિયાની સરકારે તેનું નામ ફરી 'જ(ય)કર્તા' રાખ્યું છે.

પંચ-ચરણ સામ્રાજ્યના તો કોઈ અવશેષો હવે રહ્યા નથી, પરંતુ ડચ શાસનની અસર તો હજુ સ્પષ્ટ દેખાઈ આવે છે. હૉલંડમાં સમુદ્રની સપાટીથી પણ નીચાણવાળા પ્રદેશો છે અને ત્યાં વ્યવહાર માટે ઘણી નહેરો બાંધેલી છે. તેથી અહીં જ(ય)કર્તામાં પણ ડચ લોકોએ ઘણી નહેરો બાંધેલી, જે હજુ જેમની તેમ જોવા મળે છે. જ(ય)કર્તાના સરિયામ રસ્તાઓ પાસે આ નહેરો આવેલી હોઈ નહેરના બંને કાંઠે મોટર-માર્ગો બાંધેલા છે. નહેર વાટે હવે તો વિશેષ વ્યવહાર થતો નથી, પરંતુ ગામલોકો નહાવા-ધોવા માટે તેનો ઉપયોગ કરે છે. નહેરનું પાણી અત્યંત ગંદું ને દુર્ગંધ મારતું હોય છે ને તેનો પ્રવાહ નહિવત્ હોવાથી બધી ગંદકી ને કચરો જેમનાં તેમ તેમાં જ પડયાં રહે છે. આ જ પાણીમાં લોકો શૌચ પણ કરે છે! આવા અત્યન્ત મલિન અને ગંદા પાણીમાં લોકો કેમ કપડાં ધોતાં હશે અને કેમ નાહી શકતા હશે તે કોયડો મારાથી ઊકલી ન શકયો.

ત્રીસ લાખની વસતિવાળા જ(ય)કર્તાનો મુખ્ય વ્યાપારી લત્તો 'કોટા' કહેવાય છે જે ખરેખર મુંબાઈના 'કોટ' વિસ્તારની યાદ આપે. મારા જાવી મિત્ર શ્રી સેદીઓનોની પેઢી 'સી.વી. પૂર્ણવર્મન' અહીં જ આવેલી છે. એ નામ સાંભળીને મુંબાઈમાં અંગ્રેજી નામે પેઢી ચલાવવા માટે મને શરમ ઉપજી. જ(ય)કર્તાની મુખ્ય દુકાનો 'પસાર-બારૂ'પર આવેલી છે, જ્યારે બીજા જાણીતા વિસ્તારોનાં નામ 'દ્વીપનગર', 'જાતિ-નગર', તથા જલાન 'ગજ:મદ', જલાન 'પંચોરન' ને જલાન 'કંચન' છે. 'પસાર' એટલે બજાર ને 'જલાન' એટલે માર્ગ. મધ્યયુગી જાવાના એક સેનાપતિનું નામ ગજ:મદ હતું. જાવામાં દુકાનને 'ટોકો' કહે છે.

સ્વાતંત્ર્ય અથવા આઝાદીને ઇંડોનેશિયાના લોકો 'મેર્ડેકા' કહે છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિની યાદીમાં જ(ય)કર્તાના મુખ્ય ચોકને 'મેર્ડેકા-સ્કવૅર' નામ આપ્યું છે. આ ચોકની એક બાજુએ ઇંડોનેશિયન પ્રજાસત્તાકના રાષ્ટ્ર-પ્રમુખનો મહેલ આવેલો છે. તેને જોતાં દિલ્હીનું રાષ્ટ્રપતિ-ભવન યાદ આવે જ. હાલના રાષ્ટ્ર-પ્રમુખ ડૉ. સુકર્ણો સ્વતંત્ર્ય-યુદ્ધમાં મુખ્ય





↑ પંદરમી સદીના પંચચરણ સામ્રાજ્યના ઉલ્લેખવાળો જાવાની તવારીખનો પ્રાચીનતમ શિલાલેખ; જમણી બાજુ : જકર્તા નગરના મધ્યમ વર્ગના વસવાટોમાં આવેલાં સત્તરમી સદીની જાવાની તળપદી બાંધણીનાં મકાનો. જેમાં, સરિયામ રસ્તાઓને પડખે આવેલી ત્યાંના ડચ શાસકોએ બંધાવેલી નહેરોનું દૃશ્ય દેખાય છે, તથા ડાબી બાજુ ત્યાંની 'પાશ્ચેમુખી' વિશિષ્ટ રિક્ષા 'બેચક'.

ભાગ ભજવેલો. જગતભરમાં તેમના જેવા પ્રખર વક્તા જૂજ હશે. વળી તેઓ અત્યન્ત કલા-રસિક અને કલાકારોની કદર કરનારા છે. ડૉ. સુકર્ણુનાં માતા બાલીનાં હતા તેથી આ વિશિષ્ટ કલાપ્રિયતા તેમનામાં ઊતરી આવે તે સ્વાભાવિક છે. પ્રમુખ સુકર્ણુનો કલાસંગ્રહ નોંધપાત્ર છે.

ઉપ-રાષ્ટ્રપ્રમુખ ડૉ. મહમ્મદ હટ્ટા પણ મોટા દેશભક્ત છે, પરંતુ ઘણા શાન્ત, નમ્ર અને ઓછાબોલા છે. તેમના વિચારો કાંઈક ઉદ્દામ પણ છે. અગાઉ જણાવ્યું છે તેમ આઠ કરોડની વસતિવાળું ઈંડોનેશિયા ત્રણ હજાર માઈલ સુધી પથરાએલા ત્રણ હજારથી પણ વધુ દ્વીપોનું રાષ્ટ્ર છે. એશિયા-આફ્રિકાના બીજા દેશોની જેમ તેના ઉપર પણ ગોરા



જકર્તામાં માદામ સોયોનો. અહીંની વનિતાઓને પુરુષા રંગીન બાટીક તથા સાદા ધૂંટા-વાળી બંડી, જેને 'કેબ્ન્ડ' (કબજો) કહે છે તે પહેરવાનો ખાસ શોખ હોય છે. (ફોટો : લેખક)

શાસકોની હકૂમત સૈકાઓ સુધી ચાલી હતી, અને તેણે પ્રાપ્ત કરેલી સ્વતંત્રતા તાજી જ છે. તેથી સ્વ-શાસનનાં પહેલાં ડગલાં ભરતાં આ લોકોને ઘણી સમસ્યાઓ નડે તે સ્વાભાવિક છે. ભૌગોલિક વિભિન્નતા ઉપરાંત પરાણે સત્તા છોડી દીધેલા ડચ લોકો અને સામ્યવાદી તેમજ મૂડીવાદી દેશોના દોરી-સંચારે ઇંડોનેશિયન રાજકારણમાં ઘણા ખટરાગ અને વિખવાદ ઊભા કર્યા છે. વળી 'પિતૃ-ભૂમિ' સામ્યવાદી ચીન પાસેથી દોરવણી મેળવવા અને તેના પ્રત્યે મીટ માંડી રહેલા ચીના વસાહતીઓની સંખ્યા પણ જાવામાં મોટી અને સબળ છે. તેમ વળી કાંઈક ઝનૂની મુસ્લિમોનો પક્ષ 'દરૂલ-ઇસ્લામ' પણ કેટલાક વિસ્તારમાં પ્રબળ છે. આથી આજે પણ ત્યાંની રાજકીય પરિસ્થિતિ ઘણી અશાન્ત છે ને આપણા જેવા તે દેશના મિત્રોને ઊંડી ચિંતા ઉપજાવે છે.

રાષ્ટ્ર-પ્રમુખના મહેલ પરથી અમે જ(ય)કર્તાના વિખ્યાત મ્યૂઝિયમ પર ગયા. જાવાના પ્રાચીન, ભવ્ય ભૂતકાળની યાદ આપે તેવા અનેક કલા-નમૂનાઓ, મૂર્તિઓ અને અવશેષો આ સંગ્રહાલયમાં છે. શ્રીવિજય અને મજ્જપહિતનાં ભવ્ય સામ્રાજ્યો, શૈલેન્દ્ર વંશના રાજવીઓ, પ્રંબાનનના બ્રાહ્મણ પૂજારીઓ ને બોરોબુદુરના બૌદ્ધ ભિખ્ખુઓના સમાગમનો અનુભવ કરતાં, આ સ્થળે દિવસો વીતાવીએ તો પણ ઓછા પડે! જ(ય)કર્તામાં વિશાળ સરકારી પુસ્તક-આલય છે જેનું નામ છે 'બાલય-પુસ્તક' (આલય-પુસ્તક). જ(ય)કર્તાનું બંદર તથા વિમાની મથક બંને મોટાં ને આધુનિક છે. શહેરની વસતિ વધવાની સાથે રહેઠાણના નવા વિસ્તારો પણ ઊભા થાય છે. આવો એક નવો વિસ્તાર 'કેબાયોરન' છે જ્યાં મારા મિત્ર શ્રી પંજાબીને ઘેર હું રહ્યો હતો. અહીં તદ્દન આધુનિક ઢબે બંગલાઓ બંધાયા છે અને તેમાં પણ સુમાત્રાની લાક્ષણિક શૈલીથી બંધાએલાં ઘર તો બહુ મનોહર હતાં.

જ(ય)કર્તામાં જતાંઆવતાં મળીને પાંચ દિવસ રહ્યો તે દરમ્યાન ઘણા જાવી મિત્રો થઈ ગયા. શ્રી સેદીઓનોએ તો જકર્તા જ નહિ પરંતુ જોગ્જાકર્તા (યોગ્ય-કર્તા) પણ મને ફેરવીને બતાવ્યું. બીજા યુવાન મિત્ર તે શ્રી સુબ્રોન્તો આત્મોજો (સુવ્રત–આત્મજ). સ્વાતંત્ર્ય-યુદ્ધમાં ભાગ લીધા પછી તેઓ ગ્રૅજ્યુએટ થયા. હાલ પણ સામાજિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે અને થોડા જ દિવસોમાં ઇંડોનેશિયન ડેલીગેશનમાં રશિયાના પ્રવાસે જવાના હતા.

જ(ય)કર્તામાં યુનિવર્સિટી ઑવ ઇંડોનેશિયાના પ્રાધ્યાપક ડૉ. પૂર્વચારકને મળવાની તક સાંપડી. ભારતીય સંસ્કૃતિ(ઈન્ડૉલાજી)ના





↑ જકર્તાના વિખ્યાત મ્યૂઝિયમમાં જવાના પ્રાચીનને ભવ્ય ભૂતકાળની યાદ આપતા અનેક કલા-નમૂનાઓ, મૂર્તિઓ ને અવશેષો છે તે પૈકીનો એક નમૂનો : મધ્ય સુમાત્રાના મેનાંગકબૌ રાજના મેલાયુના મધ્યયુગી રાજવી આદિત્યવર્મનની મૂર્તિ

↑ જકર્તા શહેરનો વિશાળ રાજમાર્ગોવાળો ચોક, જેની વચ્ચે ત્યાંની 'ચીલીવુંગ' નદીની નહેર આવેલી છે. (જુઓ નીચે)*


પ્રખર અભ્યાસી અને પંડિત છે, ભારત આવી ગએલા છે અને ભારત પ્રત્યે ઘણી જ નિષ્ઠા અને મમતા છે. મૂળ જોગ્જાકર્તાના, તેથી ત્યાંની લાક્ષણિક પાઘડી પહેરે છે. તેમની સાથેની વાતચીતથી અખૂટ આનંદ, માર્ગદર્શન તથા માહિતી મળ્યાં.

'ઇંડોનેશિયા-રાયા' જાણીતું પ્રસિદ્ધ અખબાર છે. આપણા 'વંદે-માતરમ્'ની જેમ ઇંડોનેશિયાના રાષ્ટ્રગીત 'ઇંડોનેશિયા-રાયા' પરથી તેનું નામ રાખ્યું છે. તેના યુવાન તથા અત્યન્ત કાર્યદક્ષ તંત્રી શ્રી લુબીસ પર શ્રી પોહેકરે મને પરિચયપત્ર આપેલો. તેના જેવા ચપળ, ચતુર ને શીઘ્ર કાર્યવાહક બીજા કોઈ જાણી મેં ન જોયા. તેઓ ઉદ્દામવાદી અને નીડર લેખક છે, અને તેમની કલમથી સરકારી મંત્રીઓ, કર્મચારીઓ તથા રાજકીય નેતાઓ જાગૃત રહે છે. તેમની સાથે રાજકારણ, સામાજિક પ્રવૃત્તિઓ તેમજ મારી વિદ્યા-યાત્રા વિષે ઘણી વાતો થઇ. તેમણે યોગ્યકર્તાના સુલતાન તથા બાલીના એક કલાકાર પર જાતે જ પરિચયપત્રો ટાઈપ કરી આપ્યા, છતાં બધું મળીને હું બાર જ મિનિટ તેમની સાથે હતો;—આટલી ત્વરાથી તે બધું કામ પતાવતા!

એક દિવસ શ્રી પંજાબી તેમનાં જાવી મિત્ર કુ. લક્ષ્મી પાસે લઇ ગયા. કુળવાન કુટુંબનાં હોઈ તેમણે જાવાનાં શાસ્ત્રીય નૃત્યોનો વર્ષો સુધી ઊંડો અભ્યાસ કર્યો હતો અને હવે તેઓ કિશોર વયની બાલિકાઓને શાસ્ત્રીય નૃત્ય શીખવે છે. સાંજે અમે તેમને ત્યાં ગયા ત્યારે નૃત્યના વર્ગો જ ચાલતા હતા. ચાલીસેક બાલિકાઓને તેઓ ત્રણ બહેનપણીઓ મળીને શીખવતાં હતાં. પગના તાલ, હાથની મુદ્રાઓ તથા મુખભાવ જોઈને આપણા અધારના કલાક્ષેત્રનો કોઇ વર્ગ યાદ આવે. સંગીતનાં વાદ્યો કાંઈક જુદાં પડતાં હતાં. કુમળી વયમાં જ

* લોકો આ નહેરનો ઉપયોગ નહાવા-ધોવા માટે કરે છે; પરંતુ તેનું પાણી અત્યંત ગંદું હોય છે. લોકો તેમાં જ શૌચ કરે છે! વહેણ ઓછું હોઈ બધી ગંદકી તેમાં જ પડી રહે છે. આમાં લોકો કેમ નહાઇ-ધોઈ શકતા હશે? જમણી બાજુ : કેબાયોરનમાં સુમાત્રા શૈલીનું અદ્યતન મકાન (ફોટો : લેખક)









← બાંડુંગ પાસે ૬૮૦૦ ફૂટ ઊંચે આવેલું પ્રખ્યાત જ્વાળામુખી ટાંકુબાને-પ્રાહીનું ૧૧૦૦ ફીટ ઊંડું ને અર્ધોક માઇલ પહોળું, લાવારસના ધુમાડાથી ભરેલું મુખ; સામેના પાને ડાબી બાજુ: તેની કરાડ પરથી લેખકેલીધેલો એ મુખમાંનાલાવારસનોફોટોગ્રાફ; જમણી બાજુ: એ મુખની રેલિંગ પર પ્રો. કલોમ્પી ને તેજુમલજી; મથાળે: જાવાના કમળ વિક્ટોરિયારેજિયાના મોટાં પાંચ ફૂટ વ્યાસનાં પાન.

બાલિકાઓને નૃત્ય શીખવાય છે તેથી તેમના હાથ-પગમાં સહજ કુશળતા અને સ્વભાવમાં નૃત્ય-ભાવના સીંચાય છે.

એક સાંજે હોટેલ 'ધર્મ-નિર્મલા'માં શ્રી બરૂમ (વરુણ) શાહને મળ્યો. થોડા સમય પહેલાં તેઓ મુંબાઈમાં ઈંડોનેશિયાના કૉન્સલ હતા અને મારા પરિચિત હતા. મકાનની તંગીને લીધે બીજા અધિકારીઓની જેમ તેઓ પણ કુટુંબ સાથે કાયમ હોટેલમાં જ રહે છે. મુંબાઈમાં લાંબો સમય રહ્યા હોવાથી ભારતીય સંસ્કૃતિનો તેમને સારો અભ્યાસ હતો અને અમારે લાંબી વાતો થઈ. જાવાની યાત્રા માટે તેમણે પણ ઘણાં કીમતી સૂચનો કર્યાં.

ધનતેરશની રાત્રે હું જાવામાં ઊતર્યો હોવાથી બે દિવસ પછી જ દીપાવલિનો ઉત્સવ હતો. જ(ય)કર્તામાં સારી સંખ્યામાં હિંદી વ્યાપારીઓ છે, જેમાંના મુખ્યત્વે સિંધી, શીખ ને ગુજરાતી છે. સિંધી લોકો ધર્મે શુદ્ધ હિંદુ છતાં તેમનો પૂજાવિધિ શીખ ધર્મને મળતો છે. તેઓ ગુરુ નાનક તથા ગુરુ ગોવિન્દસિંહનાં ચિત્રોને પણ ફૂલો ચડાવે છે અને ધાર્મિક પ્રસંગોએ ગુરુદ્વારાઓમાં પણ જાય છે. આકાશ જેટલા અગાધ આપણા સનાતન ધર્મમાં કેટલાં વ્યક્તિસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય અને સર્વધર્મ-સમભાવ સમાયાં છે તેનો કાંઈક ખયાલ આવે.

દીપાવલિના શુભ દિને જયકર્તાનાં ત્રણસો-ચારસો હિંદીઓ ત્યાંના ગુરુદ્વારા પર એકઠા મળ્યાં હતાં. ભારતીય સન્નારીઓની પચરંગી સાડીઓ અને શીખ ભાઇઓની પાઘડીઓ તેમજ દાઢી જોઈને ઘડીભર તો હું યવદ્વીપને બદલે જંબુદ્વીપ(ભારત)માં ઊભો હોઉં એમ લાગ્યું! પરસ્પર 'શુભ-દીપાવલિ'નાં અભિનંદનની આપલે થયા પછી અમે ગુરુદ્વારામાં પ્રવેશ્યા. મોટા ખંડમાં સ્રીપુરુષો, બાળકો બધાં ખીચોખીચ બેઠાં હતાં અને સામે જ એક વયોવૃદ્ધ ગ્રંથી 'ગ્રંથસાહેબ'માંથી 'શબ્દો' વાંચી રહ્યા હતા. એકબે ભજન પણ ગવાયાં. અમે પણ થોડો સમય ઉપદેશ સાંભળતા બેઠા. થોડાં વર્ષો પૂર્વે અમૃતસરના સુવર્ણ-મંદિરની લીધેલી મુલાકાત યાદ આવી.

ઉપદેશ પૂરો થયો એટલે બહારના બગીચામાં આબાલ-વૃદ્ધ બધાંને જમવા માટે લાંબી પંગતમાં બેસાડવામાં આવ્યાં. આવી પંગતને 'લંગર' કહે છે. અમે પણ લંગરમાં જોડાયા. ભોજનમાં રોટી દાળ-ભાત ને શાક ઉપરાંત વિશિષ્ટ શીખ વાનગી દૂધ-પાક હતો: આપણા જેવો દૂધબો-પાતળો નહિ, પરંતુ શીખો જેવો અલમસ્ત, જાડો રબડી જેવો ને બહુ સ્વાદિષ્ટ. રાત્રે અમે જકર્તાના અગ્રગણ્ય હિંદીઓની દુકાનો પર ગયા. બધાં પ્રસન્ન-વદન હતાં અને પોતાનાં શ્રેષ્ઠ વસ્રાભૂષણોમાં બનીઠનીને આવ્યાં હતાં. બધે દીપાવલિનાં તોરણો અને ઝાકઝમાળ હતાં. જાવી તેમજ ચીની મિત્રો ને વ્યાપારીઓ પણ અભિનંદન આપવા આવતાં હતાં. પરદેશમાં પણ દીપાવલિનો ઉત્સવ આમ ઊજવાતો જોઈને ગૌરવમિશ્રિત હર્ષ અનુભવ્યો.

જ(ય)કર્તામાં ત્રણ સરકારી સામાજિક શિક્ષણ-સંસ્થાઓ ચાલે છે. તેમાંની બેનાં નામ છે 'પુત્ર-ઉત્તમ' અને ત્રીજીનું નામ છે 'દેશ-પુત્ર'. જ(ય)કર્તામાં નીકળતા એક સામયિકનું નામ 'પંચવર્ણ' છે.

### બોગોર

એક દિવસ શ્રી પંજાબીના કુટુંબ સાથે મોટરમાં અમે બોગોર ગયા. જ(ય)કર્તાની દક્ષિણે ૩૫ માઇલ દૂર, બે નદીઓની વચ્ચે વસેલી આ પ્રાચીન નગરીની વસતિ આશરે દોઢ લાખની છે. બોગોરમાં રહેતા ઘણા લોકો રોજ કામ અંગે જયકર્તા જાય છે. આમ બોગોરને જ(ય)-કર્તાનું એક દૂરનું પરું પણ કહી શકાય.

મજ્જપહિત સામ્રાજ્યના સુવર્ણકાળ દરમ્યાન ૧૨થી ૧૬મી સદીમાં આ પ્રદેશમાં પાસુંદન રાજ્ય હતું. બોગોર પાસેથી એક મોટો શિલા-લેખ મળી આવ્યો છે જે આ પાસુંદન રાજ્યના સ્થાપક 'પ્રભુ રાજા પુરાણ'નાં યશોગાન કરે છે. આ શિલા-લેખ બોગોર નગરથી ૨ માઇલ દૂર બાટુટુલિસ સ્થળે છે અને પુરાતત્ત્વ ખાતાની સંભાળ હેઠળ છે.

સમુદ્રપટથી ૮૭૦ ફીટ ઊંચે વસેલા આ બોગોરનું હવામાન સમધાત અને શીતળ છે. અહીં વરસાદનું પ્રમાણ ઘણું છે, અને કહેવાય છે કે અહીં દરરોજ એક ઝાપટું તો પડે જ છે. અમે પણ શહેરમાં ફરી રહ્યા હતા ત્યારે ઇંદ્ર રાજાની મહેર ઊતરી હતી. રાજધાની જકર્તાની આટલા નજીક આવેલા આ શીતળ સ્થાને બસો વર્ષ પહેલાં ડચ ગવર્નર જનરલે એક મહેલ બંધાવ્યો હતો. ધરતીકંપમાં તે નાશ પામતાં, બરોબર સો વર્ષે ત્યાં બીજો મહેલ ડચ શાસકોએ બાંધ્યો. આ પ્રાસાદ હવે ઈંડોનેશિયાના પ્રમુખ ડૉ. સુકર્ણનો મહેલ છે.

આ રાજમહેલને પડખે જ એક વિશાળ બોટૅનિકલ ગાર્ડન છે, જેનો વિસ્તાર ૨૭૫ એકરનો છે અને તે જગતભરના વનસ્પતિશાસ્રી-





આ બન ચિત્રોનું વર્ણન સામેના પાને; નીચે : જ્યાં એશિયન-આફ્રિકન દેશોની બાંડુંગ-પરિષદ મળેલી તે 'ગેડુંગ મેર્ડેકા'. (ફોટો : લેખક)

એને જાણીતો છે. ઈ. ૧૮૧૭માં શરૂ કરાએલા આ ઉદ્યાનમાં આજે ૧૦,૦૦૦ પ્રકારનાં વૃક્ષો અને ૫,૦૦,૦૦૦ પ્રકારના છોડ છે! તેની સાથેના ગ્રંથાલયમાં ૬૦,૦૦૦ પુસ્તકો છે. અમે દોઢેક કલાક આ ઉદ્યાનમાં ફર્યા અને વિવિધ વનરાજિ પર છળની કિરતારની કરામત અનુભવતાં આહ્લાદ મેળવ્યો. એક સ્થળે તો એક નાનકડા પુકુર (તળાવડી)માં અસંખ્ય કમળો ખીલ્યાં હતાં! અહીં પાંચ ફીટ વ્યાસવાળાં મોટી થાળી જેવાં કમળનાં પાંદડાં પથરાયાં હતાં. વનસ્પતિશાસ્ત્રમાં Victoria Regiaના નામે તે પ્રસિદ્ધ છે.

બોગોરનાં અનનસ બહુ વખણાય છે, તેથી ત્યાંના 'થૂ સૂન હિન' નામના ચીની રેસ્ટોરાંમાં અમે પ્રવેશ્યા અને બીજા અલ્પાહાર સાથે મીઠાં મધ જેવાં અનનસ આરોગ્યાં. બોગોર પાસે શાકભાજી પણ સારી અને સસ્તી મળે છે. તેથી શ્રી પંજાબીનાં પત્ની લીલાબહેને ઘર માટે બે કરંડિયા ભરી લીધા. સાંજ પડયે જયકર્તા પાછાં આવી ગયાં.

## બાન્દુંગ

એશિયા તેમજ આફ્રિકાનાં રાષ્ટ્રોની પ્રથમ ઐતિહાસિક મહાસભા ભરવાના આ બાન્દુંગ નગરમાં મળેલી. વળી તેની પાસે જ એક જીવતો જ્વાળામુખી છે એમ પણ સાંભળ્યું હતું; તેથી યાત્રાક્રમમાં બાન્દુંગનો સમાવેશ કર્યો જ હતો. દોઢ દિવસની તેની ઊડતી મુલાકાતે જવા જયકર્તાથી વહેલી સવારે વિમાનમાં નીકળ્યો. વિમાન તો આઠ વાગ્યે જ ઊડ્યું, પરંતુ વિમાની મથકે દોઢ કલાક વહેલા ન જઈએ તો આપણી બેઠક અહીં બીજાને અપાઈ જવા પણ સંભવ હોય છે! એટલે ચેતતા નર સદા સુખી! ગરુડ ઍરવેઇઝની પાંખો પર આરૂઢ થઈને ગગનમાં ઊડયા. નીચે જ(ય)કર્તા નગરી તથા જાવા-સમુદ્ર ધીરેથી અદૃશ્ય થવા લાગ્યાં અને વિમાન ઊંચે ને ઊંચે જવા લાગ્યું. ઘડીભર મને થયું કે ભગવાન વિષ્ણુનું આ વાહન ગરુડ શું અમને સીધા વૈકુંઠમાં તો નહિ લઈ જાય! પરંતુ અમારું તેવું સૌભાગ્ય નહોતું. હજુ ધરતીમાતાથી વિખૂટા પડયે ભાગ્યે જ દસ મિનિટ થઈ હશે ત્યાં તો અમારા બાળ ગરુડને તેનો માળો યાદ આવ્યો હશે, એટલે તેણે પૂંઠ ફેરવીને પાછા ફરવા માંડ્યું. વિમાનના નૌકાપતિએ જાહેર કર્યું કે વિમાનનો રેડિયો સેટ અચાનક બગડી જવાથી અમે જ(ય)-કર્તા પાછા ઊડી રહ્યા હતા! વૈકુંઠ પહોંચવાને બદલે અહીં જ દ્વારકા! વિમાન નાનું, સાંકડું 'હેરન' પ્રકારનું હતું. એક કલાક વિમાની મથકે ગાળીને ફરી ઊડયા અને દસ વાગ્યે બાન્દુંગ પહોંચ્યા. જ(ય)કર્તાથી વિમાનમાં વીસ મિનિટ જ થાય છે.

બાન્દુંગના સિંધી યજમાન શ્રી તેજુમલજી ફરી વાર વિમાની મથકે લેવા આવ્યા ને પોતાને ઘેર તેડી ગયા. બાન્દુંગમાં પણ અમારી હિમાલય ક્લબના એક ડચ સભ્ય શ્રી કલોમ્પી મારા મિત્ર થતા હતા. અહીંના ઇંડોનેશિયન વિશ્વવિદ્યાલયના ભૂસ્તરવિભાગનાતેઓ અધ્યક્ષ છે. વિશ્વવિદ્યાલયના વિશાળ વિસ્તારમાં જ્ઞાન 'ગણેશ' પર તેમની કચેરી હતી. સામે જ એક સ્તંભ ઉપર જાવી શૈલીના ગજાનન પોતાના લંબોદર ઉપર સૂંઢ ફેલાવીને બિરાજમાન હતા. શ્રી કલોમ્પી અત્યન્ત પ્રેમાળ ને સૌજન્યપૂર્ણ હતા. મારી વિદ્યા-યાત્રા તથા હિમાલય વિષેના અમારા અનુભવોની પરસ્પર આપ લે કર્યા પછી તરત જ મેં પાસેના જ્વાલામુખી ટાંકુબાન-પ્રાહુ વિષે પૃચ્છા કરી. શ્રી કલોમ્પી ભૂસ્તર-વિભાગના જ વર્ષોથી અધ્યક્ષ હતા તેથી સમસ્ત ઇંડોનેશિયાના બધા જ્વાલામુખીથી પરિચિત હતા. ખાસ કરીને ટાંકુબાન-પ્રાહુના. ભારતથી આવેલા પોતાના ઉત્સુક મિત્ર ખાતર તે દિવસ પૂરતું કચેરીનું કામ પડતું મૂકીને મને તે જ્વાલામુખી બતાવવા સાથે આવ્યા. તેજુમલજીની મોટરમાં અમે બાન્દુંગથી નીકળ્યા.

શહેરથી પચીસેક માઇલ પર આ પહાડ છે. માર્ગમાં જ કલોમ્પીએ અમને જ્વાલ મુખીનો ઇતિહાસ, ભૂસ્તર-રચના તથા આસપાસના વિસ્તાર વિષે વિદ્વત્તાપૂર્ણ માહિતી આપી. ટાંકુબાન-પ્રાહુનો શાબ્દિક અર્થ થાય છે 'ઊંધી વળેલી નૌકા'. આ વિષે અહીંના સુંદાની લોકોમાં પ્રચલિત એક દંતકથા કલોમ્પીએ સંભળાવી. પુરાણકાળમાં એક દયાળુ માતાનો વિશ્વાસઘાત કરીને તેનો દુષ્ટ પુત્ર એક નૌકામાં બેસીને ચાલી જતો હતો ત્યારે એક દેવીએ આવીને તેની નૌકા ઊંધી વાળી હતી ને આ પહાડનો આકાર પણ કોઈ ઊંધી પડેલી હોડી જેવો છે.

શ્રી કલોમ્પીએ સમજાવ્યું કે અસલ અહીં એક વિશાળ સરોવર







ડાબી બાજુ: જાવામાં પુરુષનો સામાન્ય પોશાક; જમણી બાજુ: સુરકર્તાના શાકબજારમાં: જાવાની સ્ત્રીઓ પોતાના પોશાક માટે બહુ ચીવટ રાખે છે. તેઓ ખભે દુપટ્ટો પણ નાખે છે અને ભારતની સ્ત્રીઓ પેઠે વાળાના વિવિધ અંબોડા લે છે. (ફોટો: લેખક)

હતું અને આસપાસ ઊંચા પર્વતો હતા. પરંતુ ૫ છળથી પૃથ્વીના પેટાળમાંની હિલચાલને કારણે અહીં આ જ્વાલામુખી પર્વત ફૂટી નીકળ્યો હતો. બપોરે એક વાગ્યે અમે પહાડની ટોચ પર જઈ પહોંચ્યા. રસ્તાનો છેવટનો ભાગ એક ખાનગી સંસ્થાએ બાંધ્યો છે તેથી ત્યાં મોટર લઇ જવા માટે અમારે થોડોક વેરો (ટોલ) આપવો પડ્યો. ૬૮૦૦ ફીટની ઊંચાઈએ પર્વતની ટોચ પર મોટું, ઊંડું ગાબડું હતું, જેના પેટાળમાં તળિયે અગ્નિ હતો. પહાડની ધાર પર બાંધેલા કઠેરા પરથી અમે નીચે મુખમાં દૃષ્ટિપાત કર્યો. ૧૧૦૦ ફીટ ઊંડુ ને અરધો-એક માઇલ પહોળું આ પર્વત-મુખ સાક્ષાત યમરાજ મોં પહોળું કરીને બેઠા હોય તેમ ભાસતું હતું. માતા યશોદાએ બાલ કૃષ્ણના મુખમાં દૃષ્ટિપાત કર્યો હતો ત્યારે તેમને તો સમગ્ર બ્રહ્માંડ જોવા મળ્યું હતું, પરતુ અમને તો આ જ્વાલામુખમાં કેવળ ધગધગતા લાવારસના ધુમાડા જ જોવા મળ્યા. મુખની અંદરનાં પડખાંના ઢોળાવમાંથી પણ ગંધકના ધુમાડા નીકળતા હતા. થોડુંક ચાલીને અમે બાજુ પરની 'મોતની ખીણ' (Death Valley) પર ગયા. ઘણી વાર અહીં ઊડતાં પક્ષીઓ ગંધકના ધુમાડાથી ગૂંગળાઇ નીચે પછડાઈને મરે છે તેથી આ નામ પડ્યું છે. માણસો પણ ત્યાં નીચે ઊતરે તો ગૂંગળાઈ મરે.

ટાંકુબાન-પ્રાહુ જોઈ અમે બાન્દુંગ પાછા ફર્યા; તેજુમલજીને ઘેર ભોજન લઈને શ્રી કલોમ્પીને ઘેર આવ્યા; ત્યાં તેમના સંગ્રહમાં તિબેટ, લામા ધર્મ, હિમાલય તથા બૌદ્ધ ધર્મ વિષે ઘણાં પુસ્તકો જોયાં; સંખ્યાબંધ પ્રાચીન મૂર્તિઓ તથા કલાના બીજા નમૂનાઓનું પણ દર્શન કર્યું.

બાન્દુંગ પશ્ચિમ જાવાના એક પ્રાન્તનું મુખ્ય નગર છે. તેની વસતિ આશરે દસેક લાખની થવા આવી હશે. અહીં સારી સંખ્યામાં યુરોપિયનો, ચીનાઓ તેમજ કેટલાક હિંદી વ્યાપારીઓ વસ્યા છે. સાગરપટથી ૨૨૦૦ ફીટ ઊંચા આ ગિરિગ્રામની આબોહવા અત્યંત શીતળ અને ખુશનુમા છે. બાન્દુંગને જરૂર આખા ઇંડોનેશિયાનું સૌથી સ્વચ્છ અને સુઘડ શહેર ગણાવી શકાય. બાન્દુંગ જેવા પહોળા, સ્વચ્છ રાજમાર્ગો તથા આધુનિક હોટેલો જ(ય)કર્તામાં પણ નથી. એટલે યોગ્ય રીતે બાન્દુંગને જાવાનું પારીસ કહે છે. અહીંના લોકો પોતાના પોષાક તથા ટાપટીપ માટે બહુ ચીવટ રાખે છે અને તેઓ સ્વભાવે મોજીલા ગણાય છે. બાન્દુંગની વનિતાઓને ખુલ્લા રંગના બાટીક તથા લાલ ફૂલોની ભાતવાળી બંડી પહેરવાનો શોખ છે. તેમની ચંપલ તથા તેમના કેશ કલાપ પણ વિશિષ્ટ ઢબનાં હોય છે.

સૈકાઓ પૂર્વે પશ્ચિમ જાવામાં પસુંદન નામનું સમૃદ્ધ હિંદુ રાજ્ય હતું. તેની રાજ્યધાની બાન્દુંગ પાસે 'પકવાન' નામના નગરમાં હતી. ત્યારથી આજ સુધી બાન્દુંગના મુખ્ય અધિકારીના ઘરને 'પકવાન' નામ અપાય છે. આ પાસુંદન રાજ્યની પડતી વિષે શ્રી કલૉમ્પીએ એક ઐતિહાસિક દંતકથા કહી સંભળાવી. તે કાળે પસુંદનના રાજાને એક અત્યંત રૂપવતી કુંવરી હતી. તેના રૂપની ખ્યાતિ સાંભળી તથા તેનું ચિત્ર જોઈને પૂર્વ જાવાના મહા-સામ્રાજ્ય મજ્જપહિતના રાજકુમારે તેને પોતાની મહારાણી બનાવવા નિશ્ચય કર્યો. માગણી પાછી ઠેલતાં તેણે પોતાની સેના સાથે આક્રમણ કર્યું અને પાસુંદનનો વિનાશ કર્યો. આ સંહારમાં તે રાજકુમારી પણ ભોગ બની અને રાજકુમાર હાથ ઘસતો રહી ગયો. આપણે ત્યાંની પદ્મિની કે રાણકદેવીના જેવી આ કથા છે. કહે છે કે તે રાજકુંવરીની દુઃખદ સ્મૃતિમાં આજે પણ પશ્ચિમ જાવાના બધા રાગ કરુણ સૂરમાં છે. એશિયા-આફ્રિકાનાં રાષ્ટ્રોની મહાસભા ભરાઇ હતી તે મકાન જોયું, પછી 'સુખધર્મ' નામે ઉપાહાર ગૃહમાં પ્રવેશ્યા. કૉફી તેમજ 'ટાપી' નામની વાનગી કલોમ્પીએ મંગાવી. આ વાનગી બાન્દુંગની એક વિશેષતા છે. નરમ ભાત તથા એક પ્રકારનાં મૂળિયાં એકઠાં કરીને તેને શેકીને બનાવેલી આ વાનગી પર માખણ ચોપડીને પણ ખવાય છે.

સાંજે શ્રી તેજુમલજી અમને તેમના નવા બંગલે લઇ ગયા. બાન્દુંગના શ્રેષ્ઠ રહેઠાણ વિસ્તાર લેમ્બાંગમાં આ બંગલો આવેલો છે. ઘણા શોખથી તેમણે તે બાંધ્યો છે અને બહાર બગીચો પણ સુંદર હતો. પંડિત નેહરુ બાન્દુંગ–સભા વખતે આવેલા ત્યારે અહીં જ રહેલા. આ બાન્દુંગમાંથી 'હિંદુસ્તાન–બૉમ્બે' નામનું દૈનિક પત્ર નીકળે છે તે જાણીને સાનંદાશ્ચર્ય થયું. બાન્દુંગમાં 'સેનીરૂપ જીવ-મુક્તિ' નામની સંસ્થામાં ચિત્રકળા પણ શીખવવામાં આવે છે. રાત તેજુમલજીને ઘેર ગાળી બીજે દિવસે વિમાનમાં જ(ય)કર્તા પાછો ફર્યો. (ચાલુ)

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળા 'માંદગીનાં મૂળ'નો હપતો ઓગણચાલીસમો

# અપચો

## અનેક લક્ષણો અને અનેક કારણોવાળો રોગ

**પાચનક્રિયાનો** બગાડો એ અપચો (Indigestion or Dyspepsia) છે. આ રોગનાં ચિહ્નો ઘણાનાં જાણીતાં છે. તે રોગીએ રોગીએ જુદાંજુદાં હોય છે. અરે, એકના એક રોગીમાં તે રોજનાં રોજ બદલાય છે, કારણ કે રોગીની પાછળ રહેલા ચિત્ત-દૌર્બલ્ય (Neurasthenia)ના કારણે એમાં અવનવા રંગો પુરાય છે!

રોગનાં લક્ષણો આ પ્રમાણે છે: સવારના પહોરમાં મોંમાં ખરાબ સ્વાદ, હોઠ સુકાવા, તરસ, વાયુપ્રકોપ, ગરબાઇ બળવી, ખાટા ગચરકા, ભૂખનાશ, (કોઇને વધારે ભૂખ લાગવી), વારંવાર દસ્ત થતો હોવા છતાં બંધકોષ, થોડા રોગીઓમાં ઝાડા, થોડા રોગીઓમાં મોંમાંથી દુર્ગંધ છૂટવી ને સ્ત્રીઓમાં મોટા ઓડકાર. ઉપરાંત માથાનો દુખાવો, ચીડિયો સ્વભાવ, નિરાશાવાદી નિરુત્સાહ, માંદલી તબિયતની ફરિયાદ, ગાઢ નિદ્રાનો અભાવ, ખાધા બાદ ઘેન, આળસ, થાક અને બેચેની. વળી, શરીરે ખંજવાળ, શીળસ, ઠંડા હાથપગ, આખા શરીરે ધખારો–ખાસ કરીને હાથપગનો તપારો, કામ કરવાની અશક્તિ, આંખોની આસપાસ કાળા ડાઘા, ફિક્કો વાન, થોડો તાવ, હાંફ, ગભરામણ ને છાતીમાં હૃદયના ભાગમાં વેદના.

આટલાં બધાં ચિહ્નોવાળા રોગનો રોગી પોતાના શરીરની કામગીરીઓ પરત્વે ખૂબ લક્ષ્ય આપે છે. તે પોતાની જીભ, ઝાડા ને પેશાબનો રંગ જોયા કરે છે. છાશ જેવો ઝાડો અને ધોળો પેશાબ જોઈ એની વ્યગ્રતા વધે છે, તો પાચન અંગેની બેચેની અનુભવી વધારે દુઃખી થાય છે.

અતિશય અનિયમિતતા એ આ રોગનું ખાસ લક્ષણ છે. એક દિવસ રોગીને માંદગી વધારે લાગે છે, તો કાંઈ પણ કારણ વિના બીજી ઘડીએ સારું લાગે છે! કોક વખત સવારે, તો કોક વખત સાંજે તબિયત એકદમ બગડી આવે છે. એક વખતનો ખોરાક બેચેની વધારનારો નીવડે છે તો બીજી વખત એને હળવી કરે છે.

ચિંતા અને ઉશ્કેરાટથી રોગીના દુઃખમાં વધારો થાય છે. આ રોગીઓ કલ્પનામૂલક હોઈ નાની બાબતોને મોટું સ્વરૂપ આપી માંદગીને નાહક વધારી મૂકે છે, તો વળી જિંદગીમાં નવી બાબતો—જેવી કે કુટુંબમાં લગ્ન, ધાર્મિક ઉત્સવ, મનગમતી વાતચીત, નવી દવા કે નવો દાક્તર કામચલાઉ રાહત આપનારાં નીવડે છે!

**આ** રોગનાં વિવિધ લક્ષણોની જેમ એની ઉત્પત્તિનાં કારણો પણ વિવિધ છે. મોટા ભાગે પાચનમાર્ગના રોગો (જેવા કે મરડો, પિત્તાશયનો સોજો ને હોજરીનો સોજો) થયા પછી અપચો થઈ આવે છે. કોક માણસોમાં તો હોજરીના રોગો થઇ આવવાનું વલણ (Diathesis) જ હોય છે. આ જમાનાનો કપરો જીવનસંગ્રામ અને જિંદગીની મુશ્કેલીઓને લીધે માનવી જ્ઞાનતંત્રથી તૂટી પડીને પણ અપચાનો સહજ ભોગ બને છે. ગ્રામવાસીઓમાં આ રોગ જવલ્લે થાય છે, પણ આર્થિક બોજના ભોગ બનનારા શહેરીઓમાં આ રોગ સામાન્ય છે. જે બુદ્ધિવાદી માણસો બેઠાડુ જીવન ગાળે છે અને જેમની જિંદગીમાં શ્રમ કે વ્યાયામ જેવું કંઈ હોતું નથી તેમનું પાચનતંત્ર શરીરની નિષ્ક્રિયતાને લીધે મંદ પડે એ સ્વાભાવિક છે. છતાં તેઓ જીભસ્વાદથી પ્રેરાઇને તીખાતમતમતા, તળેલા કે સ્વાદિષ્ટ ખોરાક તો ખાતા જ હોય છે! આ પાચનતંત્ર ઉપર ભારરૂપ નીવડી છેવટે અપચાની સ્થિતિ આવી પડે છે.

અને, અપચો થવાનાં સામાન્ય કારણો તો ઘણાં છે: જરૂર કરતાં વધારેપડતું ખાવું, બહુ ઝડપથી લૂસલૂસ ખાવું, ખરાબ દાંતના કારણે ખોરાક બરાબર ન ચાવવો, લાગણીના ઉશ્કેરાટ કે માનસિક શ્રમ દરમિયાન ખાવું, ખાતી વખતે સાથોસાથ મોટા પ્રમાણમાં હવા ગળવી. બીજાં કારણોમાં પુષ્કળ ધૂમ્રપાન, બંધકોષ, કાચોપાકો ખોરાક કે વધારે ચરબીવાળો ખોરાક ખાવો અને વાયુ કરનાર શાક જેવાં કે લીલા વટાણા, તુવેરના લીલવા, કોબીજ, ડુંગળી વગેરે વધારે પ્રમાણમાં ખાવાં.


હોજરીની કામગીરીમાં ફેરફાર થતાં અપચાનાં ચિહ્નો દેખા દે છે. હોજરીની કામગીરીમાં અંતરાય આણનાર મુખ્યત્વે તો 'ચરબી' છે. એનાથી હોજરીની આકુંચનલહરી ઓછી થાય છે. હોજરીની આ શક્તિ ઘટતાં તે ઓછી દૃઢ અને વધારે ઢીલી બને છે. આથી એમાંથી ખોરાક ખાલી થતાં વધારે વખત લાગે છે. હોજરીમાં જો સમધારણ ભરાવો હોય તો તે એની કામગીરી માટે ઉત્તેજક છે; પણ વધારેપડતું ખાવાથી થએલો વધારે ભરાવો તેની કામગીરીમાં અંતરાય ઊભો કરી હોજરીના ફુલાવાની લાગણી ઊભી કરે છે.

અપચાનાં મુખ્ય ચિહ્નો ત્રણ છે: ઊબકા, હોજરીમાં દાહ અને વાયુપ્રકોપ (Flatulence). વાયુપ્રકોપ એટલે હોજરીમાં પુષ્કળ વાયુનો ભરાવો થવો તે. હોજરીમાં ભરાએલો વાયુ ઓડકાર વાટે બહાર પડે છે. મનોદુર્બળ (નર્વસ) માણસોના પેટમાં ખાતી અને પાણી પીતી વખતે પુષ્કળ હવા જાય છે. સોડા-લેમનનાં પીણાંથી પણ હોજરીમાં વાયુ પ્રવેશે છે. આથી અતિશય વાયુથી પેટમાં ભરાવા ને ફુલાવાની સંવેદના થાય છે, જે વારવારના ઓડકારથી કંઈક હળવી બને છે. રોગીને ખાવાની અરુચિ રહે છે. ખાધા બાદ ખૂબ બેચેની ને અકળામણ થાય છે. કદીક પેટમાં ઝીણી ચૂંક પણ આવે છે, જે ઓડકાર કે વાછૂટ થયા બાદ હળવી બને છે કે મટી જાય છે.

એ તો જાણીતી હકીકત છે કે મનની લાગણી અને ખોરાકના પાચન વચ્ચે ગાઢ સંબંધ છે. ભય વખતે લાળનો સ્રાવ (જેને મોંનું અમી કહીએ છીએ તે) બંધ પડે છે ને મોઢું સુકાય છે. આથી ઊલટું મઘમઘતા ખોરાકનાં દૃશ્ય ગંધ અરે, વિચાર માત્રથી પણ મોઢામાં પાણી છૂટે છે! આવી જ રીતે ભૂખ, ચર્વણ, ગમતા ખોરાકનો સ્વાદ અને મનની આનંદિત સ્થિતિ વખતે હોજરીમાં પણ પાચક રસો સ્રવે છે; જ્યારે ભય, ક્રોધ, ઉશ્કેરાટ, ચિંતા અને થાક વખતે પાચક રસો ઘટે છે, જેને પરિણામે ખોરાકના પાચનમાં ઢીલ થાય છે, હોજરીમાંથી ખોરાક ઘણો ધીમેથી ખાલી થાય છે અને બંધકોષ આવી પડે છે. ખાધા પછી પેટ ભારે લાગે એ હોજરીમાંથી ખોરાક મોડો ખાલી થયાની નિશાની છે. આ ઉપરથી સમજાશે કે ખોરાકના સારા પાચન માટે ભૂખ ઉપરાંત મનગમતો ખોરાક, ખાતી વખતે શાંત વાતાવરણ, પ્રસન્ન સાથીદારી અને આનંદિત કે સ્વસ્થ મન ઘણાં જરૂરી છે.

**અ**પચાના રોગની સામાજિક અસરો પણ ઘણી મહત્ત્વની છે. રોગી પોતાની જાત માટે અને આસપાસનાં માણસો માટે ચીડનું કારણ બને છે. જો તે કોઈ અમલદાર કે માલિક હોય તો હાથ નીચેના માણસોનાં કામકાજમાં બિનજરૂરી ડખલો ઊભી કર્યા કરે છે. ઘરની મુશ્કેલીઓ, કામકાજમાં બિનફાવટ અને પોતાના પડોશીઓ સાથે સમભાવથી રહેવાની બિનઆવડતના કારણે પણ અપચો થઈ આવે છે, અથવા તો થએલો અપચો કાયમ રહે છે. કોઇને થશે કે અપચા

**અડગ નિર્ધાર ને અથાગ શ્રમથી એણે પોતાની અપંગતા પર વિજય મેળવી અનેક અપંગોનું કલ્યાણ કર્યું**



જન્મથી અપંગ એક માણસે અડગ નિરધાર અને સતત પરિશ્રમથી અપંગતા પર વિજય મેળવી હજારો અપંગોને જે નવી આશા અને જીવનમાર્ગ આપ્યાં છે તેની આ પ્રેરક કથા છે.



૧૯૧૨ના મેની ૧૦મી તારીખે ન્યૂ યૉર્ક સિટી ઇસ્પિતાલની એક નર્સ, વિકાર્ડી દંપતી સમક્ષ તેમના નવજાત પુત્રને લઇ આવી ત્યારે એ ગરીબ માતાપિતાના આનંદનો પાર ન હતો.



પણ પછી નર્સે જ્યારે તેમને ધીમેથી સમજાવ્યું કે આ પુત્ર જીવનભર અપંગ રહેશે, કેમકે તેને પગની જગ્યાએ માત્ર ઠૂંઠાં છે, ત્યારે તેમનો એ આનંદ ઊંડા આઘાતમાં ફેરવાઇ ગયો.



નાના હેન્રીનાં પ્રારંભનાં વર્ષો વેદનાના ધુમ્મસ જેવાં હતાં. ડૉકટરો તેના ઠૂંઠા પગ પર ઉપરા-ઉપરી શસ્ત્રક્રિયા કરતા. આખરે તે ધીમેધીમે ખોડંગાતો ચાલી શક્યો.પણ ત્યારે યે તે પાણી-વાળો છોકરો પોતાને અપંગ માનતો નહિ !



શાળાનો ૧૨ વર્ષનો અભ્યાસ ૮ વર્ષમાં પૂરો કર્યો ત્યાં પિતાનું મૃત્યુ થતાં તેણે બાસ્કેટ-બૉલની રમતના રેફરી તરીકે કામ કરી માતાનું ભરણપોષણ કરવા માંડ્યું. પીંગસવાનું કામ કરી તેણે કૉલેજના અભ્યાસનું ખર્ચ કાઢ્યું.



૨૬ની વયે વધુ શસ્ત્રક્રિયાને અંતે કૃત્રિમ પગ બેસાડ્યા પછી સૌપ્રથમ પોતાની જાતને સામાન્યજન જેવી જોઇ ત્યારે તે રડી પડ્યો. તેણે ત્વરાથી નવા પગ વડે મોટર ચલાવતાં, હોડી હાંકતાં ને નૃત્ય કરતાં પણ શીખી લીધું.


---

જેવા રોગની આવી અસરો વધારેપડતી કહેવાય; પણ આ રોગને લીધે રોગીની કાર્યક્ષમતા અને કુટુંબની સુખશાંતિ એટલાં બધાં જોખમાય છે કે એનો ખયાલ પણ ન આવી શકે.

ઉપચારમાં રોગીએ સાદો છતાં સપ્રમાણ ખોરાક લેવો. ખાતી વખતે પ્રસન્ન ચિત્ત રાખવું. આનંદિત વાતાવરણમાં ખાવું. ખૂબ થાક ઉશ્કેરાટ કે ગ્લાનિ હોય ત્યારે તરત ન ખાવું. એવા પ્રસંગે અરધા કલાકનો આરામ લઈ મનોશાંતિ પ્રાપ્ત થયા બાદ ખાવું. ખાતી વખતે પણ કોઈ પણ જાતનો ઉશ્કેરાટ ન કરવો. ખૂબ ચાવીને ધીરેથી ખાવું, તેમ ખાધા બાદ પણ ઉશ્કેરાટ ન કરવો.

ખાતા અગાઉ ધૂમ્રપાન ન કરવું. ધૂમ્રપાનથી પાચક રસો ખૂબ સ્રવે છે, જેનું વધારેપડતું પ્રમાણ પાચનમાં અંતરાયરૂપ નીવડે છે. સારી રીતે રાંધેલો અને ભૂખ પ્રદીપ્ત કરે એવો ખોરાક 'પ્રમાણસર' ખાવો. હમેશાં યાદ રાખો કે ખોરાકનું વધુ પ્રમાણ હોજરીમાં દબાણ અને ભરાવો કરે છે અને પાચનમાં હરકતકર્તા નીવડે જ છે.


ખાવા ઉપર ખૂબ કાબૂ રાખવો. ખાટા ગચરકા, પેટમાં ભાર અને ઓડકાર વગેરે, હોજરી ખોરાક લેવાની ના પાડતી હોવાનાં ચિહ્નો હોવા છતાં ય આ રોગના રોગીની જીભને ખાવાના ચટાકા બહુ થાય છે. તે તીખાતમતમતા ને ખાટાગળ્યા ખોરાક ખાવા તરફ વળે છે. પછી ખાધા બાદ પેટમાં બેચેની કે અકળામણ થતાં સોડા પીવાથી માંડી દ્રાક્ષના ચૂર્ણની ગોળી, સોડા બાઇકાર્બ કે હિંગાષ્ટક ફાકવા સુધીના




હવે ઉત્સાહપૂર્વક જીવન જોગવતા હેન્રીએ લગ્ન કર્યું અને અપંગોને અનુકૂળ નોકરી અપાવવાનું કામ શરૂ કર્યું. દાખલા તરીકે હૉટેલમાં ગ્લાસ સાફ કરવાના યંત્રમાંથી તે બહાર આવે ત્યારે બહુ જ ગરમ હોવાથી તે બહુ ફૂટતા.




ત્યાં પોલાદના બનાવટી હાથવાળા માણસથી આ પ્રશ્ન ઉકલી ગયો. ૧૯૫૨ના ઑગસ્ટમાં પોતે સદા જેનું સ્વપ્ન સેવ્યું હતું તે 'ઍબિલિટીઝ' સંસ્થા સ્થાપી. નફાના હેતુ વિનાની એ પેઢી અપંગ લોકોને જ નોકરીએ રાખતી.



તેનો નફો નોકરિયાતોનાં કલ્યાણ, સંશોધન અને પેઢીના વિકાસ માટે વપરાતો. ભાવ ને કામના પાયા ઉપર એ જુદાજુદા કૉન્ટ્રાકટ લેતી ને પોતાના કામની અત્યંત ગુણવત્તાથી કૉન્ટ્રાકટ આપનારાને અચંબો પમાડતી!



'ઍબિલિટીઝ'માં દરેક વ્યક્તિએ ઓછામાં ઓછાં ત્રણ કામમાં પ્રવીણતા મેળવવી પડે છે, જેથી એક કૉન્ટ્રાકટ પૂરો થતાં કામદારને બેકાર રહેવું પડતું નથી. ઉપરાંત બીજી પેઢીમાં પણ નોકરી મળવાની તેને વધુ તક રહી શકે છે.




પાંચ જ વર્ષમાં એ પેઢી બે નોકરિયાતોમાંથી વધીને ૩૧૮ નોકરિયાતો સુધી પહોંચી; એનો વેપાર વર્ષે કરોડોનો થયો; કારખાનાનો વિસ્તાર ૨૦૦૦થી વધીને ૪૦,૦૦૦ ચોરસ ફૂટ થયો. આજે તે ૩૦ પેઢીઓ જેટલું કામ કરે છે!



નિતનવા અપંગ માણસોને નોકરી આપી શકતી 'ઍબિલિટીઝ' સમક્ષ અસીમ ભાવી પડયું છે. હેન્રી વિકાર્ડીને અનેક ચાંદ મળ્યા છે, જેમાંનો એક ૧૯૫૭માં ખ્રિસ્તી સિદ્ધાન્તો પુષ્ટ કરવા માટે શ્રેષ્ઠ યત્ન કરનાર તરીકેનો હતો.

ઉપચાર કરવા માંડે છે. બિનજરૂરી ખોરાકને પચાવવા માટે આવું આપમેળે વૈદું કરવા જતાં તે રોગની સ્થિતિ વધારનારું નીવડે છે. એટલે અપચા વખતે પહેલું પગલું તો એ કે બારથી ચોવીસ કલાક સુધી પેટમાં કશું જ નાખવું નહિ. એ દરમિયાન શુદ્ધ પાણી જ પીવું. પછી થોડોક પ્રવાહી ખોરાક લેવો ને ત્યાર બાદ ધીરેથી ઘટ્ટ ખોરાક ઉપર આવવું. અપચાના રોગીએ કાચાં ફળો, કાચાં શાકો, ઘઉં, ઘી, મરીમસાલા, તળેલા ખોરાક ને વધારેપડતી ખાંડ ન ખાવાં. ખોરાક ખૂબ ચાવીને ખાવો. ખોરાકના બે ટંક વચ્ચે છ કલાકનો આંતરો રાખવો. ચા કૉફી અને તમાકુ તદ્દન ઓછાં કરવાં. ચોખ્ખી હવા, માફકસર કસરત, નિયમિત કામકાજ, આરામ ને પૂરતી ઊંઘ આ રોગ મટાડવામાં સહાયભૂત થાય છે.

# ગૂમડાં અને પાઠું

ચામડીનો સોજો એ ગૂમડું (Boil) છે. વાળના મૂળમાં કે મૂળની જોડે આવેલી મેદસ્વી ગ્રંથિમાં સ્ટૅફિલોકૉકસ નામના જીવાણુઓનો ચેપ લાગવાથી ગૂમડાં થઇ આવે છે. સૂક્ષ્મદર્શક યંત્રમાંથી જોતાં આ જીવાણુઓ દ્રાક્ષના ઝુમખાની જેમ એકઠા થએલા નજરે પડે છે. ચામડીની સપાટી ઉપર તે સદા હાજર રહે છે, અને સાધારણ રીતે કશી ઈજા નથી કરતાં હોતા.

દરેકને ચામડીમાં વાળના મૂળ હોય છે, અને તેમ દરેકની ચામડી ઉપર આ સ્ટૅફિલોકૉકસ જીવાણુઓ વસે છે. પણ ગૂમડું થઇ આવવા

માટે તો વધારાનાં કારણો હોવાં જોઇએ. કાં તો જીવાણુઓ સામેનાં શરીરનાં રક્ષણ-બળો નબળાં પડેલાં હોય, કે વધારે સંખ્યામાં જીવાણુઓ હાજર હોય; યા તો બીજા લોકોને ગૂમડાંએ પેદા કરેલા હુમલાખોર ને વધારે ઝેરી જીવાણુઓ ચામડી ઉપર હાજર હોય ત્યારે આપણને પણ તે થઈ આવે.

આ છેલ્લી બાબત સૌએ ધ્યાનમાં રાખવા જેવી છે. ગૂમડાં થયાં હોય તેમણે પોતાનાં કપડાં, ટુવાલ, રૂમાલ વગેરે બીજા ન વાપરે તેની તકેદારી રાખવી. ડ્રેસિંગના પરુવાળી પટ્ટીઓ ને રૂ કચરા પેટીમાં ફેંકી દેવાં કે બાળી જ નાખવાં, જેથી બીજા કોઈને તેના સ્પર્શથી ચેપ ન લાગે.

નાદુરસ્ત તબિયત કે વધારેપડતી ચિંતાને કારણે શરીરના રક્ષણ-બળો ઘટે છે. નાક દાંત અને સાયનસોના રોગને લીધે, તેમજ ડાયાબીટિસ (મધુપ્રમેહ) જેવા રોગમાં પણ શરીરનાં રક્ષણબળો ઘટે છે અને જીવાણુઓનો ચેપ જલદી લાગુ પડે છે. ચામડી આળી બનાવે એવી કોઇ પણ સ્થિતિ ચેપના પ્રવેશને મોકળો બનાવે છે. આ વખતે ખંજવાળથી ચામડી તૂટે છે અને સ્ટેફિલોકૉક્સ જીવાણુઓને અંદર પ્રવેશ મળે છે. બે કે ત્રણ દિવસ બાદ ગૂમડું થઈ આવે છે.

વાળના મૂળમાં કે ચામડીની તડમાં સ્ટેફિલોકૉક્સને પ્રવેશ મળે કે તરત શરીર તે હુમલાને ખાળવાનાં પગલાં લે છે. તે ભાગની લોહીની નળીઓ મોટી બને છે, જેથી ત્યાં વધારે પ્રમાણમાં લોહી ધસી આવે છે. આ લોહીમાં 'ફૅગોસાઇટ' (Phagocyte) નામના ધોળા કણો ઘણા વધારે હોય છે. આ ફૅગોસાઈટ પેલા સ્ટેફિલોકૉક્સ જીવાણુઓને ખાઇ જઇ તેનો નાશ કરે છે. આ કણો હુમલાખોર જીવાણુઓ ઉપર જેટલો વિજય મેળવે એના ઉપર આરામ થવાનો આધાર છે આ ક્રિયામાં ઘણા ફૅગોસાઇટ નાશ પામે છે. એનું પરુ કે ધોળો-પીળો બગદો બને છે. ગૂમડાની મધ્યમાં લીલો બિયો હોયછે, જે ચેપના પરિણામે નાશ પામેલો ચામડીનો નાનો ટુકડો છે. આની આસપાસ પરુ હોય છે. આ બધાં મળીને ચામડીની સપાટી ઉપર એક લાલ, વેદનાભર્યા, ગંદા સોજાનો દેખાવ રજૂ થાય છે. એ ગૂમડું.

ગૂમડું શરીરના કોઇ પણ ભાગમાં થઈ આવે છે. પણ બગલમાં કે બેસવાનું ન ફાવે એવી જગ્યાએ થતાં ગૂમડાં ઘણો ત્રાસ ઉપજાવે છે. ફરીફરી વાર થઇ આવવાની પણ ગૂમડાંની ખાસિયત છે. વળી વધારે ગળ્યા પદાર્થો ખાનારને ગૂમડાં ખાસ થઇ આવે છે: યા તો વધુ-પડતું કામ ઉપાડનાર કે અપૂરતું પોષણ પામનારને તે થઇ આવે છે. કોઈક વાર પરુ થયા વિના ગૂમડું બેસી પણ જાય છે. પરંતુ મોટા ભાગે તો એમાં પરુ જ થાય છે, જે ચામડી વાટે બહાર નીકળી જાય છે. ગૂમડાંમાં સોજો, ગરમી, લાલાશ ને વેદના હોય છે, જે પરુ થતાં શમે છે.

ચામડી સિવાય બીજે થતાં ગૂમડાંને ઍબ્સેસ (Abcess) કહે છે. આવાં ઍબ્સેસ કાન, ચોળિયા, દાંત, મગજ કે ગ્રંથિમાં થઈ આવે છે. ક્ષયના કારણે મોટું ઍબ્સેસ થઇ આવે છે. બીજા પ્રકારનાં ગૂમડાં કરતાં આમાં ફેર એટલો હોય છે કે તે સ્પર્શથી જોતાં ઠંડું લાગે છે. આથી એને ઠંડું ગૂમડું કે 'કોલ્ડ ઍબ્સેસ' પણ કહેવામાં આવે છે.

ઉપલા હોઠ પર, નાકના ટેરવા પર અને નસકોરાંની અંદર થઈ આવેલી ફોલ્લી કે ગૂમડું ઘણું ભયપ્રદ છે. એનો ચેપ શિરાઓ વાટે જો મગજમાં જાય તો મેનિનજાઇટિસની સ્થિતિ આવી પડતાં રોગી મૃત્યુના મુખમાં ધકેલાય છે. માટે આ ભાગની ફોલ્લીનો ઘરગથ્થુ ઉપચાર ન કરતાં તરત દાક્તરી સારવાર લેવી હિતાવહ છે.

બહોળા વિસ્તારનું ગૂમડું એ પાઠું (Carbuncle) કહેવાય છે. ગૂમડામાં વાળના મૂળમાં, મેદસ્વી કે પ્રસ્વેદ ગ્રંથિમાં ચેપ હોય છે; જ્યારે પાઠામાં તે બહોળો ફેલાવો પામે છે, જેનાથી ચામડી નીચેની મોટા વિસ્તારની પેશીઓ નાશ પામે છે. સ્ત્રીઓ કરતાં પુરુષોમાં તે ત્રણગણું વધારે થાય છે. એને થવાની ખાસ જગ્યા ગરદન કે બોચી છે. આ રોગી નાદુરસ્ત તબિયતનો હોઇ ચેપ સામેની એની પ્રતિકાર-શક્તિ ઘટેલી હોય છે. નાદુરસ્ત તબિયતનું મૂળ કારણ ડાયાબીટિસ રોગ પણ હોઈ શકે. ચામડી ઉપરના ઉઝરડા કે મૂઢમારની ઈજાના સ્થાને અગર તો કોટના કૉલરના સતત ઘસારામાંથી પાઠું થઈ આવે છે. ભિન્નભિન્ન જગ્યાએ ચેપ શરૂ થાય છે, જે પછી એકઠો મળી પાઠાનું એક મોટું ગૂમડું બને છે.

શરૂમાં પાઠું ગોળ, સખત ને વેદનાભર્યા સોજા રૂપે હોય છે. પ્રથમ ચામડી લાલ ને પછી ગંદી ભૂરી બને છે. ધીમેધીમે સોજો વધે છે ને મધ્યમાંથી પોચો બને છે. પછી સોજામાં અનેક છિદ્રો પડે છે અને એમાંથી પરુ આવે છે. ગૂમડા કરતાં પાઠામાં ઘણાં છિદ્રો રહે છે. આ એની ઓળખની નિશાની છે. આપણામાં માન્યતા છે કે આંખેથી ન દેખાય એવા શરીરના ભાગો ઉપર થતું ગૂમડું પાઠું છે, પણ આ ખોટું છે. એ શરીરના કોઈ પણ ભાગ ઉપર થઈ આવે છે. મોટા ભાગે તો તે ડાયાબીટિસ અને ગુરદાના રોગવાળા શરીરમાં થઇ આવે છે, અને આથી જ એની ગંભીરતા લેખાય છે;—જોકે સલ્ફા ઔષધિઓ અને પેનિસિલીનની શોધ પછી આ ગંભીરતાનું પ્રમાણ ઘણું ઘટયું છે. એમાં બિયાનું પ્રમાણ મોટું હોવાથી શસ્ત્રક્રિયાનો આશરો લીધા વિના રૂઝ નથી આવતી. પણ પાઠાની શરૂઆતમાં ડાયાથર્મીના શેક અને પેનિ-સિલીનનાંઈન્જેકશનનીસારવારથી હવેશસ્ત્રક્રિયાની જરૂર રહેતી નથી.

ઉપરાઉપરી થતાં ગૂમડાં ને ફોલ્લી માટે દાક્તરી સલાહ લેવી જરૂરી છે. દાક્તર તમારું શરીર, સાયનસો અને મધુપ્રમેહ માટે પેશાબ તપાસશે ને થવાનું મૂળ કારણ જાણી લઈ તમને યોગ્ય દોરવણી આપશે.

ગૂમડાં કે ફોલ્લીને ચૂંટવાની કે દબાવવાની ભૂલ હરગીઝ કરશો મા. આથી એનો ચેપ ચામડીમાં ફેલાય છે. અમુક જગ્યાએ વારંવાર ગૂમડાં થતાં હોય તો તેની આસપાસની ચામડી જંતુઘ્ન સાબુ કે લોશન વતી ચોખ્ખી રાખવી. ઘરગથ્થુ ઉપચારમાં પ્રથમ જુલાબ લેવો. એકબે દિવસ ઉપવાસ કે ફળાહાર ને શાકાહાર ઉપર નભવાથી ઘણો ફાયદો કરે છે. ગૂમડાના સ્થાનિક ઉપચારમાં ઘઉંની પોટીસ, બેલેડોનાની પટ્ટી, ઍન્ટીફ્લોજેસ્ટીનનો લેપ કે માટીની લોપરી ઉપયોગી છે. વિલાયતી મીઠું કે બોરિક નાખેલા ગરમ પાણીનો શેક પણ ફાયદો કરે છે. એમાં ચારપાંચ ગડ વાળેલા કાપડની પટ્ટીને ગરમ પાણીમાં પલાળી ગૂમડા ઉપર મૂકવાની હોય છે. આ ડ્રેસિંગ દર ચાર કલાકે બદલવું. ગૂમડું ફાટયા બાદ ગરમને બદલે ઠંડા પાણીનો ઉપયોગ રૂઝ આણી દે છે. જાળવવાનું એટલું કે આમાં વપરાતા પાણીને પોટાશ પરમૅન્ગેનેટ કે બોરિક નાખીને વિશુદ્ધ બનાવવું. લિનિમેન્ટ આયોડીન, સ્પિરિટ કૅમ્ફર, સલ્ફેનીમાઈડ પાઉડર, ટેરામાયસીન મલમ વગેરે લગાડવાથી ફોલ્લીઓ ને ગૂમડાં બેસી જાય છે.

લોહીમાં ફેગોસાઇટો પેદા થવામાં મદદરૂપ થવા માટે સ્ટેનોફ્યુસીલ અને યીસ્ટની ગોળીઓ વાપરવી સારી છે. જોકે ગૂમડાં અને પાઠાની સારવારમાં પેનિસિલીનના વપરાશથી ચિકિત્સાક્ષેત્રમાં ક્રાન્તિકારી ફેરફારો થયા છે. એનાથી સ્ટેફીલોકૉક્સ જીવાણુઓ મરી જાય છે. ગૂમડાં અને ફોલ્લીઓની નાબૂદી માટે ખાવાની દવા માટે સલ્ફા ઔષધિઓ અને પેનિસિલીન તથા ટેરામાયસીન ઉત્તમ નીવડયાં છે.



# પાનાંની રમત

ચારને બદલે બે કે ત્રણ જણ પણ રમી શકે અને દસબાર વર્ષનાં નાનાં બાળકો પણ ભાગ લઈ શકે એવી આનંદદાયક રમત.

## [૬] ચાનસ

લેખક · સાધુરામ દવે

ચાનસ એ પાનાંની બીજી રમતો કરતાં જરા સહેલી હોઈ, ૧૦-૧૨ વર્ષનાં બાળકો પણ તેમાં ભાગ લઇ શકે. કોઈક વાર ચાર રમનારા ન હોય ત્યારે બે કે ત્રણ જણને રમવા માટે પણ આ રમત સારી છે. અલબત્ત, કલાકેક રમવા પૂરતી જ એ આનંદદાયક છે. એક નવીનતા ખાતર એ અવારનવાર રમી શકાય.

આમાં ભિલ્લુઓ નથી. હલકું પાનું ખેંચનાર ચીપે અને જમણી બાજુનો રમનાર પાનાં કાપ્યા બાદ, **ઉપરનાં ચાર પાન ઉઘાડાં કરી દે. અને તે પાનાં રમનારાઓની વચ્ચે મૂકે.** ત્યાર બાદ ડાબી બાજુથી શરૂ કરી, દરેક રમનારને ચારચાર પાન જ એકીસાથે વહેંચે. પ્રથમ પાનાં જેને અપાયાં હોય તે પહેલો રમે.

નીચે જે ઉઘાડાં પાનાં પડચાં હોય તેમાંની તે જ સંજ્ઞાનું પણ ગમે તે રંગનું આપણા હાથમાંનું એકવખતે એક જ પાનું નાખી જોડી બનાવીને તે પાનું આપણે લઈ શકીએ. તે બંને પાનાં આપણી આગળ ઊંધાં મૂકી રાખવાનાં. તે પાનાં આપણાં કહેવાય. રમવાનાં પાનાં હાથમાં હોય, પરંતુ રમાએલું પાનું, નીચે ઉઘાડેલાં પાનાં સાથે લઇએ તો તે આપણો હાથ ગણી, તે હાથ ઊંધો મૂકી રાખવો. **વારાફરતી દરેક જણ, એક વખતે એક જ પાનું, હાથમાંથી રમી શકે.** રમનાર નીચેનું પાનું ન લઈ શકે તો તેણે પોતાના હાથમાંનું મનગમતું પાનું, નીચેનાં ચત્તાં પાનાં સાથે ઉઘાડું જ મૂકી દેવાનું. આમ વારાફરતી રમત ચાલ્યા કરે. પહેલાં વહેંચાએલાં ચાર પાન દરેકની પાસે પૂરાં થઈ જાય, એટલે ફરીથી દરેકને બીજાં ચારચાર પાનાં વહેંચવાં. આમ પૂરાં પત્તાં વહેંચાઇજતાંસુધી રમત ચાલ્યા કરે. છેવટે જેની પાસે ઓછામાં ઓછાં પાનાં ભેગાં થયાં હોય તે હાર્યો અને તેણે જ પછીની બાજી ચીપવાની.

દૃષ્ટાંતથી આપણે આ સમજીએ. ધારો કે નીચે Q, K, 8 અને 9 એમ ચાર પાનાં ઉઘાડાં પડચાં છે. તમારા હાથમાંનું સંજ્ઞાનું ગમે તે એક પાનું (એટલે કે ગમે તે ભાતની Q, K, 8 યા 9) મૂકી, તમારા હાથનું તે પાનું અને નીચેનું તે જ સંજ્ઞાનું એમ બે પાનાં ભેગાં કરી લઈ, તમારી આગળ ઊંધાં મૂકી રાખો. હવે બીજાની ઊતર આવી. તેને બાકી રહેલાં ત્રણ પાનમાંથી જ તક રહેશે. તેની પાસે તેમાંનું એક પણ પાનું ન હોય તો પોતાને મનફાવતું પાનું ઊતરીને નીચે ખુલ્લું મૂકી દે.

હવે, ધારો કે નીચે K છે; અને તમારામાં બીજા બે યા ત્રણ K છે; તો નીચેના બાદશાહના પાન ઉપર, તમારા હાથમાંનો બાદશાહ ગોઠવી તમે તેની 'ચાનસ' બનાવો છો એમ કહી શકો. અને તે પાનાં ત્યાં જ રહેવા દઈ ફરીથી તમારી ઊતર મળે ત્યારે ત્રીજો K રજૂ કરીને તે બંને પાનની ચાનસ લઇ શકાય. યા તો ત્રીજો K મૂકીને ફરી ચાનસ ચાલુ રાખીને અને પછીની ઊતર વેળા ચોથા Kથી જ તે ચાનસ લઈ શકાય. આમ ચારે ય બાદશાહની ચાનસ બનાવીને તે આખી ચાનસ લઈ શકાય. એ જ રીતે કોઇ પણ સંજ્ઞાના પાનની ચાનસ બનાવી શકાય. **એમ ચાનસ જણાવ્યા બાદ, તે જ પાનાથી તે બાકીનાં પાનાં લઈ શકાય. ગમે તે રમનાર, તે ચાનસનું પાનું તેનામાં હોય તો, તે ચાનસ લઇ શકે.**

બીજું દૃષ્ટાંત. ધારો કે નીચે 5, 3 અને A ખુલ્લાં પડચાં છે. **A (એક્કો) આ રમતમાં 'એક'ની સંખ્યા બતાવે છે.** હવે તમારામાં છક્કો હોય તો, નીચેનો 5 અને A (પાંચ અને એક બરોબર છ) ભેગા કરી, તેનો સરવાળો છ ગણાવી, તેની ઉપર તમારો છક્કો મૂકી, એ ત્રણેય પાનાં (5, A અને 6) તમે લઈ શકો. તમારામાં એક વધુ છક્કો હોય તો પ્રથમનો છક્કો, જે 5 અને A ઉપર મૂકેલો તે ત્યાં જ રાખી, 'ચાનસ' જાહેર, બીજે વખતે તમારો રમવાનો દાવ આવ્યે, તમારા હાથમાંનો બીજો છક્કો મૂકી એ ચારે ય પાનાં પણ લઇ શકો. પરંતુ બીજા રમનારની ઊતર વખતે, ધારો કે તેનામાં પણ છક્કો હોય તો, તે પણ એ છક્કાની ચાનસ ઉઠાવી શકે! છક્કાની ચાનસ એક વખત બોલાયા બાદ તમે એ 5 અને A **જુદાં પાડી ન જ શકો.** એ બંને પાન, ત્યાં છક્કાની નીચે જ રહે તે તરફ ખાસ ધ્યાન આપવું. અને માત્ર બીજા છક્કાથી જ તે બધાં પાનાંની ચાનસ લઈ શકાય.

**આમ એક જ સંજ્ઞાના પાન ઉપર, તે જ સંજ્ઞાનું પાનું મૂકી અથવા નીચે પડેલાં કોઇ પણ પાનાંના અંકનો સરવાળો કરી, તે સરવાળાની સંજ્ઞાનું તમારા હાથનું પાનું, તે સરવાળો કરાએલાં પાનાં ઉપર મૂકી તે બધાં પાનાં તમે લઇ શકો.** એટલે 8, 9 કે 10 ઘણાં જ ઉપયોગી પાનાં થઇ પડશે.

ધારો કે નીચે A અને 2 પડેલા છે અને તમારા હાથમાં 5 અને 8 એમ પાનાં છે. તો તમે 5 નાખીને, બીજે વખતે 5, 2 અને A એમ ત્રણે ય પાનાં, એ 8 વડે ભેગાં કરી લેવાની કલ્પના કરી શકો. પરંતુ તેમાં એક પાકો ભય પણ છે. નીચે A અને 2 તો છે જ. એટલે A અથવા 2થી તે પાનાં બીજો લઇ શકે. તે ઉપરાંત તીરી વડે પણ તે બંને પાનાં (A+2=3) ઉઠાવી લે. હવે તમે તેમાં 5 નાખો તો તમે બીજાને 5+A ને છક્કાથી, 5+2 ને સત્તાથી તથા, 5+2+A ને અઠ્ઠાથી, એમ વધુ ત્રણ રીતે પાનાં ઉઠાવી લેવાની તક આપો છો. અલબત્ત તમે 8 નાખ્યો હોત ને બીજાનામાં નવ્વો કે દસ્સો હોત તોપણ નુકસાન થાત આમ બધી શકયતાઓનો વિચાર કરી, પાનાં નાખવાં કે ઉઠાવવાં.

આમ, સરવાળો કરીને ચાનસ કરી શકાય; પરંતુ **બાદબાકી, ગુણાકાર કે ભાગાકાર કરીને ચાનસ ન જ થાય!** નીચે 6 અને 2 હોય તો ૬+૨=૮ ગણીને અઠ્ઠો મૂકીને કુલ ત્રણ પાનાં તમે લઈ શકો. પરંતુ ૬−૨=૪ એમ કહીને 4 મૂકીને પાનાં ન જ લઈ શકો. યા તો ૬÷૨ માટે તીરી મૂકીને પણ ચાનસ ન બનાવી શકો. **દસ્સાથી વધુ અંક આ રમતમાં છે જ નહિ.** ગુલામ, રાણી અને બાદશાહ (J, Q, K) એ અહીં સ્વતંત્ર રીતે ચિત્રવાળાં પાનાં (પિક્ચર કાર્ડ્સ—(picture cards) તરીકે જ ગણાય. તેમને અહીં સંખ્યા અપાતી જ નથી તે ધ્યાનમાં રાખો.

ધારો કે નીચે 9, Q અને 4 પડેલાં છે. તમારામાં 9 અને Q હોય તો પ્રથમ રાણી જ ઉઠાવી લેવી. નવ્વો રમી લેવાની ઉતાવળ ન કરવી. કદાચ કોઇ 5 રમે તો પાછળથી ૫+૪ એમ કરીને, તમારા હાથમાંનો નવ્વો મૂકી, એ ત્રણેય પાનાં ઉઠાવી શકાય. આવી શકયતા-

આપણાં શરીર મન અને જ્ઞાનતંતુઓ ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી વ્યાયામપદ્ધતિ

# યોગાસનો



લેખક
દાજુભાઈ શુક્લ

## પ : પદ્માસન

પદ્મ એટલે કમળ. આ આસનને કમલાસન પણ કહે છે. એ આસનમાં હાથ ને પગના પંજા એવી રીતે ગોઠવાય છે કે એમનો દેખાવ ખીલેલા કમળ જેવો થઈ જાય છે, તેથી એને આ નામ મળ્યું લાગે છે.

પગ લાંબા કરીને બેસો. કમ્મરથી ઉપરના ભાગને સ્થિર ને સીધો રાખો. હવે જમણા પગને ઢીંચણમાંથી વાળીને ડાબા પગના સાથળ ઉપર મૂકો, અને તેવી જ રીતે ડાબા પગને વાળીને જમણા પગના સાથળ ઉપર મૂકો. શરીર થોડું સ્થૂળ હશે, અથવા ટેવ નહિ હોય, તો શરૂઆતમાં આવી રીતે પગ મૂકી શકાશે નહિ, અને ઢીંચણમાં દુખી આવશે તથા નસો ખેંચાતી લાગશે. પણ ધીમેધીમે અને દઢતાથી આગળ વધશો તો મુશ્કેલી આવશે નહિ. બંને પગની પાનીઓ દૂંટીની નીચે એકબીજીને લગભગ અડે એવી રીતે પગના પંજા ગોઠવો; અને બને હાથને કાં તો બંને ઢીંચણ ઉપર રાખો અથવા આ પાનીઓ ઉપર એકબીજામાં મૂકીને રાખો એટલે પદ્માસન થશે. આ આસન વખતે આંખોને નાકની અણી ઉપર સ્થિર રાખવાથી આંખોને પણ ફાયદો થાય છે.

આ આસન પ્રમાણમાં સહેલું છે, પણ એના ફાયદા ઓછા નથી. થોડી જ વાર આસન ઉપર સ્થિર બેસવાથી ઉશ્કેરાટ શમે છે અને શાંતિ અનુભવાય છે. ચિંતન માટે આ આસન ઉત્તમ છે. એના ઉપર અર્ધા કલાકથી શરૂ કરીને એક કલાક સુધી પણ બેસી શકાય છે. બીજાં કેટલાં ય આસનો આ આસન ઉપર બેસીને કે આ આસનની પગની સ્થિતિ રાખીને સૂઇને કે ઊંધે માથે કરી શકાય છે; એટલે સાધકે આ આસન સારી રીતે સિદ્ધ કરી લેવું જોઇએ.

---

ઓનો ખયાલ રાખવો પણ અગત્યનો છે.

**નીચેનું કોઈ પાનું આપણે ચાનસ યા જોડી બનાવી ન ઉપાડી શકીએ, તેમ હોઈએ, ત્યારે આપણા હાથનાં પાનાંમાંથી એવાં પાનાં રમવાં કે જે બીજા રમવાવાળાઓને ઓછામાં ઓછાં લાભદાયી થઈ શકે.** આ નિયમ, ખાસ ધ્યાનમાં રાખીને જ રમવું.

હવે જ્યારે છેલ્લાં ચાર પાનાં વહેંચાઈ જાય ત્યારે ખાસ હોશિયારી રાખવી. ચિત્રવાળાં પાનાં એટલે K,Q,J તો સામાન્યરીતે એક જ પાના તરીકે ઉપાડાશે, એટલે તેની બહુ ચિંતા નથી. પરંતુ હલકાં પાનાં નીચે હોય તેની વેતરણ ધ્યાનથી કરવી. હાથમાં 9 કે 10 હોય તેનો પૂરો ઉપયોગ થઈ શકે. અગાઉ રમતમાં 9,10 કેટલા રમાઈ ગયા છે તે યાદ રાખવું ખૂબ જ ફાયદાકારક થઈ પડે છે. હવે આ છેલ્લાં વહેંચાએલાં પાનાંમાં, રમત પૂરી થયે, કેટલાંક પાનાં ખુલ્લાં જ એટલે કોઇથી નહિ લેવાએલાં એવાં, નીચે પડી જ રહેવાનાં. **આ છેવટનાં વધી ગએલાં બધાં ખુલ્લાં પાનાં, જેણે છેલ્લી જોડી યા ચાનસ બનાવીને પાનાં ઉઠાવ્યાં હોય તેને મળી જાય.** એટલે એ છેલ્લાં ખુલ્લાં રહી ગએલાં પાનાં, જેણે છેલ્લી જોડી યા ચાનસ બનાવેલી તેને **મફતિયું બોનસ** સમજી લેવું. માટે છેલ્લું ચિત્રવાળું પાનું આપણી પાસે હોય તો સાચવીને તેવી છેલ્લી જ જોડી બનાવી લેવાની યોજના કરી રાખવી, યા બીજા કોઇ પણ પાનથી છેલ્લી ચાનસ યા જોડી કરી લેવાની શકયતા વિચારી લેવી. છેલ્લી જોડી યા ચાનસ લેનારને સરાસરી બેત્રણ પાન તો મફતિયાં મળશે જ.

રમતને અંતે, ઓછામાં ઓછાં પાનાં જેની પાસે હોય તે હાર્યો ગણાય. એટલેકે તે હારનારે, જોડી યા ચાનસ બનાવીને જે પાનાં ભેગાં કરીને પોતાની આગળ ઊંધાં મૂકી રાખ્યાં હતાં તેની સંખ્યા, બીજા રમનારાઓ કરતાં ઓછામાં ઓછી થઈ. આથી ઊલટું, વધુમાં વધુ પાનાં ભેગાં કરનાર જીત્યો ગણાય. હારેલો રમનાર, પછીની બાજી ચીપે. ચાર પાનાં ખુલ્લાં મૂકીને, દરેક રમનારને ચાર ચાર પાનાં વહેંચાયા બાદ, ડાબી બાજુનો ખેલાડી રમત શરૂ કરે. **એક વખતે એક પાનું જ રમી શકાય, અને તે પણ વારાફરતી.** આ નિયમો સમજી રમત રમવી. આને તદ્દન સહેલી રમત સમજી લેવાની જરૂર નથી—ચાનસમાં પણ ગણતરી અને ચાલાકીને પૂરો અવકાશ છે.

આ લેખ સાથે, આપણે ત્યાંની સામાન્ય પ્રચલિત પાનાંની રમતો વિષેની માહિતી પૂરી થાય છે. મને આશા છે કે, તે રમતોને વ્યવસ્થિત, નિયમબદ્ધ કરવાનો પ્રયત્ન સર્વ રમનારા આવકારશે ને બુદ્ધિપૂર્વક, હોશિયારીથી આ રમતો દરેક જણ રમશે. આ પાનાંની રમતો દરેક જણ પોતાની બનતી આવડતથી રમે અને નિર્દોષ આનંદ મેળવે. પાનાં રમવાનો મુખ્ય ઉદ્દેશ પણ નિર્દોષ આનંદ મેળવવાનો જ છે એ સર્વ ખયાલમાં રાખે. હારવું–જીતવું ગૌણ છે, રમત જ મોટી છે.

પાનાંની રમતોમાં આપણે જોઇ એ રમતો ઉપરાંત બીજી રમતો પણ પ્રચલિત છે પણ મોટા ભાગે તે જુગાર તરીકે જ રમાતી હોઇ, તેનો નિર્દેશ અહીં આપ્યો નથી.

હવે આવતા અંકમાં એક સુંદર અને ઈનામી કોયડો રજૂ કરીને ત્યાર બાદ, 'બ્રિજ' ઉપરની સળંગ લેખમાળા શરૂ કરાશું.

### એપ્રિલના અંકના કોયડાનો ઉકેલ

| દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર | પૂર્વ |
|---|---|---|---|
| ♣ J– | ♣ 8 | ♣ 9 | ♣ 10 |
| ♣ 7– | ♣ 6 | ♦ 2 | ♠ A |
| ♣ 5– | ♣ 4 | ♠ 6 | ♠ Q |
| ♠ 2– | ♠ 7 | ♠ 8 | ♥ A |
| ♠ 3 | ♠ 9 | ♠ 10– | ♥ K |
| ♥ 10 | ♥ 8 | ♥ 9– | ♥ 7 |
| ♥ 6– | ♠ K | ♦ 3 | ♥ 5 |
| ♥ 4– | ♠ J | ♦ 4 | ♥ 3 |
| ♠ 5– | ♣ A | ♦ 5 | ♥ Q |
| ♠ 4– | ♣ K | ♦ 6 | ♥ J |
| ♥ 2– | ♣ Q | ♦ 7 | ♦ A |
| ♣ 3– | ♦ K | ♦ 8 | ♦ Q |
| ♣ 2– | ♦ 10 | ♦ 9 | ♦ J |

પહેલી ઊતર દક્ષિણે કરેલી છે. ત્યાર બાદ દરેક હાથમાં જેની ઊતર આવેલી છે તેની બાજુમાં નાની લીટી ( – )નું ચિહ્ન મૂકેલું છે. આ રીતે ઉત્તર-દક્ષિણ ખેલાડીઓ તેરે તેર હાથ કરીને, સામાવાળાઓને બાવનિયોં પધરાવે છે!

# વ્યવહારુ યોગ

લેખક

**દેવેન્દ્ર પુ. મજમુદાર**

આ લેખના અનુસંધાને એક પત્રમાં લેખક લખે છે: "યોગ આસન વગેરેનો મારો પચ્ચીસ વર્ષનો પરિચય છે. 'હઠયોગ-દીપિકા', 'યોગસૂત્રો', બગાળી ભાષાના 'યોગીગુરુ'નો મહત્ત્વનો હિંદી અનુવાદ તેમજ 'કલ્યાણ'ના 'યોગાંક' વગેરેનાં પરિશીલન તથા વ્યવહારુ યોગીઓ સાથેના પ્રસંગો ઈ. દ્વારા જાતે સાવધાનીથી પ્રયોગો કરી પ્રકૃતિદત્ત રુગ્ણતા તથા નિર્બળતા સામે ઝઝૂમી આજે ૫૫ વરસની વયમર્યાદામાં ઉત્સાહ, શક્તિ તથા ચપળતા સાથે આનંદી જીવન-નિર્વાહ કરી રહ્યો છું. તેથી 'યોગ'નો સાવધાનીભર્યો ને ચીવટવાળો પ્રયોગ લોકપ્રિય થવામાં કૈંક સહાયભૂત થવાય એ હેતુથી આ લેખ લખ્યો છે. જો બર્નાર મૅકફૅડનની ઢબથી યોગનો પ્રચાર કરવા કોઈ માઈ મહાનુભાવ તૈયાર થાય તો આપણા દેશના સાર્વજનિક આરોગ્યમાં ઘણો જ ફાયદો થાય એવું મારું નમ્ર માનવું છે."

નિયમિત આસનો કરવા માટે આ દર્શાવેલો ક્રમ અનુકૂળ પડશે. આમાં માત્ર પા થી પોણા કલાકના સમયની જ જરૂર પડે છે, અને એ સમય જરા યે વધુ પડતો નથી. થોડા વહેલા ઊઠીને કે પછી રોજિંદા કાર્યક્રમોમાં સહેજસાજ ફેરફાર કરીને સરળતાથી મેળવી શકાય, ને પોતાના આરોગ્ય માટે શું એ કઠિન છે?



**શીર્ષાસન:** ૧ થી ૫ મિનિટ (સદી ગયું ન હોય તો ૪૦-૪૫ વર્ષનાને વર્જ્ય)
ઉતાવળ ન કરતાં બહુ સાવધાનીથી કરવું. હૃદ્રોગ, બ્લડ પ્રેશર વગેરેમાં તો ન જ કરવું. શરીરનાં નાડીતંત્ર, માર્મિક ગ્રંથિ વ. માટે સારું.



**સર્વાંગાસન:** ૧ થી ૩ મિનિટ (શીર્ષાસન કરતાં ઓછું જોખમી)
હૃદ્રોગ વગેરે વાળાઓ માટે વર્જ્ય. બધી માર્મિક ગ્રંથિઓનો યોગ્ય સ્રાવ થાય. આંખો સુધરે. ભૂખ ઊઘડે. શરીર નીરોગી રહે.




**હલાસન:** ½ થી ૧ મિનિટ
આ આસનથી કરોડને સારી કસરત મળે છે. અજીર્ણ, કબજિયાત અને મોટા થઇ ગએલા લીવર-યકૃત માટે ઘણું લાભદાયી.



**મત્સ્યાસન:** ૨ થી ૭ મિનિટ
ગળામાંની ગ્રંથિઓ, પેટના સ્નાયુઓ અને બીજા અવયવોને મજબૂત બનાવે છે.



**પશ્ચિમોત્તાનાસન:** ૧ થી ૨ મિનિટ
કમ્મરનો દુખાવો મટે છે. ચરબી ઘટે છે. જ્ઞાનતંતુઓ અને કરોડને માટે લાભદાયી. કબજિયાતવાળાએ લાંબો વખત ન કરવું.



**ભુજંગાસન:** ૧ થી ૨ મિનિટ
જમ્યા પછી કાયમ માટે પેટ ભારે લાગતું હોય તો તે દૂર થાય. કરોડને લાભદાયી.



**ધનુરાસન:** ૧ થી ૨ મિનિટ
કરોડ મજબૂત બને છે. ચરબી ઘટી શરીરમાં ચેતન વધે છે. ઝૂંઘ નીકળતી અટકે છે.



**અર્ધમત્સ્યેન્દ્રાસન:** દર પડખે ½ મિનિટ સુધી ૩ થી ૫ વાર
જૂની કબજિયાત અને જૂનું અજીર્ણ મટે છે. પેટના આંતરિક અવયવો નીરોગી અને તાકાતવાળા થાય છે.



**શવાસન:** ૫ થી ૧૦ મિનિટ (શીર્ષાસન ને સર્વાંગાસન પછી ખાસ)
સમય હોય તો દરેક આસન પછી નહિ તો બધાં આસનો પછી તો અવશ્ય કરવું જ. ઇતર વ્યાયામ આના પછી કરવો.

હમણાંહમણાં હિંદના જ નહિ પણ દુનિયાભરના લોકો યોગમાં રસ લેવા માંડ્યા છે. પણ 'યોગ' એ એક દર્શન—એટલે કે તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તની એક પ્રણાલી છે, તેની હિંદમાં—ને ખાસ કરી વિદેશોમાં બહુ ઓછાને જાણ છે. જાહેર જનતાને તો માત્ર તેની શરીરસ્વાસ્થ્યની વ્યવહારુ પદ્ધતિ, અને તેથી મળતી સિદ્ધિઓનું જ આકર્ષણ છે. તેમાં યે સિદ્ધિની વાત બાજુએ મૂકીએ તોપણ સંતોષકારક વાત એ છે કે યૌગિક વ્યાયામ પદ્ધતિની આરોગ્ય ઉપરની સારી અસરનો ચોમેર સ્વીકાર થવા માંડ્યો છે. આથી શરીરસ્વાસ્થ્ય મેળવી આપનાર એક વ્યવહારુ સાધન તરીકે જ અહીં એની ચર્ચા કરી છે.

આવો 'વ્યવહારુ યોગ' જેટલું ફળ આપનાર છે તેટલી જ ક્રિયામાં ચીવટ અને સાવધાની માગી લે છે; નહિ તો તે આરોગ્યને બદલે અનારોગ્ય નિપજાવે છે. અત્યારે જે બહોળા જનસમુદાયમાં આસનો વગેરે લોકપ્રિય થતાં જાય છે તે જોતાં, અને એ વ્યાયામ પ્રમાણમાં જોખમકારક ન હોવા છતાં, તેના પૂરેપૂરા ફળ માટે સાવધાની અને ચીવટ ઉપર સવિશેષ ભાર અપાવો જોઈએ.

માત્ર શરીરસ્વાસ્થ્ય ઉપર ભાર દેનાર યોગની આ પદ્ધતિ હઠયોગને નામે ઓળખાય છે. આમાં શબ્દાર્થ મુજબ 'હઠ' એટલે હઠીલાપણાથી કાર્ય સાધવું તે નહિ, પણ પરિભાષા પ્રમાણે 'હ' એટલે સૂર્ય, એટલે કે પિંગલા નાડી; અર્થાત્ જમણા નસકોરામાંથી વધારે મુક્તપણે વહેતો શ્વાસપ્રવાહ; અને 'ઠ' એટલે ચંદ્ર, અથવા ઈડા નાડી, અર્થાત્ ડાબા નસકોરામાંથી વધારે મુક્તપણે વહેતો શ્વાસ-પ્રવાહ. માણસને બંને નસકોરાં દ્વારા ઓછાવત્તો શ્વાસ નીકળ્યા કરે છે. પણ યોગ્ય વખતે યોગ્ય નસકોરામાંથી શ્વાસ નીકળતો રહે, તો માણસનું શરીરસ્વાસ્થ્ય ઉત્તમ પ્રકારનું રહે છે, અને તે ઉપરાંત આંતરમનની શક્તિઓ, સંયમ, શાંતિ, મનનો નિર્મળ આનંદ વગેરે સિદ્ધ થાય છે, જેની અત્યારના અશાન્ત યુગની અશાન્ત પેઢીને આખી દુનિયામાં જરૂર છે.

આ ઉપરથી જણાશે કે યોગમાં માત્ર આસનો ઉપરાંત નાડીશુદ્ધિ (જે આગળ ઉપર વર્ણવાશે) પણ બહુ ઉપયોગનો પ્રયોગ છે. જો માત્ર આ બન્ને પ્રયોગો જ નિયમિત ને પદ્ધતિસર કરવામાં આવે તો પણ તનમનનું ઉત્તમ આરોગ્ય મળે છે. આમાં 'આસનો' તો સુપરિચિત છે; છતાં એ મહત્ત્વના વ્યાયામ વિષે થોડી ચર્ચા જરૂરી છે.

પ્રથમ તો આસનોનો લાભ ઇચ્છનારે ધારી લેવું કે સામાન્યરીતે નિયમપૂર્વક, સતત, ઓછામાં ઓછું એક વરસ સુધી તે ન કરવામાં આવે તો તે બહુ ફાયદો નહિ આપે. ત્યાર બાદ ટેવ રૂઢ બની ગયાથી દૈનિક કાર્યક્રમનો તે એક ભાગ બની જશે. અત્યારે તો મેળાવડા, હરીફાઈ વગેરેમાં માત્ર પ્રદર્શન કરવા વિદ્યાર્થીઓ આસનો કે ફિઝિકલ કલ્ચરના શિષ્ટાચાર તરીકે બીજો વ્યાયામ કરી સંતોષ માની મનાવી પછી તેની સામે પણ જોતા નથી. પણ વ્યાયામને બરાબર ચોંટી રહી દરરોજ, બારે માસ, તે આચરી આરોગ્યનું લક્ષ્ય સિદ્ધ કરવાની આપણા જુવાનો કે અન્ય કોઈની વૃત્તિ છે જ નહિ.

વળી આસનોનો સમય સવારે જ અને શૌચ બાદ જ હોવો જોઈએ. સામાન્ય પાતળી ગાદી ઉપર તે કરવાં. પવનની રાફટ અને શરદીવાળી જગ્યા ટાળવી. ઢીલો લંગોટ, કે પંચિયાનો કચ્છ, કે બંને રાખવાં. લંગોટ વગર એકલું ટૂંકું પાટલૂન–શૉર્ટ્સ–ન પહેરવું.

પોતાને અનુકૂળ મુખ્ય આસનો પસંદ કરી લેવાં. ૩૫ વરસ સુધીના સામાન્ય સારા આરોગ્યવાળા એકવડા બાંધાવાળાએ શીર્ષાસનની શરૂઆત કરવામાં હરકત નથી. તેણે પણ ૪૦-૪૫ વરસ બાદ તે શરૂ ન કરવું;–જોકે પહેલાંનું સદી ગયું હોય તો કર્યે રાખવું. સર્વાંગાસન પણ શીર્ષાસનના જ ફાયદા આપતું હોવા છતાં, તેનાં જોખમો તેમાં નથી. તેથી ગમે તે વયે તે શરૂ થઈ શકે. પણ હૃદ્રોગ, બ્લડપ્રેશર વગેરેની સ્થિતિમાં નહિ જ.

શીર્ષાસન સારુ તો વીસ વરસના જુવાને પણ ઘણી સાવધાની રાખવી જોઈએ. યોગસિદ્ધાન્ત પ્રમાણે મસ્તકે ચંદ્ર તત્ત્વની, નાભિમાં સૂર્ય તત્ત્વની ને પગમાં પૃથ્વી તત્ત્વની સ્થિતિ છે. હવે શીર્ષાસનમાં મસ્તકનો ચંદ્ર નીચે ને નાભિનો સૂર્ય ઊંચે રહેવાથી, અર્થાત્ સામાન્ય સ્થિતિથી તે સ્થિતિ વિપરીત (ઊલટી) હોવાથી, તે આસનને વિપરીતકરણી કહેવામાં આવે છે. એનાથી શરીરના નાડીયંત્ર(નર્વસ સિસ્ટમ)માં અત્યંત લાભપ્રદ ફેરફારવાળી સ્થિતિ નીપજે છે. પણ જો તે આસન પછી, તેટલો કે તેથી દોઢો વખત, શબાસન (જડ શબ પેઠે પડયા રહેવું તે) ન કરવામાં આવે તો લાભને બદલે નુકસાન થવા સંભવ છે. સર્વાંગાસનમાં પણ તેના જેવું હોવાથી શબાસન જરૂરી છે.

આ બે આસનો જો બરાબરરીતે થાય તો ભૂખ ઊઘડે છે, બધી માર્મિક ગ્રંથિઓનો યોગ્ય સ્રાવ થવાથી શરીર નીરોગી થવા ઉપરાંત આંખો સુધરે છે, અને ઍપેન્ડિસાઈટિસ, હર્નિયા વગેરેનો સંભવ દૂર થાય છે. હૃદયને તેની લોહીની ઊર્ધ્વગમનની ચચળ કામગીરીમાં અમૂલ્ય આરામ મળવાથી, કૉરૉનરી થ્રૉમ્બૉસિસ વગેરેનો સંભવ પણ તે નહિવત્ કરે છે. આ અને બીજા યૌગિક વ્યાયામ દરમ્યાન ગળામાં જરા સોસ પડે છે. તેથી તે મુદતમાં દૂધ, ઘી આદિ સાત્ત્વિક ખોરાક ખાવો, ને મશાલા તથા તળ્યાંતળ્યાં ભોજન તજવાં ફાયદાકારક છે. યૌગિક વ્યાયામથી નાડીજાળમાં લાભપ્રદ વિક્ષેપ થવા ઉપરાંત કુંડલિનીને આડકતરો આઘાત થવાથી સાત્ત્વિક ખોરાક તનમનની શક્તિઓ વધારવામાં ખાસ ગુણકારી છે.

આસનોના અભ્યાસીએ જોરપૂર્વક વજન ઊંચકવાનું કે હદ ઉપરાંતની લાંબી મજલો કરવાનું ટાળવું. વળી એક દિશાના વળોટનું આસન કર્યા પછી તેની વિરુદ્ધના વળોટનું આસન કરવું જોઇએ. દાખલા તરીકે સર્વાંગાસન કે હલાસન પછી મત્સ્યાસન, અને પશ્ચિમોત્તાન પછી ભુજંગાસન કરવું. બને તો દરેક આસન પછી થોડું શબાસન કરવું, અને બધાં આસનો બાદ પણ પાંચથી દસ મિનિટનું લાંબુ શબાસન અવશ્ય કરવું. આસનો બાદ ઇતર વ્યાયામ કરવો.

દરરોજના ક્રમ માટે નીચેનાં આસનો અનુકૂળ પડશે. શીર્ષાસન (૧થી ૫ મિનિટ), સર્વાંગાસન (૧થી ૩ મિ.); હલાસન (½થી ૧ મિ.); મત્સ્યાસન (૨થી ૭ મિ.); પશ્ચિમોત્તાન (૧થી ૨ મિ.), ભુજંગાસન (૧થી ૨ મિ.); ધનુરાસન (૧થી ૨ મિ.) અને અર્ધમત્સ્યેન્દ્રાસનમાં દર પડખે ૦। મિ. સુધી ત્રણથી વધતાં પાંચવાર ફરવું. આ આસનથી કરોડરજ્જુ મજબૂત થતી હોઈ સ્ફૂર્તિ ને ચિરયૌવન માટે બહુ કામનું છે. સૌથી છેલ્લું ૫થી ૧૦ મિ.નું શબાસન કરવું જ જોઈએ. આ આસનોથી હૃદય, ફેફસાં, પેઢુ, મેરુદંડ, જ્ઞાનતંતુ આદિ મર્મ અંગો મજબૂત થશે અને દીર્ઘ તથા સંગીન તંદુરસ્તી મળશે, જેવી બીજા વ્યાયામથી નહિ મળે. શરત એટલી કે તે લાંબી મુદત સુધી ને નિયમિત થવાં જોઇએ.

હવે પ્રાણાયામની કેટલીક ચર્ચા જરૂરી છે; કેમકે આજે પ્રાણાયામની વાતો ઘણા કરે છે; પણ તેની પ્રક્રિયામાં રાખવી પડતી સાવધાનીની વાત તેમાં ભાગ્યે જ હોય છે. આથી કેટલુંક સ્પષ્ટીકરણ જરૂરી છે.

જેને વાસ્તવિકરીતે અષ્ટાંગ યોગનો પ્રધાન પ્રાણાયામ કહેવાય તે તો એક જુદી જ બાબત છે, અને વગર સમજ્યે એ દીર્ઘ કુંભકમય પ્રાણાયામ કરવો તે રોગોને આવકારવા જેવું છે. આ પ્રાણાયામ પૂર્વે તો આસનસિદ્ધિ કરી લેવી જોઈએ,—એટલે કે પદ્માસન કે સિદ્ધાસને ૨૫થી ૩૦ મિ. બેસવાની ટેવ પાડવી જોઈએ. તે પછી ષટ્કર્મો દ્વારા નાડીશુદ્ધિ કરી, ત્રણ બંધ—ઉડ્ડીયાન, જાલંધર ને મૂલ સિદ્ધ કરવાં પડે છે જેમાં મૂલબંધ કઠણ છે. આટલી સિદ્ધિ બાદ પણ પ્રાણાયામ ગુરુની દોરવણી વિના કરવો ઇષ્ટ નથી. બહુ અઘરાં ષટ્કર્મો પણ ખાસ પ્રકારની દોરવણી વગર કરવાથી રોગગ્રસ્ત થવાય છે. આ જમાનામાં તો તે શકય જ નથી.

પ્રાણાયામમાં ઓછામાં ઓછા ૨-૪-૮ના સમય-પ્રમાણનો પૂરક-કુંભક-રેચક કરી, રેચક વખતે અત્યંત ધીમે શ્વાસ મૂકવાની કસોટી આકરી પડે છે. તેમાં ભૂલ થવાથી અનેક રોગો થવા સંભવ છે. માટે આ મુખ્ય પ્રણાયામની ભાંજગડમાં ન પડતાં નીચે આપેલા ઉજ્જાયી, સિત્કારી, શીતલી જેવા, બંધ આદિની જરૂર વગરના, પ્રાણાયામ કરવા. એનાથી પણ આરોગ્ય ઉત્તમ થાય છે.

**ઉજ્જાયી :** બે નસકોરાંમાંથી ધીરેધીરે વાયુ ખેંચી, ૪ થી ૫ સેકન્ડ રોકી, જમણું નસકોરું દબાવી, ડાબા નસકોરામાંથી ધીરેધીરે વાયુ છોડવો. આમ એક પ્રાણાયામ થયો. આવા શરૂઆતમાં ૫ થી ૧૦ કરતાં છેવટ સો સુધી સવારસાંજ કરવા. આ સૂર્યભેદી હોવાથી શિયાળામાં હિતકર છે. તેનાથી શરીરમાં ઉષ્મા રહીને ટાઢ ઓછી વાય છે. ઉપરાંત, દમ, ક્ષય, અપચો, મેદ, શ્લેષ્મ આદિ નાબૂદ થાય છે. તે ગમે તે બેઠકે થઇ શકે છે. સ્થૂલ માણસોને માટે તો તે વગર પૈસાની ઉત્તમ ઔષધિ છે.

**સિત્કારી :** આ ઠંડો પ્રાણાયામ છે. ઉનાળામાં એથી ગરમી ઓછી લાગે છે, લોહી શુદ્ધ થાય છે, પિત્ત, જ્ઞાનતંતુનાં દર્દ, અપચો વગેરે નાબૂદ થઈ શરીરકાન્તિ તેજસ્વી થાય છે. જીભને પીપુડી પેઠે ગોળ વાળી, હોઠ સંકોચી, તેમાંથી તે આગળ લાવી સીટી વગાડવા પેઠે હવા ધીરેધીરે ખેંચવી. ૪-૫ સેકન્ડ પછી મોં બીડી, નાકનાં બે નસકોરાં વાટે વાયુ ધીરેધીરે છોડવો. આ એક પ્રાણાયામ થયો. બાકીનો વિધિ ઉજ્જાયી પ્રમાણે છે.

**શીતલી :** સિત્કારી જેવો જ છે. માત્ર તેમાં ગોળ વાળેલી જીભ

હોઠની અંદર રાખી, હોઠ તેની પેઠે જ સંકોચી, હવા સીટી વગર ખેંચવી. તેનું ફળ પણ સિત્કારી પ્રમાણે જ છે.

હવે નાડીશુદ્ધિ ઉપર આવીએ. તેને માટે તો ષટ્કર્મો–છયે છ કર્મો સંસારીઓને અશક્ય હોવાથી નાડીશુદ્ધિની એક બહુ જ સરળ રીત શ્રી આદ્ય શંકરાચાર્યે બતાવી છે. નાડી એટલે ડાબા-જમણા નસકોરામાંથી વહેતો શ્વાસોચ્છ્વાસનો પ્રવાહ. આ પ્રવાહ જો ડાબા નસકોરામાંથી વધારે જોરથી વહે તો ઈડા નાડી યાને ચંદ્રનાડી ચાલતી કહેવાય. તે દિવસે ચાલવી જોઈએ. પાણી પીતી વખતે, લઘુશંકા વખતે પણ તે ચાલવી જોઈએ. તે સૌમ્ય હોવાથી શુકનિયાળ છે. પરંતુ દિવસે પણ ભૂખ લાગવાના સમયે તો જમણા નસકોરામાંથી વહેતી પિંગલાનાડી–કે સૂર્યનાડી જ ચાલવી જોઈએ. ભોજન બાદ પણ તે જ નાડી પાચન સારુ થોડી વાર ચાલતી રહે એ જરૂરી છે. માટે જ ભોજન બાદ વામકુક્ષી કરવામાં એટલે કે ડાબે પડખે સૂઇ રહેવામાં આવે છે. બાકી સામાન્યરીતે સૂર્યનાડી ચાલવાનો સમય રાતનો છે. બે નસકોરાંમાંથી સરખો શ્વાસ ચાલે ત્યારે સુષુમ્ણા ચાલતી ગણાય. પણ તે સમાધિ કે મૃત્યુસમય સિવાય ચાલતી નથી. આ ઈડા–પિંગલા નાડીઓની યોગ્ય વખતે યોગ્ય ગતિથી જ તનમનના આરોગ્યની સમતુલા સચવાય છે. તેથી નાડીશુદ્ધિ એટલે આરોગ્યની શ્રેષ્ઠ સ્થિતિ. એમ કહેવાય છે કે જેણે નાડીશોધન કર્યું છે તે યોગની પોણી લડાઈ જીતી ગયા છે.

હવે, શ્રી શંકરાચાર્યે બતાવેલી નાડીશુદ્ધિની સરસ રીત આ પ્રમાણે છે: પદ્માસનથી બેસી, જમણું નસકોરું બંધ કરી, ડાબામાંથી ધીરેધીરે વાયુ ખેંચી, તેને બિલકુલ રોકયા વગર ડાબું દબાવી, જમણા નસકોરામાંથી એકતાર ધીરેધીરે શ્વાસ છોડવો. પછી ડાબું નસકોરું દબાવેલું રાખી, તરત જ ફરી પાછો જમણામાંથી શ્વાસ ખેંચી, તે દબાવીને ડાબા વાટે શ્વાસ ધીરેધીરે છોડવો. આમ એક સંપૂર્ણ ક્રિયા બની. કહેવાની જરૂર નથી કે આમાં કુંભક (શ્વાસ રોકવો) હોતો નથી. એક ક્રિયા પછી વણઅટકે તેવી જ બીજી દસ ક્રિયાઓ કરવી. સવારે સાત વાગ્યે, પછી દસ વાગ્યે, સાંજે પાંચ વાગ્યે અને રાત્રે આઠ વાગ્યે એમ ચાર ટંક દસ દસ ક્રિયા કરવી. સમયમાં અનુકૂળતા મુજબ થોડો હેરફેર કરી શકાય. આ રીતે આશરે છ મહિનામાં નાડિશુદ્ધિ થઈ શકે છે. માત્ર ભોજન પહેલાં ને પછી દોઢ બે કલાકનો ગાળો રાખવો. સવારે શૌચ બાદ શરૂઆત કરવી. ષટ્કર્મોનો કષ્ટસાધ્ય પ્રયોગ જે ફળ આપે છે તે આ સરળ રીત આપે છે. તેનાથી શરીર ફોરફૂલ લાગશે, આશ્ચર્યકારક ચૈતન્ય તથા સ્ફૂર્તિ લાગશે અને મનની પ્રસન્નતા વધી જશે. ટૂંકમાં, નાડીશોધન યોગનાં મુખ્ય ફળોમાંનું એક છે. ત્યાર બાદ જો ઈચ્છા હોય તો ૧-૨-૪ના સમય પ્રમાણનો (ટૂંકા કુંભકનો) પ્રાણાયામ સાવધાનીથી, પવન વગરની જગ્યામાં કરવામાં હરકત નથી. પણ આરોગ્ય માટે નાડીશોધન એ જેવીતેવી સિદ્ધિ નથી.

બીજી કેટલીક લાભપ્રદ પ્રક્રિયાઓ : (ક) સવારે કે સાંજે પદ્માસને બેસી, કરોડરજ્જુ ટટ્ટાર રાખી, નીચે મોંએ દૃષ્ટિ નાભિ ઉપર ૫ા કલાક સુધી સ્થિર કરવી. આનાથી આઠ દિવસમાં અપચો મટી જશે અને ભૂખ લાગશે. (ખ) સવારે કે સાંજે ખાલી પેટે પદ્માસને બેસી, દાંતના મૂળમાં જીભનું ટેરવું ૫ા કલાક સુધી દબાવી દાખવાથી શરીર સર્વરોગરહિત બને છે. (ગ) નાડી ફેરવવાના ઉપાય : જે નસકોરામાં નાડી જોરમાં ચાલતી હોય ત્યાંથી તેને બદલવી હોય તો તે દાબી, મંદપ્રવાહવાળા નસકોરામાંથી પાંચ સાતવાર જોરથી શ્વાસ ખંખેરવો અથવા વધારે ચાલતા નસકોરામાં રૂનું પૂમડું બૂચ પેઠે મૂકવું તેથી સામી નાડી ધીરેધીરે ચાલશે; અથવા ચાલતી નાડીના જ પડખાની બગલમાં દબાણ થાય એમ 'ટી' આકારની લાકડાની ઘોડી રાખવી. આ ઘોડીને યોગીઓની 'આશા' કહે છે. આનાથી પણ નાડી બદલાય છે. કૈંક અસુખ જેવું લાગે ત્યારે જે નાડી ચાલતી હોય તેનાથી ઉલટી ચલાવવાથી સુખ રહેશે. ભોજન પહેલાં ને પછી જમણી તેમજ રાત દિવસ જમણી ડાબી અનુક્રમે ચલાવવાથી શરીર-સ્વાસ્થ્ય ઉત્તમ સચવાય છે.

આ રીતે, આસનો ઉપરાંત બીજો યોગિક વ્યાયામ જે મહત્ત્વનો હોવા છતાં નુકસાન નથી કરતો, તેનું વિવેચન કર્યું. યૌગિક વ્યાયામ એ ભારતની દુનિયાને મહત્ત્વની દેણગી છે. પશ્ચિમના દેશોમાં યેહૂદી મેનુહિન જેવા સંગીતકલાકારો, હોલીવૂડના કલાકારો અને નાનીમોટી અનેક વ્યક્તિઓ માટે તે તન અને મનના આરોગ્યનું વિશ્વસનીય સાધન બન્યો છે. હિંદમાં તેનો લાભ નિયમિત રીતે બહોળા પ્રમાણમાં લેવાય તો પોષણનાં અલ્પ સાધનો, ચિંતા, શ્રમ, હાડમારી, માનસિક થાક આદિથી હ્રાસ પામતા જીવનને ચેતનવંતું બનાવી શકાય. અનેક હીરા જેવા લોકો, ખાસ કરી ગૂજરાતમાં, અકાળ મોત નિવારી શકે.

ડૉ. સેલ્યે જેવા બ્લડપ્રેશરના નિષ્ણાત શોધકનું માનવું છે કે માણસને દીર્ઘાયુ ને દીર્ઘારોગ્ય માટે મેટૅબોલિઝમ–પોષણની, શરીરયંત્રની પ્રક્રિયા કરતાં, કેમિકલ બૅલેન્સની રાસાયણિક સમતુલાની જરૂર છે. આ બૅલેન્સ–સમતુલાના આધાર પીચ્યુટરી, થાઇરૉઈડ, ઍડ્રીનલ વગેરે ગ્લૅન્ડોના હૉર્મોન્સ–રસસ્રાવના યોગ્ય પ્રમાણ ઉપર છે. યૌગિક વ્યાયામ બહુ જ અસરકારક રીતે આ સમતુલા સિદ્ધ કરે છે. અને આ વ્યાયામને દૈનિક કાર્યક્રમમાં સામેલ કરવાનું જરૂરી છે. એ અશક્ય નથી. હા, અઘરું હશે. પણ આરોગ્ય માટે તેટલું કરવું જ જોઈએ. ફુરસદનો અભાવ, શહેરી જીવનની ધમાલ વગેરે તો સરેરાશ આદમીનાં (શિક્ષિતોનાં પણ) બહાનાં છે. તેમની વિમુખતા એ અજ્ઞાનજન્ય આળસ અને બેદરકારીનું જ પરિણામ છે. માટે જરાક ડાઇનૅમિક–ગતિશીલ બની, નિયમિત યૌગિક વ્યાયામ કરવાની ચોંપ રખાય, તો તનમનનું આરોગ્ય પ્રાપ્ત થવા ઉપરાંત જીવનને પણ સત્યં શિવં સુંદરમ્ સાથે સંવાદિતા પ્રાપ્ત થશે. યોગસૂત્ર પ્રમાણે તો એનાથી ऋतंभरा तस्य प्रज्ञा (બુદ્ધિનો સત્યના અગમ્ય પ્રદેશમાં પ્રવેશ) થાય છે. પણ નિયમિત આચરણ એ પહેલી શરત છે. સાચું જ કહ્યું છે કે

शास्त्राण्यधीत्यापि भवन्ति मूर्खा: यस्तु क्रियावान् पुरुष: स विद्वान्।
सुचिन्तितमौषधमातुराणां न नाममात्रेण करोत्यरोगम् ॥

(શાસ્ત્રો–વિદ્યાઓ ભણીને પણ માણસ મૂર્ખ રહેવાનો પૂરો સંભવ છે; પણ જે ભણેલું વ્યવહારમાં ઉતારે તે જ ખરો વિદ્વાન્. ઉત્તમ ઔષધ પણ માત્ર નામ દીધાથી ફાયદો કરતું નથી; તેનું તો સેવન જ જોઇએ.)

## તમાકુ

તમાકુનું વાવેતર અને તેનો ઉદ્યોગ વધતાં ચાલ્યાં છે. તે અટકાવવાની વાત તો દૂર રહી, પણ હાલ તેનો પ્રચાર થઈ રહ્યો છે.

તમાકુ પિવાય, ખવાય ને સૂંઘાય છે. દાંત વગેરે ઉપર ઘસવા માટે પણ તે વપરાય છે. તમાકુ ખોરાક નથી, છતાં તેનો ફેલાવો કેમ થઈ રહ્યો છે? શરૂઆતમાં તમાકુથી નસોને અને મગજને શાંતિ વળે છે, પણ પછી તેના વિના ચાલતું નથી. સદ્ભાગ્યે બીડીની તમાકુનો ધુમાડો થઈ હવામાં જતો રહે છે. બાકી, સાત સિગરેટની તમાકુનું તત્ત્વ-નિકોટીન–કૂતરાનું હૃદય બંધ કરી નાખે. તમાકુ ઝેર છે. તેને દારૂ કરતાં પણ ખરાબ ગણવી જોઈએ. કોઇને તેની ઘૃણા નથી, તે ફૅશન થઈ પડી છે. નિકોટીનથી લાંબે ગાળે પેટ બગડે છે, લોહીનું દબાણ વધે છે, હૃદય નબળું પડે છે, જ્ઞાનતંતુના રોગ થાય છે, ને અંધાપો યે ઊતરે છે. આટલા અવગુણ તેને બંધ કરવા માટે પૂરતી દલીલ નથી? (આહારવિજ્ઞાન)

# પચ્ચીસ વર્ષ પહેલાં




વૈશાખ ૧૯૮૯
અંક ૧૧૩

જેમાં વિરાટ કુદરત સામે હોડ માંડતા વામણા માનવો જીવન ધન્ય કરી જાય છે, એ ઉમાશિખર એવરેસ્ટની આરોહણકથાનો ત્યાં સુધીની સફરોનો છેલ્લો હપતો આજથી બરાબર પચ્ચીસ વર્ષ પરના અંકમાં પૂરો થયો. ત્યાર પછી આરોહણો તો થયાં છે, ને અંતે એ શિખર જિતાયું પણ છે; પરંતુ એવી સ્વાર્પણગાથા ફરી રચાઈ નથી. એ છેલ્લા સાહસનો સાર જોઇએ:

"૬ઠ્ઠી જૂને (૧૯૨૮) મૅલરી અને અર્વિને સાથીઓની વિદાય લીધી. અંધ નૉર્ટન ફક્ત તેમના હાથ લઈ હોંશ અને ઊમળકાભેર દાબી શક્યો, સુખે બે શબ્દ શુભેચ્છાના કહી શક્યો, પણ તેમનાં સાહસિક વદનનાં દર્શન ન કરી શક્યો. ઑક્સિજનની બે થેલી અને એક દિવસનો ખોરાક, એમ કુલ ૨૫ રતલનું વજન લઈ એ જવાંમર્દો ઊપડયા. છાવણી નં. ૫ સુધી તેમને પહોંચાડી મજૂરો પાછા ફર્યા ને સમાચાર લાવ્યા કે ઋતુ સુંદર છે. ૭મી તારીખે છાવણી નં. ૬માં એ બહાદુરો પહોંચ્યા. ત્યાંથી પણ સંદેશો આવ્યો કે બધું અનુકૂળ છે. ઑડેલ પાંચમી છાવણીમાં મદદગાર તરીકે રોકાયો. ૨૬,૮૦૦ ફૂટ પર તો તેઓ આનંદમાં હતા.

૮મીએ સવારે ઑડેલ એમની રાહ જોતો ઊભો છે. મૅલરીની ગોઠવણ પ્રમાણે તો વહેલી સવારના એ લોકો ઊપડી જવા જોઇએ. પણ સવાર વીતવા આવી છતાં કોઇનો પત્તો નહિ!



હિમાલયની સાથે તાદાત્મ્ય સાધનાર, હિમાલયની તાસીરને ઓળખનાર, આજ સુધીના એવરેસ્ટ આરોહવા નીકળેલા શિખરિણીઓમાં અનેરો ને અનન્ય સાહસિક, આરોહણની કળાનો જેવો જાણનાર તેવો જ ધીરવીર ખડતલ નર: જેણે એવરેસ્ટની ઉત્તર તરફની પેલી કપરી ને સીધી બરફ કરાડ સરકરી પાંચમા નંબરની છાવણી નાખી ભવિષ્યના સાહસિકોનો માર્ગ સરળ કર્યો, જેણે એવરેસ્ટ પર (૧૯૨૮ લગી) કોઇ માનવ બચ્ચો પગ ઠેરવી નથી શક્યો તેટલી ઊંચાઈએ–૨૮,૨૩૯ ફીટ ઊંચે માનવપગલાં માંડયાં, જે હિમાલયને સિદ્ધ કરવાના એ સાહસમાં જ ખતમ થયો, તે— શિખરિણીઓનો શિરોમણિ, સાહસિકોમાં શ્રેષ્ઠ મનોબલનો મહારથી મૅલરી.

અંતે બપોરના ૧૨–૫૦ વાગ્યે ઑડેલે એ બેને ધીમેધીમે ચડતા જોયા. ગોઠવણ પ્રમાણે તો તેઓ ત્યાંથી સવારના આઠ વાગ્યાના નીકળવા જોઇએ. આટલું મોડું થવાનું કારણ ઑડેલ એ કલ્પે છે કે ઑક્સિજન યંત્રમાં કંઈક નડતર આવ્યું હોવું જોઇએ.

દિવસ સ્વચ્છ નહોતો. ધુમ્મસ ઝઝૂમી રહ્યું હતું. એક જ વાર ધુમ્મસ ઓછું થયું; સૂર્યનો પ્રકાશ પથરાયો અને એક ઝીણી વસ્તુ હાલતી જણાઈ. એની પાછળ બીજી મૂર્તિ ચાલતી જણાઈ. પછી પહેલી વ્યક્તિ છેવટના શિખરની તળેટીએ જવાને પગલું મૂકે છે, ત્યાં પાછાં વાદળાં ધસી આવ્યાં, ને બંને વ્યક્તિઓ દેખાતી બંધ થઈ. મનુષ્યની આંખે મૅલરી અને અર્વિન એ જ ઘડીએ છેલ્લી વારના દેખાયા. અહીંથી શિખર માત્ર ૬૦૦ ફૂટ જ દૂર રહ્યું હતું. પછી શું થયું તે પ્રભુ જાણે!

બીજે દિવસે તા. ૯મીએ પાછો ઑડેલ છાવણી નં. ૬માં પહોંચ્યો. પણ કંઈ પત્તો, કંઈ ચિહ્ન, કંઈ નિશાન–કશું જ નહિ. એના વહાલા ગોઠિયાઓ સદાને માટે એનો સાથ છોડી ગયા છે એમ નક્કી એને લાગ્યું. ત્યાં રહી એણે એ દુઃખદ સંજ્ઞા આપી અને દુભાતે મને પાછો ફર્યો.

ચોમાસું બેસવાને વાર નહોતી; અને ચોમાસું બેઠું તો અહીંથી ઊતરવું અશક્ય જ હતું. આ સ્થિતિમાં સાથીઓની મનોદશા શી હશે?

બ્રૂસ, હિંગ્સ્ટન, નૉર્ટન અને નોએલ કૅમેરાની પાસે બેઠાબેઠા રાહ જોતા હતા. ૪૦ કલાક સુધી વારાફરતી દૂરબીનો ફેરવ્યે જાય છે: ઘડીકમાં નોકરો, ઘડીકમાં શિખરિણીઓ. 'કુચ' દેખતા?' નૉર્ટન ખખરી ખાઇખાઇને પૂછ્યા કરે છે. પણ માત્ર 'કુછ નહિ'ના જવાબ મળતા જાય છે. એકાએક કંઈક દેખાય છે. ઉત્સાહભર્યો નોએલ દૂરબીન પર આંખ માંડે છે. એ તો ઑડેલ અને એના મજૂરો! બધાના જીવ તાળવે ચોંટયા છે. ઑડેલ શી યે સંજ્ઞા કરશે! મળ્યા? જડયા? જીવે છે? આશા છે? કંઈક! પણ ત્યાં તો બન્નુસનો વીંટો ઊકેલી એણે કાળો ક્રૉસ ગોઠવ્યો! અને દૂરબીનમાંથી જોનારની એ કહેવાની હિંમત ચાલી નહિ. સૌએ વારાફરતી એ જોયું. બસ, થઈ રહ્યું. અંતે નૉર્ટને કડવે હૈયે ને અંતિમ હિંમતે સામું નિશાન કરવાની હિંગ્સ્ટનને સૂચના આપી: ત્રણ સીધી લીટીમાં ત્રણ બ્લૅંકેટો ગોઠવ્યા. એનો અર્થ એ કે 'આશા છોડી પાછા ફરો.'

પણ એ વીરોએ ઓછું નથી કર્યું. ભવિષ્યમાં એવરેસ્ટ ચડનારી ટોળી માટે ૨૮,૨૦૦ ફૂટ પર તંબૂની છાવણી નાખી છે. મજૂરો ૨૭,૦૦૦ ફૂટ સુધી સામાન લઈ જઈ શકે છે; એટલે ઊંચે ઊંચી યે શકાય છે, એ સાબિત કર્યું છે. રસ્તો સિદ્ધ કર્યો છે. બે દિવસમાં ૨૫,૦૦૦ થી ૨૭,૦૦૦ બે વાર ઑડેલ ચડયો–ઊતર્યો એ પણ કંઈ જેવીતેવી જીત ન કહેવાય. હવેનો કાફલો જો શિખર ચડી શકે તો તે આ વીરલાઓની મહેનતને જ આભારી એ નિઃસંશય છે. એટલે એમનો પરિશ્રમ અફળ તો નહિ જ; ઊલટો અમૂલ્ય જ ગણાય."

લઘુલિપિ, માત્ર ગળાનાં આંદોલનથી ચાલતું વાદ્ય, બેઝિક શબ્દકોશ, વૈજ્ઞાનિક અને માનસશાસ્ત્રીય નવલિકાઓ,—આવી નાનાવિધ દિશાઓમાં સિદ્ધ કલમ ચલાવનાર એક અનોખા શક્તિસંપન્ન લેખક શ્રી હરિકૃષ્ણ વ્યાસ જે અકાળે અવસાન પામ્યા, તેમણે એ કાળે 'ચિત્રકારનું માનસ' એ વિષય પર એક

વિચારગર્ભ લેખ લખેલો, જેમાં શરૂથી તે આજની 'ગૉડર્ન' કલાનો વિકાસ એમણે નિજી રીતે નિરૂપ્યો હતો. એ ખાસ અભ્યસનીય હોઈ આ સાથે ચોકઠામાં ગોઠવ્યો છે.

જાદુઈ ચોરસની ગોઠવણમાં છેલ્લી ટોચરૂપ અને અદ્ભુત રસિક, એવો 'સર્વતોભદ્ર' અંક-જંત્ર ગોઠવવાની ચાવી બતાવતો લેખ પણ આખો ઉતારવા જેવો છે.

"ચોરસ આકૃતિમાં અંકોની જાદુઈ ગોઠવણનું જ્ઞાન આર્યાવર્તમાં ઈસ્વી સન પહેલાંથી પ્રચલિત હતું, એમ ગણિતશાસ્ત્રના ઇતિહાસનો પ્રખ્યાત અંગ્રેજ લેખક આર.આર. બૉલ મુક્તકંઠે કબૂલ કરે છે. કવીશ્વર દલપતરામની જીવનકથામાં કવિવર નાનાલાલ જણાવે છે કે કવીશ્વરે આવાં જંત્રોનો અભ્યાસ કરેલો હતો.

# ચિત્રકારનું માનસ

પોતાના ભાવો વ્યક્તકરવા માટે યુગયુગના ચિત્રકારોએ જાતજાતના પ્રયોગો કર્યા છે ચિત્રકળાની બાલ્યાવસ્થામાં ચિત્રકાર પોતાનાં પાત્રને ઓળખાવવા માટે અભિધાન, અલંકાર તથા આસપાસની વસ્તુઓનો ઉપયોગ કરતો. કોઈ કલ્પનાવાળો ચિત્રકાર વળી ઐતિહાસિક સાધનો, સંસ્કૃતિનાં ચિહ્નો તથા માન્યતાઓને પોતાની કલામાં સ્થાન આપતો. આવા ચિત્રકારે સરજેલા શંકરનું શંકરપણું બતાવવા માટે નાગ, વ્યાઘ્રચર્મ, નંદી ને ગણો હાજર જ હોય.

પણ સમય જતાં એ પ્રકારનાં ચિત્રો ભાવનાશાળી ચિત્રકારોને નીરસ લાગ્યાં અનેઅંગમરોડ તથા મુખરેખાઓ પ્રધાનપણે આવ્યાં. પછી તો ચિત્રકારે પોતાની પીછીને એવી મુલાયમ બનાવી કે મુખપટના સેંકડો સ્નાયુ તંતુઓના વ્યાપાર તદ્દન સ્વાભાવિક સ્થિતિમાં બતાવે. એવા ચિત્રકારના પાત્રના મુખ પર જોઈને જ તમે એને ઓળખી શકો.

પણ કલાના તરસ્યા ચિત્રકારને આટલેથી સંતોષ ન થયો. પોતે સ્થૂલ ચિત્રો ચીતરતો હતો તેના કરતાં અનેકગણો સૂક્ષ્મ તો, જે આત્મામાંથી પોતાને તે ચિત્રો માટેનીભાવનાઓ મળે છે તે છે, એ તેને સમજાયું. તેને પ્રશ્ન થયો: 'મનુષ્યના ચહેરાની પણ જરૂર ન પડે અને મનુષ્યના આંતરિક ભાવો જણાવી શકાય એવું ચિત્રકળામાં સામર્થ્ય નહિ હોય? સ્થૂલ બંધનોથી જડાએલા આત્માના આવેગો વ્યક્ત કરવા સ્થૂલ પદાર્થોનો આશ્રય શું અનિવાર્ય હશે?' વળી તેણે એ પણ જોયું કે જે સૂક્ષ્મ અનુભવો પોતાને થાય છે તેવા જ અનુભવો બીજા બધાં મનુષ્યોને પણ થાય છે. અને આ સત્ય સમજાતાં જ કલાએ નવીન દિશા લીધી.


અત્યાર સુધીના ચિત્રકારો પોતાની સમગ્ર શક્તિ વાપરી હૂબહૂ ચિત્રો ચીતરતા, અને પ્રજા ગંધ જોવા આવનાર પ્રેક્ષકોની સ્થિતિમાં રહી તે જોઈ હર્ષ પામતી. પણ આ નવા ચિત્રકારને એમ દૂર રહી એકલા રમવું ઠીક ન લાગ્યું. શા માટે જોનારાઓ પોતે પણ ન રમે? અને તેણે એવાં ચિત્રો ચીતર્યાં કે તે જોઈ તેના પર વિચાર ચલાવતાં તે ઓળખી શકાય અને અપૂર્વ સહાનુભૂતિની તૃપ્તિ મેળવી શકાય. અને અહીં તેની કલામાં ફાંટા પડયા. કોઈએ ભાવસૂચક પ્રતીકો યે જ્યાં; કોઈએ માત્ર ચિત્રોનાં હાડપિંજર આપી બાકીની કલ્પના પૂરી કરવાનું પ્રેક્ષકને સોંપ્યું, અનેએમ કરી પ્રેક્ષકની બધી કલ્પનાનો ઉપયોગ કરાવી તેની પોતાની કલ્પના પર તેને મુગ્ધ કર્યો. પહેલી કોટિમાં કૃષ્ણલાલ ભટ્ટનું 'ક્રોધજ્વાલા' અને એ જાતનાં ચિત્રો મૂકી શકાય. આ ચિત્રને નામ ન આપ્યું હોય તો ય તમે કહો કે તે ક્રોધની જ્વાળા છે. બીજી કોટિમાં રવિબાબુનાં સ્વપ્નસૃષ્ટિને મળતાં ચિત્રો આવે; અને તેની મજા સૌ સૌની બુદ્ધિ અનુસાર અનુભવી શકે.

પણ ચિત્રકારના પ્રશ્નનું આથી કાંઈ સમાધાન થતું નથી. કારણ આ ચિત્રો મનુષ્યના સ્થૂલ સ્વરૂપને ભલે ગુપ્ત રાખે, પણ દૃશ્ય પદાર્થો તરફની માનવજાતિની સામાન્ય પ્રતિક્રિયાનો તો તે લાભ લે જ છે. એ સૂક્ષ્મ દેખાતી રેખાઓ પાછળ મનુષ્યના સ્થૂલ સૃષ્ટિ સાથેના અનુભવો છે. અને તેથી જ ચિત્રકાર ચીતરે છે અને બીજાઓ તે ચિત્ર વાંચી શકે છે.

પણ નૂતન યુગનો ચિત્રકાર તો એમ પૂછે છે કે દૃશ્ય સૃષ્ટિના સીધા કે આડકતરા કોઈ જ સૂચન વિના, માત્ર રેખાઓની ઝમકથી જ અમુક ભાવો ઉપજાવી શકે એવું ચિત્ર શક્ય નથી જેમ સંગીતમાં કશું સ્થૂલ સૂચન કર્યા વિના અમુક રાગો અમુક નિશ્ચિત અસર ઉપજાવી શકે છે તેમજ ચિત્રો પણ એવાં કેમ ન સમાવી શકે.

આશાનું એક કિરણ છે. ચિત્રકારની પરમ પ્રિય Line of Beau'y તેનો આશાવાદ જીવતો રાખે છે. સુંદરતાની પરિસીમા રૂપ આ રેખામાં પાર્થિવ જગતનો કંઈ પણ વ્યક્ત સંકેત નથી, ને છતાં તે સુંદર છે. એવી બીજી રેખાઓ કેમ ન સંભવે જે જોતાં જ જુદા જુદા રસ અનુભવાય? માનસશાસ્ત્ર આ સંભવ માટે આશાવાદી છે. જોકે આ રેખા સ્વયંસિદ્ધ સૂક્ષ્મ સૃષ્ટિની તો ન જ કહેવાય–તેમાં પણ અવ્યક્ત સ્થૂલ સૂચન તો રહ્યું જ છે. છતાં એવી આશા રાખી શકાય કે જેવું સૂરનું સંગીત શક્ય છે તેવું જ રેખાઓનું સંગીત પણ શક્ય છે. ચિત્રકાર તે દિવ્ય સંગીત ક્યારે આ સૃષ્ટિ પર લાવે છે એ જોવાનું રહે.

–હરિકૃષ્ણ વ્યાસ



ક્રોધજ્વાળા : ચિત્રકાર કૃષ્ણલાલ ભટ્ટ



સ્વપ્નલોકનાં ચિત્રો : રવીન્દ્રનાથ ઠાકુર

અગાઉના હપતામાં મથાળું 'જાદુઈ ચોરસ' કર્યું હતું તે અંગ્રેજીમાં પ્રચલિત(મૅજિક સ્કવેર્સ નું ભાષાંતર હતું. પરંતુ તેને બદલે 'જંત્ર' કે 'અંક જત્ર' એ પારિભાષિક શબ્દ આપણે ત્યાં પ્રચલિત હતો એ હવે વાપર્યો છે.

અગાઉ જણાવેલી, એકી વર્ગસંખ્યાઓને જંત્રમાં ગોઠવવાની બે પદ્ધતિઓમાં તો માત્ર આડા, ઊભા અને ત્રાંસા (એટલે કે કર્ણરેષાના) સરવાળા જ સરખા થતા હતા. પણ હવે આપણે જે પદ્ધતિ જાણવાના છીએ, તેમાં એ ત્રણ શરતો ઉપરાંત ચોથી શરત એ પણ જળવાશે કે ખડિત કર્ણરેષામાં આવેલાં ખાનાંમાંના અંકોનો સરવાળો પણ સરખો જ થાય. આ રચનાને 'સર્વાંગ અંકજંત્ર' કહે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૨+૫ | ૫+૧૫ | ૩+૦ | ૧+૧૦ | ૪+૨૦ |
| ૩+૧૦ | ૧+૨૦ | ૪+૫ | ૨+૧૫ | ૫+૦ |
| ૪+૧૫ | ૨+૦ | ૫+૧૦ | ૩+૨૦ | ૧+૫ |
| ૫+૨૦ | ૩+૫ | ૧+૧૫ | ૪+૦ | ૨+૧૦ |
| ૧+૦ | ૪+૧૦ | ૨+૨૦ | ૫+૫ | ૩+૧૫ |

↑ આકૃતિ ૧ : પાંચના અંકનો સર્વાંગ અંકજંત્ર ગોઠવવાની રીત

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૨૦ | ૩ | ૧૧ | ૨૪ |
| ૧૩ | ૨૧ | ૯ | ૧૭ | ૫ |
| ૧૯ | ૨ | ૧૫ | ૨૩ | ૬ |
| ૨૫ | ૮ | ૧૬ | ૪ | ૧૨ |
| ૧ | ૧૪ | ૨૨ | ૧૦ | ૧૮ |

↑ આકૃતિ ૨ : ખંડિત કર્ણરેખાનો સરવાળો

આ ગોઠવણની રીત પાયા પ્રકરણ (Scales of Notation) ઉપર અવલંબેલી છે. પ્રથમ તો જેટલાં ખાનાંનો ચોરસ-જંત્ર ગોઠવવો હોય તે ક્રમ સુધીની પહેલેથી ક્રમિક અંકસંખ્યા લેવી. દાખલા તરીકે ઉપરની આકૃતિ ૧ તથા ૨ માં આપણે પાંચ ખાનાંનો ચોરસ લીધો છે; તો તેને માટે ૧ થી શરૂ કરીને ૫ સુધીના ક્રમિક અંકનો નીચેની ઢબે ઉપયોગ કરવો:

(૧) આ જંત્રમાં ૧ થી ૫ સુધીના એ પાંચે અંકોનો ૨, ૩, ૪, ૫, ૧, એ ક્રમમાં ઉપયોગ કરવો જોઇએ. હવે, પહેલાં તો પાંચેને એ ક્રમમાં જંત્રની પહેલી ઊભી હારમાં ગોઠવો. પછી બીજી ઊભી હાર લો. તેમાં ઉપલાં બે ખાનાં ખાલી મૂકીને ત્રીજા ખાનાથી તે જ ક્રમે અંકો ઊતરતી દિશામાં ગોઠવો અને એમ છેલ્લા ખાનામાં પહોંચી જાઓ, એટલે ૨, ૩ અને ૪ ગોઠવાશે. હવે બાકી અંકો ૫ અને ૧ રહ્યા તેને એ હારમાં મથાળે ખાલી રહેલાં બે ખાનાંમાં ઉપરથી ઊતરતા ક્રમમાં ગોઠવી દો. આ જ ઢબે ત્રીજી, ચોથી અને પાંચમી હારો પણ પૂરી દો.

હવેની પૂર્તિ પાયાપ્રકરણની ઢબે કરવાની છે. આપણો ચોરસ પાંચ ખાનાંનો છે, તે એ અંક (૫)ના પાયાના અંકો ૫, ૧૦, ૧૫, ૨૦ અને ૦ ને પહેલી હારમાં મથાળેલી ઊતરતા ક્રમમાં વધતાના ચિહ્ન (+) સાથે ગોઠવો. હવેનાં ખાનાંમાં આ અંકો ગોઠવવાનો ક્રમ, ઉપર દર્શાવેલા ક્રમથી ઊલટો છે. પહેલી હારના અંકો ઉપરથી નીચે છેલ્લા ખાના સુધી ગોઠવાઈ ગયા પછી તરત બીજી હારમાં ખસો, અને ત્યાં નીચેથી ઉપર–એટલે કે છેલ્લાં બે ખાનાં ખાલી મૂકી ત્રીજા ખાનાથી–આ પાયાના અંકોને ઊંધા ક્રમમાં (એટલે ૦, ૨૦, ૧૫, ૧૦, ૫ એ રીતે) નીચેથી ઉપર ગોઠવો. આમ કરતાં છેક ઉપલું ખાનું પૂરાઈ જાય એટલે વધેલા અંકો ૧૦ અને ૫ વડે નીચલાં બે ખાલી ખાનાંને નીચેથી ઉપર ગણી પૂરી દો. આજ પ્રમાણે બાકીની ત્રણે હારોને પણ નીચેથી બબ્બે ખાનાં વધારે ખાલી મૂકતા જઈ ઊલટા ક્રમથી પૂરી કાઢો. આ બને પદ્ધતિ આકૃતિ નં. ૧ના જંત્રમાં તીરની દિશાથી બતાવી છે. હવે એ ખાનાંઓમાં (વચ્ચે વધતા +ના ચિહ્ન સાથે) જે સંખ્યાઓ ગોઠવાઈ રહી તેના સરવાળા કરી આકૃતિ બીજીમાં બતાવ્યા પ્રમાણે સંપૂર્ણ જત્ર તૈયાર કરો. વધારે સારો મહાવરો થવા માટે ૭ના અંકનો એવો જ સર્વાંગ અંકજંત્ર પણ આ સાથે આપ્યો છે.

આ જંત્રોમાં. શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે ખૂબી એ છે કે એની ઊભી, આડી તેમજ કર્ણરેષાની ત્રાંસી બધી લીટીઓનો સરવાળો તો એકસરખો થાય જ; પણ તે ઉપરાંત ખડિત કર્ણરેષાઓમાં આવેલાં ગમે તે પાંચ ખાનાંઓનો સરવાળો પણ એકસરખો થશે તેના દાખલા તરીકે ઉપર આપેલી આકૃતિ બીજીમાં, ખંડિત કર્ણરેષામાં આવેલાં અમુક ખાનાંઓને જુદીજુદી છાયાઓ વડે બતાવ્યાં છે. દાખલા તરીકે ત્રાંસી લીટીની છાયાવાળાં ત્રણ ખાનાં ઉપર અને બે ખાનાં નીચે, એમ ખડિત કર્ણરેષાથી આવેલાં છે; એ પાંચનો સરવાળો પણ આ જંત્રમાંની ઊભી, આડી કે ત્રાંસી લીટીઓના સરવાળા જેટલો જ આવશે. એમ જ ટપકાંવાળુ એક ખાનું ઉપર અને ચાર ખાનાં નીચે એમ ખડિત કર્ણરેષામાં જે બીજાં પાંચ ખાનાં બતાવ્યાં છે તેનો પણ સરવાળો એટલો જ થવાનો. આ રીતે ડાબી યા જમણી ગમે તે બાજુની કર્ણરેષામાં જે કોઈ પાંચ ખાનાં ખંડિત રીતે આવી રહે તેનો સરવાળો એટલો જ આવી રહેવાનો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭+૨ | ૨૧+૭ | ૩૫+૫ | ૦+૩ | ૧૪+૧ | ૨૮+૬ | ૪૨+૪ |
| ૧૪+૩ | ૨૮+૧ | ૪૨+૬ | ૭+૪ | ૨૧+૨ | ૩૫+૭ | ૦+૫ |
| ૨૧+૪ | ૩૫+૨ | ૦+૭ | ૧૪+૫ | ૨૮+૩ | ૪૨+૧ | ૭+૬ |
| ૨૮+૫ | ૪૨+૩ | ૭+૧ | ૨૧+૬ | ૩૫+૪ | ૦+૨ | ૧૪+૭ |
| ૩૫+૬ | ૦+૪ | ૧૪+૨ | ૨૮+૭ | ૪૨+૫ | ૭+૩ | ૨૧+૧ |
| ૪૨+૭ | ૭+૫ | ૨૧+૩ | ૩૫+૧ | ૦+૬ | ૧૪+૪ | ૨૮+૨ |
| ૦+૧ | ૧૪+૬ | ૨૮+૪ | ૪૨+૨ | ૭+૭ | ૨૧+૫ | ૩૫+૩ |

આકૃતિ ૩—૭ના અંકનો સર્વાંગ અંકજંત્ર

વળી આ સર્વાંગ અંકજંત્રની સૌથી અગત્યની બીજી ખૂબી તો એ છે કે તેવી રચનાના કોઈ પણ ચોરસમાં ઊભો કે આડો કાપ મૂકતાં જે બે કટકા થાય તે બંને ભાગોનો વિપર્યય કરી ચોરસ બનાવીએ તો પણ તેની સર્વ ખાસિયતો કાયમ રહે છે. દાખલા તરીકે, ઉપરની આકૃતિ નં. ૪માં બતાવેલા ૭ના જંત્રને વચ્ચે જાડી લીટીથી દર્શાવેલે સ્થળે કાપ મૂકતાં अ ને ब વિભાગથી બતાવેલા જે બે કટકા થાય તેમને ઉપરતળે (એટલે ब ઉપર અને अ નીચે એ રીતે) ઉથલાવી નાખીએ ને જે ચોરસ બને તેનો સરવાળો ગણીએ તો સર્વાંગ અંકજંત્રની ચારે શરતે તેના સરવાળા એક સરખા મળી રહેશે; જ્યારે પહેલા ને બીજા હપતામાં બતાવેલી રીતે રચેલા અંકજંત્રમાં એવો કાપ મૂકી થએલા ભાગોનો વિપર્યય કરી નવો ચોરસ બનાવતાં અંકજંત્રની ચારે શરતો લાગુ પડતાં માત્ર ત્રણ જ લાગુ પડશે.

—મોહનલાલ હ. પંચોળી

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| अ | ૯ | ૨૮ | ૪૦ | ૩ | ૧૫ | ૩૪ | ૪૬ |
| | ૧૭ | ૨૯ | ૪૮ | ૧૧ | ૨૩ | ૪૨ | ૫ |
| | ૨૫ | ૩૭ | ૭ | ૧૯ | ૩૧ | ૪૩ | ૧૩ |
| | ૩૩ | ૪૫ | ૮ | ૨૭ | ૩૯ | ૨ | ૨૧ |
| ब | ૪૧ | ૪ | ૧૬ | ૩૫ | ૪૭ | ૧૦ | ૨૨ |
| | ૪૯ | ૧૨ | ૨૪ | ૩૬ | ૬ | ૧૮ | ૩૦ |
| | ૧ | ૨૦ | ૩૨ | ૪૪ | ૧૪ | ૨૬ | ૩૮ |


આકૃતિ ૪—૭નો સર્વાંગ અંકજંત્ર

# કલાવાર્તા

## રૂપપ્રદ કલા

કલા વિષે અદ્યતન વિચારધારાઓ, અભિપ્રાયો અને નિર્ણયો જાણવા કે સમજવા માટે સામાન્ય વાચકને પૂરાં અંગ્રેજી પુસ્તકો પણ અપ્રાપ્ય હોય છે. તેમને માટે શ્રી માર્કંડ ભટ્ટે પોતાનાં વર્ષોનાં ચિંતન અને અધ્યયનથી પ્રાપ્ત કરેલા અધિકાર અને ઉત્સાહથી અહીં કલાતત્ત્વનો સર્વાંગ પરિચય આપ્યો છે, એટલું જ નહિ પણ ભારતીય કલાના સંબંધમાં પણ અપૂર્વ એવું ક્રિયાત્મક સંશોધન પહેલી જ વાર આ ગ્રંથ દ્વારા ભારતીય વાચક પાસે રજૂ કર્યું છે.

શ્રી માર્કંડ ભટ્ટે કલાનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે મુંબાઈની સરકારી ચિત્રશાળાએ આચાર્ય સોલોમનની દોરવણી નીચે પહેલી જ વાર ભારતીય કલા-પ્રણાલીઓનો આદર કર્યો હતો અને અભ્યાસમાં ક્રમવાર સ્થાન આપ્યું હતું. એથી શ્રી માર્કંડ ભટ્ટને અજંટા, રાજસ્થાની ને મુઘલ દૃશ્ય-તત્ત્વોનો પરિચય થયો હતો. એ પછી તો કલાનાં વિવિધ ક્ષેત્રોમાં હાથ અજમાવતાં અજમાવતાં કલાનાં અદ્યતન રહસ્યો ઉકેલવાની મહત્ત્વાકાંક્ષાએ તેમને અમેરિકા તરફ આકર્ષ્યા. ત્યાં બાર્ન્સ વિદ્યાલયમાં રહી, સર્વ યુગોની કલાનાં પડેપડ જોયાં અને કલાકારનું માનસ તેમ જ કલાકૃતિની પાછળનાં અનેકવિધ બળો, સંયોગો અને સાધનો કેવી રીતે કલાનું સ્વરૂપ સર્જે છે તેનું વિવેચન ને સાહિત્યસર્જન કરવાની મહત્ત્વાકાંક્ષા પ્રાપ્ત કરી. એ જ્ઞાન ને અનુભવના બળે જ તેમણે યુનિવર્સિટીના કલાના અભ્યાસક્રમોમાં સિદ્ધ ઠરેલી કલા-શિક્ષણની પદ્ધતિ અને વૈજ્ઞાનિક રીતોની પ્રતિષ્ઠા કરી છે.



ગુજરાતી સાહિત્યમાં કલાની મીમાંસા કરતો એક પણ સંપૂર્ણ કહી શકાય એવો શાસ્ત્રીય ગ્રંથ હજી સુધી પ્રકટ થયો નથી. કુમાર કાર્યાલયે થોડાં વરસ પર, વિખ્યાત બંગાળી કલા-વિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ બંગાળી ઉપરથી અનુવાદિત ને સુચિત્રિત પુસ્તિકા "શિલ્પ પરિચય" પ્રકટ કરી તે, એ દિશામાં પહેલું પગરણ હતું. પરંતુ તે એક પ્રકારની 'પ્રવેશિકા' કહી શકાય. તેનો વ્યાપ શાસ્ત્રીય કહી શકાય તેટલો વિશાળ નથી. એ કક્ષાએ પહોંચે એવો ગ્રંથ—ખરેખરો શાસ્ત્રીય મહાગ્રંથ હમણાં બહાર પડ્યો છે. ('રૂપપ્રદ કલા–Plastic Art'–લેખક અને પ્રકાશક શ્રી માર્કંડ ભટ્ટ, અધ્યાપક નિવાસ, યુનિવર્સિટી રોડ, વડોદરા-૨.) વડોદરાના 'મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય'ના લલિતકલાવિભાગના અધ્યક્ષ (ડીન) શ્રી માર્કંડ ભટ્ટનું નામ 'કુમાર'ના કલારસિક વાચકોથી અજાણ્યું નથી. સૌરાષ્ટ્રની ધરતીમાં પ્રકટીને કલાકાર શ્રી સોમાલાલ શાહના પ્રોત્સાહનમાં પાંગરેલો એ છોડ મુંબાઈની કલાશાળાની સર્વ પરીક્ષાઓ પાર કરી મુંબાઈમાં થોડો સમય કલાકારની સફળ કારકિર્દીમાં ફૂલ્યો-ફાલ્યો. પણ કલાની સર્વતોમુખી સમજ માટેની પિપાસા એમનામાં પ્રકટી. અને તે માટેના એતદ્દેશીય તેમજ પારદેશીય સાહિત્યનું અવગાહન એમણે કરવા માંડ્યું. એ જ ખોજમાં એ અમેરિકા ગયા. અને ત્યાં ચાર વર્ષ કલાનો અભ્યાસ કરી એમ. એ. (માસ્ટર ઑવ આર્ટ્સ)ની અંતિમ ઉપાધિ પ્રાપ્ત કરી. દેશમાં આવીને વડોદરા વિશ્વવિદ્યાલયના ઉપર્યુક્ત પદે નિયુક્ત થયા પછી પોતાના એ અધ્યયન અને સંશોધનનો વ્યવહારુ શિક્ષણ કાર્યમાં યોજવાનો સુયોગ પ્રાપ્ત થતાં એ અમોલ જ્ઞાનસામગ્રી વ્યવસ્થિત રૂપમાં મૂકવાનું મહાભારત કાર્ય એમણે આરંભ્યું, અને પરિણામે, ગુજરાતી સાહિત્યમાં જેને એક માર્ગસ્તંભ કહી શકાય તેવો કલામીમાંસાનો શાસ્ત્રીય મહાગ્રંથ એમણે આપણી આગળ રજૂ કર્યો છે. 'કુમાર'ના કદનાં સાડાચારસો ઉપરાંત પાનાં, સો ઉપરાંત બહુરંગી ચિત્રો, ભારત દેશની પ્રાચીન શાસ્ત્રીય મીમાંસા પ્રમાણે સ્વર અને રસના અનુસંધાનમાં યોજાએલા વિવિધ વર્ણ (રંગ) ને મહાપરિશ્રમે નિશ્ચિત કરીને તેના પચાવન જેટલા પ્રત્યક્ષ નમૂના રજૂ કરતા મોંઘામૂલા ચાર્ટ, માનવદેહનાં વિવિધ માપ આદિ દર્શાવતાં માનચિત્રો, (આમાંની પણ ચિત્રવાનગી ભવિષ્યમાં 'કુમાર'માં આપવાની ઇચ્છા છે)—આવી મૂલ્યવાન અને શ્રમસાધ્ય સામગ્રીથી ભરચક્ક ભરેલા એ ગ્રંથની પચાસ રૂપિયાની કિંમત પહેલી નજરે કદાચ કોઈને વધારે લાગે; પણ કલાનાં વિવિધ સ્વરૂપો, વાદો, સંપ્રદાયો તથા આદર્શોની એમાંની સમૃદ્ધ મીમાંસા તથા શાસ્ત્રીય ચર્ચાઓનો જે કાંઈક ઊડતો ખયાલ શ્રી રવિશંકર રાવળે લખેલી એની પ્રસ્તાવનાના આ સાથે ઉતારેલા તારણ પરથી વાચકને આવશે તે પ્રતીત કરાવશે કે આવા શાસ્ત્રીય મહાગ્રંથનું એ મૂલ્ય અનુચિત નથી. ખરેખર, શ્રીમતી હંસાબહેન મહેતાએ એને આવકાર આપતાં સુયોગ્યરીતે જ લખ્યું છે કે "આવું પુસ્તક આપણી ભાષામાં તો નથી જ; ભારતની અન્ય ભાષામાં પણ હશે કે કેમ એ શંકાસ્પદ છે."

---

આ પુસ્તક કોઈ ક્રિયાત્મક અભ્યાસ રજૂ કરતું નથી, પણ માનવ-સંસ્કૃતિમાં અનિવાર્ય બનેલા કલાતત્ત્વની પરિસ્થાપના કરે છે ને તે માટે યથાયોગ્ય શાસ્ત્રીય ચિંતન અને વિવેચનની કેડીઓ દર્શાવે છે. જગતભરના વિદ્વાનોએ સદીઓથી જે કંઈ અભિપ્રાયો અને સિદ્ધાંતો સારી દુનિયા આગળ મૂક્યા છે તેનું સરવૈયું બાંધવા લેખકે અહીં પ્રયત્ન કર્યો છે; છતાં સામાન્ય કલાપિપાસુને પણ યોગ્ય માર્ગદર્શન આપે તેવાં પ્રકરણોથી આરંભ કરી, પાશ્ચાત્ય વિદ્વાનોનાં ગહન ચિંતનો અને ભારતીય રસમીમાંસાનાં વિસ્તૃત અવતરણોથી આ ગ્રંથને એક રીતે કલાસર્વસ્વ કહીએ તેવો માહિતીપૂર્ણ બનાવ્યો છે.

આ વિષમ ને વિપુલ કાર્ય પાર પાડવામાં અનેક અભ્યાસ, ચિંતન, અને સાથેસાથે વ્યાખ્યાઓ તેમજ વિચારો દર્શાવવાને સુયોગ્ય શબ્દો અને ભાષા ઉપજાવવાનું કઠિન કાર્ય તેમણે શી રીતે પાર પાડ્યું હશે, તે અંદરના મહાન તત્ત્વચિંતકોના વિચારો જાણ્યા પછી જ સમજી શકાશે. કલા અને સૌંદર્યની ચર્ચાએ જગતના શ્રેષ્ઠ તત્ત્વચિંતકોને ગૂંચવ્યા છે, અને હજી સુધી કલા અને સૌંદર્યની છેવટની વ્યાખ્યા કોઈ આપી શક્યું નથી. કોઈક જાતની વિકટ માનસિક પરિસ્થિતિ અને અનુભૂતિનાં સંમિશ્રણોથી કલા, સૌંદર્ય ને અભિરુચિના જે પાઠો માનવ-સમાજે પ્રાપ્ત કર્યા છે, તેને સંપૂર્ણ રીતે વ્યક્ત કરનારા વિરલ જનો જ હોય છે. છતાં એવા મહારથીઓની વાણી અને વિચાર ગુજરાતી વાચકો આગળ હિંમત ને ઉત્સાહથી મૂકીને તેમણે ગુજરાતમાં કલાચિંતન અને વિવેચનનો રાજમાર્ગ મોકળો કર્યો છે.

કોઈ પણ પ્રારંભિક કલાભ્યાસીએ આ ગ્રં-

થનું કદ, વજન ને વિસ્તાર જોઇને જરા પણ અચકાવાની જરૂર નથી. આડાંઅવળાં પાનાં પર નજર કરવાથી પણ કોઇ ને કોઈ કલા-પ્રકારની ચર્ચા, વિવેચન કે કલાવિદ્‌ના અભિપ્રાયનો, કે અવનવા કોઇ સૌંદર્યસિદ્ધાંતનો તેને પરિચય થશે. ચિત્ર પૃષ્ઠો પણ તેની દૃષ્ટિ પર કંઇ ને કંઈ પ્રતિક્રિયા કરી તેમાંનાં તત્ત્વો જાણવાની ઇચ્છા ઉત્પન્ન કરે તેવાં છે, અને પરિશિષ્ટોમાં તો ભારતીય કલાનાં દુષ્પ્રાપ્ય શાસ્ત્રીય વિધાનો અનેક પ્રાચીન ગ્રંથોમાંથી સારવીને એવી રીતે રજૂ કર્યાં છે કે આજના રસિક મીમાંસકો તે પર ચિંતન કરી ફરી વાર ભારતની સંસ્કૃતિનું ગૌરવ કરતા થશે. સામાન્ય વાચકથી માંડીને શ્રેષ્ઠ પંડિતોને ઉપભોગ્ય એવા કલા વિષેના સર્વ સંભારવાળો આવો ગ્રંથ ગુજરાતી ભાષામાં જ નહિ પણ ભારતમાં પહેલો ગણાય તો ય નવાઇ નહિ.

બહુ ઉચિતરીતે એમણે કલાના સિદ્ધાંતો ને અભિપ્રાયોને પાછળ રાખીને કલાનાં દૃશ્ય અંગોની ચર્ચાથી ગ્રંથનો આરંભ કર્યો છે. આધુનિક કલાસંસ્કૃતિના વિવિધ પ્રશ્નોની પણ તેમણે આ ગ્રથમાં છણાવટ કરી છે. છેવટે તો કલાકારની સન્નિષ્ઠા અને પ્રામાણિક દૃષ્ટિ ઉપર જ એ પ્રશ્નોની જવાબદારી નાખી છે ને સમકાલીન સમાજ પાસેથી સહૃદય રસિકતાની અપેક્ષા બતાવી છે. પાછળનાં પ્રકરણોમાં તેમણે કલાવિવેચકોની પેઢીઓની પેઢીઓના ખયાલો આપ્યા છે. ગ્રીસની કલાથી માંડીને આજની અમેરિકન અને ફ્રેન્ચ કલા સુધીમાં જે જે સ્વરૂપાંતરો થયાં, તેમાં દેશ કાળ ને સાંપ્રતિક પરિસ્થિતિએ જ કલાસ્વરૂપોનું વલણ નક્કી કર્યું હતું. કલાવિવેચકોએ કોઇ પણ સ્થળે કલાસર્જન પર નિયમન કર્યું જણું રો નહિ; તો પછી આપણી ભારતીય જીવન પરિસ્થિતિ પ્રમાણે જે કલાનિર્માણ શક્ય હોય તે પણ હોય તેમ ન કરી શકાય? સર્જકની નિજી પ્રકૃતિ, સાધનો, દેશ, કાળ તથા સમાજને અનુલક્ષીને તેનું મૂલ્યાંકન કરવાથી જ તેની કૃતિનો રસાસ્વાદ પછીની પેઢીઓ માટે શક્ય બન્યો છે. તે વખતે યુગયુગની કલાકૃતિઓ અને કલાકારનું આંતરરહસ્ય સમજવાને રૂપકલાનાં સર્વસામાન્ય બાહ્યાંગો અને તેમની પ્રતિક્રિયાઓ સમજવાનું પ્રત્યેક કલાપિપાસુ અને અભ્યાસી માટે ઉચિત ગણાયું છે.

આ બધાં તત્ત્વોને લેખકે સમજપૂર્વક પ્રથમ ખંડમાં પૂર્ણ વિગતે વિસ્તાર્યાં છે. આ તત્ત્વની ચર્ચા માટે યોગ્ય ગુજરાતી પરિભાષાની તેમણે ખૂબ મથામણ અનુભવી હશે એમ સ્પષ્ટ જણાય છે. જ્યાં શબ્દો ન મળ્યા ત્યાં બનાવી લીધા છે; તેથી પણ સ્પષ્ટતા ન થાય ત્યાં અંગ્રેજી પર્યાય સાથોસાથ આપ્યા છે; એટલાથી યે કામ ન સરે ત્યાં ચિત્રદર્શનના પ્રત્યક્ષ પાઠ મૂકી પોતાનો આશય સિદ્ધ કર્યો છે.

આ જમાનામાં કલાચર્ચામાં વ્યવહારુ બનેલાં તત્ત્વો તેમણે નીચે મુજબ આપ્યાં છે: "રૂપ કલાનાં મૂળ તત્ત્વો: (૧) રંગ. (૨) છાયા-પ્રકાશ, (૩) કદ અથવા ઘનતા, (૪) અવકાશ; ને પછી આ તત્ત્વોનાં આનુષંગિક તત્ત્વો (જેને હું સાધક તત્ત્વો કહું) તે આ પ્રમાણે: (૧) રેખા, (૨) રૂપ. (૩) આલેખન, (૪) આયોજન, (૫) દૃશ્ય-સંવાદ, (rhythm) (૬) રચના (design) ને ભાત (pattern) (૭) ઘનતાભાસ (negative volume) (૮) દૃષ્ટિભ્રમ (૯) ઉપમાવિવિધતા ને એકતા. વગેરે.' ગ્રંથમાં પાછળ આપેલા અનેક ચિત્રપટો આ ખંડના પ્રત્યક્ષ આવિષ્કારો છે. લેખકે આ ચિત્રો પાછળ જે ચિંતન, યોજના ને પરિશ્રમ કર્યાં છે તે વિરલ છે.

આ જ મૂળ તત્ત્વોની સમજણના આધારે ભારતીય દૃશ્યકલાનું નવું મૂલ્યાંકન કરવાનો શુભ પ્રયાસ લેખકે ત્રણ રાજસ્થાની ચિત્રોનું નિરૂપણ કરીને બતાવ્યો છે. પ્રાચીન ભારતીય સાહિત્યમાંથી વર્ણોની નામાવલિઓ શોધીને તેમનાં વિશેષણો ને ઉપમાઓ અનુસાર ખરા રંગોનાં મિશ્રણો તૈયાર કરી ગ્રથસ્થ નામો સાથે 'વર્ણ'નો પરિચય જે આપ્યો છે, તે પ્રાચીન ભારતની કલાસંસ્કૃતિની એમની અનન્ય સેવા છે. કેટલાક કવિઓ, પંડિતો અને ગાયકો આ વર્ણોના શબ્દોચ્ચાર કરવા છતાં તેના સાક્ષાત્ ચાક્ષુષ અનુભવથી વંચિત રહ્યા છે, તેમને માટે હવે શાસ્ત્રસ્વીકાર્ય એવી વર્ણભંગીઓ આ ગ્રથ દ્વારા પ્રમાણિત બની છે. આ સંશોધન માટે જગતભરનાં વિદ્યાક્ષેત્રો શ્રી માર્કંડ ભટ્ટને જરૂર ધન્યવાદ આપશે.

કલાનાં દૃશ્યતત્ત્વોના નિરૂપણમાં માનવશરીરનાં પ્રમાણોની ગ્રીક. ભારતીય અને યુરોપીય. એમ ત્રણ વૈજ્ઞાનિક રીતે જે ગણના કરવામાં આવી છે. તે ત્રણે પૂરી વિગતે અહીં આપી ને પછી ભારતીય પ્રતિમા વિધાનનાં વિશેષ લક્ષણો ને અંગ-ઉપાંગોનાં પ્રમાણ પરિશિષ્ટમાં આપેલાં છે એ પરથી ભારતીય કલા-રૂપ કેટલી હદે શાસ્ત્રીય બન્યું હતું તે સમજાય છે. આ પુસ્તકનું એક મહત્ત્વનું અને સૂચક અંગ તો તેમાં અપાએલો પ્રકરણોના વિષયોની વિગતો ભરેલો અનુક્રમ, નવા પર્યાયોનો શબ્દકોષ, ઉપરાંત ઝીણવટથી ગોઠવાએલી વિષયસૂચિ ને સંદર્ભગ્રથસૂચિ છે. જે કોઈ પણ અભ્યાસી માટે અતિ દુર્લભ એવું પાથેય બની રહેશે. ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતા અભ્યાસગ્રંથોમાં આટલી ચીવટથી વિષયનો વિસ્તાર થયો હોવાનું દૃષ્ટાંત ભાગ્યે જ મળશે.

બીજા ખંડમાં પાશ્ચાત્ય સિદ્ધાંતો ને ચર્ચાઓનો વિપુલ સંગ્રહ થયો છે. એ વાંચતાં તો એક વ્યાપક ભાવનાસૃષ્ટિનો પરિચય થાય છે. અનેક જટિલ વિચારમાળાઓને ગુજરાતીમાં ઉતારવાનો અહીં શૌર્યનો પ્રયાસ કર્યો છે. કોઈ બીજા રસિક મીમાંસકે તો એ વિષયને કદાચ હાથ પણ લગાડચો ન હોત. એમાં પ્લેટોથી માંડીને આનંદ કુમારસ્વામી સુધીના કલાવિદોનાં ગંતવ્યો ને નિર્ણયોનું વિપુલ ભાતું ભર્યું છે. પ્રત્યેકનાં વિચારપ્રેરક સુંદર વિધાનો ને વિવાદો પણ એક રસાનુભવ બની જાય એવાં છે. લેખકો ને વિદ્વાનો પ્રસંગોપાત્ત તેના ઉલ્લેખો ઉપયોગમાં લે એવી આકર્ષક વિચારધારાઓ તેમાં છે. આટલી ઉચ્ચ કક્ષાની ચિંતનસામગ્રી માટે ગુજરાતી ભાષાનું માધ્યમ કોઈને અપૂર્ણ લાગતું હશે. પણ લેખકે સફળતાથી કેટલાયે સિદ્ધાંતો ને કલાચર્ચાને ગુજરાતી ભાષામાં હિંમતથી વહેતાં મૂક્યાં છે.

ત્રીજા ખંડમાં ભારતીય સૌંદર્ય દૃષ્ટિના તાર મેળવવાને વેદકાળના સાહિત્યમાંથી કલા-રૂપદર્શક શબ્દ-સમુચ્ચયો, વર્ણનો તેમજ પાત્રો અને પ્રસંગો ઉતારીને મધ્યકાળમાં રચાએલી રસસમીક્ષાઓના ગાંસડા છોડી નાખ્યા છે. 'लीयते परमानन्दे ययात्मा सा कला मता' કહીને એ પરમાનંદની નિષ્પત્તિ માટે કલાસર્જનમાં કેવા કેવા ગુણો હોવા જોઇએ, તેની સ્પષ્ટતા માટે પહેલા ખંડમાં સૂચન કરેલાં તે, અને વાત્સ્યાયન કામ-સૂત્રમાંથી શ્રી અવનીન્દ્રનાથે પ્રથમ ઉદ્ધારેલા ને પ્રસિદ્ધ કરેલાં તે, એમ બધાં તત્ત્વોની વિસ્તૃત વિવેચના એમણે આપી છે, ને આજની કલાપ્રવૃત્તિમાં યોજી શકાય એ રીતે તેનું સરળ નિરૂપણ કર્યું છે. તે ઉપરાંત 'વિષ્ણુધર્મોત્તરપુરાણ'ના 'ચિત્ર-સૂત્ર' અને ભોજના 'સમરાંગણ-સૂત્રધાર' માંથી તથા સોમેશ્વરરચિત 'માનસોલ્લાસ' માંથી તેમજ શિલ્પરત્ન' આદિ ગ્રંથોમાંથી તત્કાલીન ચિત્રસૃષ્ટિમા પ્રચલિત થએલાં મૂલ્યાંકનો અને ગુણો દર્શાવતા શબ્દો ને વ્યાખ્યાઓનો ભરપૂર પ્રસાદ ભેગો કર્યો છે. અન્ય ભારતીય કલાચિંતકો શ્રી આનંદ કુમારસ્વામી, શ્રી અરવિંદ અને શ્રી દાસગુપ્તા વગેરેને પણ લેખક ભૂલ્યા નથી. એ સર્વેએ ભારતીય કલાકારનાં આદેશ, સાધના, વ્યક્તિત્વ ને સર્જનકાર્ય ઉપર પુષ્કળ પ્રકાશ નાખ્યો છે ને વિશ્વના શ્રેષ્ઠ વિચારકોનાં મંતવ્યો સાથે તેનો સમન્વય કર્યો છે. પ્રાચીન ભારતીય કલાના સ્તોત્ર સમા

એ ઉલ્લેખો જે વિગતથી અહીં થયા છે તેની પ્રતીતિ કરાવતાં ચિત્ર દૃષ્ટાંતોનો વાચકોએ પરિચય મેળવવો આવશ્યક છે.

ભરતમુનિનું વાક્ય કે 'આંખ ને કાન એ સૌંદર્યતત્વગ્રાહક ઇન્દ્રિયો છે', તેના આવિષ્કાર ને વિકાસ માટે નાટક ને રસ-શાસ્ત્રની વિસ્તારપૂર્ણ ચર્ચા અનેઉલ્લેખો અનેક પ્રાચીન ગ્રંથોમાંથી લેખકે ઉતાર્યાં છે. એના પરિચયથી વાચકને અભિનય, નૃત્ય, ભાવ અને તેના સેંકડો વિભાગી પ્રકારોનું અસ્તિત્વ જાણવા મળે છે; અને એવી જ રીતે પૂર્વની કલાઓમાં ચીન ને જાપાનનાં મંતવ્યો માટે પુષ્કળ અવતરણો મૂક્યાં છે. તે સાબિતી આપે છે કે ચીન, જાપાન અને ભારતની આધ્યાત્મિક દૃષ્ટિ ને કલા તથા સૌંદર્યનાં તત્ત્વોનાં મૂળ સ્રોત કોઇ જમાનામાં એક જ કેન્દ્રમાંથી વહ્યાં હશે ને કાળાંતરે પ્રાંતિક યા રાષ્ટ્રીય પ્રકૃતિનાં પરિવેષ્ટન કે સંસ્કારપુટોથી અવનવાં સ્વરૂપો પામ્યાં હશે. ભારતીય કલાના ષડંગ ચીનમાં છઠ્ઠા સૈકામાં પ્રચલિત થયાં હતાં. બંને દેશોએ જીવન-ભાવના અને કાળનો સુસંયોગ સ્થાપિત કર્યો હતો એમ ચીન તત્ત્વ-વિવેચકોનાં વચનો છે: 'વાસના અને ઈચ્છા જીવનના દુશ્મનો છે. ડાહ્યા પુરુષો સંગીત લેખનકલા ને ચિત્રકલામાં પ્રવૃત્ત બની વાસનાઓથી દૂર રહે છે.'

આધુનિક કલાપ્રકારોનુંપ્રધાનલક્ષણ વાસ્તવિક આકારોમાંથી આઝાદી મેળવવાનું છે. તેઓ રંગ, રેખા, વિસ્તાર અને છાયાપ્રકાશ તેમજ ઊંડાણના સંયોગોથી પોતાનાં સર્જનો કરવા, વાસ્તવિકતાનો બને તેટલો ઓછો ઉપયોગ કરી આગળ જઇ રહ્યા છે. વાસ્તવિકતાનું રૂપાંતર અથવા વિકરણ યા વૈચિત્રીકરણ કે શૈલીકરણ વગેરેને એમાં મહત્ત્વ અપાયું છે. De-humanisation of Art(માનવ તત્ત્વથી કલાની મુક્તિ) એ નામના ગ્રંથના લેખક ગાસેટ કહે છે: 'વાસ્તવિક પ્રસંગો જેવી સુખદુ:ખની ભાવનાઓ કરતાં કલાત્મક સૌંદર્યનો આનંદ સાવ જુદો જ છે. તદ્ઉપરાંત કલામાં રહેલું આ વાસ્તવિક માનવ-મૂલ્ય કલાના સૌંદર્યની સાથે સૈદ્ધાન્તિક રીતે સંભવી શકે નહિ.'

પરંતુ 'શુદ્ધ કલા અસંભવિત હોય તોપણ કલાને શુદ્ધ બનાવવાની વૃત્તિને સ્થાન જરૂર છે.આ વૃત્તિ કલામાંથી ઉત્તરોત્તર વાસ્તવિકતાયુક્ત માનવ-મૂલ્યનો નાશ કરશે. પછી તો જે વ્યક્તિમાં કલાત્મક રસિકતા હશે તે જ કલાકૃતિના શુદ્ધ આનંદનો અનુભવ કરી શકશે. એ કલા માનવ-સમૂહની નહિ, પણ કલાકારોની હશે. આ કારણને લીધે જ નવીન કલા, સમાજમાં 'કલારસિક' ને 'કલાથી અજ્ઞાન' એવા બે વર્ગો ઉત્પન્ન કરશે.'—આ રીતે શુદ્ધ કલાને તે વિશિષ્ટ વર્ગની કલા તરીકે જુદી તારવે છે.

મૉડર્ન આર્ટ પર આથી વધુ સ્પષ્ટ ચુકાદો બીજો શો હોઈ શકે? માત્ર બીજા વર્ગને 'કલાથી અજ્ઞાન' કહેવાની ધૃષ્ટતાનો જવાબ તો સમાજ આપી શકે. પણ અમેરિકાનું બાર્ન્સ ફાઉન્ડેશન, જ્યાં આ ગ્રંથના લેખકે નવા કલા-ધર્મની દીક્ષા મેળવી છે, ત્યાં શિક્ષણાચાર્ય તરીકે જોડાએલા સ્વર્ગસ્થ તત્ત્વજ્ઞાની જૉન ડ્યુઇ પોતે જ બહુજન-સમાજની મદદે આવે છે એ એક આશ્વાસન છે: 'કલા અને મજૂરી, કલા ને કુદરત, તેમજ કલાનુભવ અને સામાન્ય અનુભવને એકબીજાથી જુદાં ન પાડવાં જોઇએ. કલા એ જીવનથી વિખુટું તત્ત્વ નથી. કલા અમુક જ વ્યક્તિ માટે નથી, પરંતુ વસ્તુત: જીવનની તમામ પ્રવૃત્તિઓને પરિપૂર્ણ અને સાર્થક બનવાનું એક તત્ત્વ છે.'

કલાચિંતનનો આવો વિપુલ ગ્રંથ ગુજરાતી ભાષામાં તૈયાર કરનાર લેખકના હૃદયમાં પણ આવી જ કોઈ મહત્ત્વાકાંક્ષાથી જ આ કાર્ય બની શક્યું હશે. —રવિશંકર મ. રાવળ

# પહેલી અખિલ ભારતીય નૃત્યપરિષદ

સુનીલ કોઠારી

ગઈ તા ૩૦મી માર્ચ(૧૯૫૮)થી ૭મી એપ્રિલ સુધી સંગીત-નાટક અકાદમીના આશ્રયે નવી દિલ્હી ખાતે વિજ્ઞાનભવનમાં આ દેશની પ્રથમ 'અખિલ ભારતીય નૃત્ય પરિષદ' મળી ગઈ. એ જ સંસ્થાના આશ્રયે આ પૂર્વે ૧૯૫૫, '૫૬ અને '૫૭માં અનુક્રમે ચલચિત્ર, નાટક અને સંગીતની પણ પ્રથમ પરિષદો વિશાળ ધોરણે યોજાઈ હતી. આ નૃત્ય-પરિષદમાં ચીન, સીલોન અને નેપાળને પણ ભાગ લેવા નિમંત્રણ અપાએલાં દેશભરમાંથી ૩૫૦થી યે વધારે નૃત્યકારો, વ્યાખ્યાતાઓ વગેરે ઉપરાંત ઠેરઠેરથી પ્રેક્ષકોએ પણ સારી સંખ્યામાં આવીને આ સેમીનારનું મહત્ત્વ વધારેલું. જે જિજ્ઞાસા, ઉત્સાહ ને ઊલટથી સૌ રોજની બેઠકોમાં તેમજ રાત્રે તાલકટોરા ગાર્ડન ખાતે 'ઓપન એર થીએટર'માં ભજવાતા નૃત્યોત્સવોમાં હાજરી આપતા તે, દેશમાં લલિતકલાઓની લોકપ્રિયતા ને તદ્વિષયક આવેલી જાગૃતિનું દ્યોતક હતું.

તા. ૩૦મી માર્ચે મદ્રાસ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ ને સંગીતનાટક અકાદમીના પ્રમુખ શ્રી રાજમન્નારે સવારે સાડાદસે વિજ્ઞાનભવનના 'જી' કમિશન રૂમમાં પરિષદ્‌નું ઉદ્‌ઘાટન કર્યું. નૃત્યક્ષેત્રે જાણીતી વ્યક્તિઓ ને ખાસ નિમંત્રેલા વિદ્વાન વ્યાખ્યાતાઓથી સભાખંડ ચિક્કાર હતો. અકાદમીનાં મંત્રી કુ. નિર્મલા જોષીએ સૌને આવકાર આપતાં આ બેઠકો દરમિયાન વંચાનારાં પ્રવચનો, અને એ સાથે કથચિત્વ વિશદ ને સુગમ બને એ માટે રજૂ થનારા નૃત્યપ્રયોગો વગેરેની નોંધ 'ટેઈપ રેકોર્ડીંગ' તેમજ ચલચિત્ર દ્વારા ઊતારી લેવામાં આવશે એવી આનંદદાયક માહિતી પણ આપી.

સેમીનારની દરરોજ બે બેઠકો મળતી: સવારે ૧૦ થી ૧ અને બપોરે ત્રણથી પાંચ. લગભગ ૪૩ ઉપરાંત વ્યાખ્યાતાઓનાં પ્રવચનો ગોઠવાયાં હતાં, જેની સાથોસાથ વક્તવ્યના નિદર્શક નૃત્યપ્રયોગો પણ થતા. એ માટે વ્યાસપીઠની આગળ જ મજબૂત સ્ટેજ બાંધ્યું હતું. વળી અંગ્રેજીમાં વંચાતાં ભાષણોનો હીંદીમાં અનુવાદ પણ થતો જે દરેક વ્યક્તિની બેઠક આગળ મૂકેલા ધ્વનિવર્ધક યંત્ર તેમજ 'ઈઅર-ફોન્સ' દ્વારા સાંભળી શકાતો. અને સેમીનારની બેઠક પત્યા પછી વચ્ચેના ગાળામાં શ્રી રાજમન્નાર, વડા પ્રધાન શ્રી નેહરુ, ચાઈનીઝ એમ્બસી, બિહાર સરકાર તથા અન્ય અનેક સંસ્થાઓ તરફથી સાંજે સ્વાગત-મેળાવડા યોજાતા હતા, એથી પ્રત્યક્ષ પરિચયની ઠીક તક સાંપડતી. રોજ રાત્રે તાલકટોરા ગાર્ડન ખાતે ઓપન એર થીએટરમાં ભારતભરનાં શાસ્ત્રીય-નૃત્યો તેમજ અમુક લોકનૃત્યો પણ રજૂ થતાં.

પરિષદમાં ભાગ લેનાર આમંત્રિતો, નૃત્યકારો તથા વ્યાખ્યાતાઓ માટે રહેવા-સૂવાની વ્યવસ્થા તાલકટોરા ગાર્ડનમાં ઊભા કરેલા તંબૂઓમાં હતી. પરંતુ પહેલે દિવસે કોઈ જ પ્રકારની સગવડો સચવાઈ નહોતી, એટલે અમે તો પછી એક પ્રાધ્યાપક મિત્રને ત્યાં લગભગ સાત-આઠ માઈલ દૂર શક્તિનગર જઈ રહેલા. દિલ્હીના ઉનાળામાં એ તંબૂઓમાં રહેવું તો અસંભવ બની રહે તેટલું કષ્ટદાયી હતું. મોટા ભાગના વ્યાખ્યાતાઓ ને નૃત્યકારો એમ અંગત મિત્રોને ત્યાં જ રહ્યા હતા. વળી તાલકટોરા ગાર્ડન અને વિજ્ઞાનભવન પણ ઠીક ઠીક દૂર હતાં અને બન્ને સ્થળેથી વાહન મળવાની બહુ મુશ્કેલી હતી. કોઈ પ્રકારની બસની વ્યવસ્થા પણ વિચારાઈ નહોતી અને પાર વિનાની અગવડો વેઠવી પડતી. સંગીતનાટક અકાદમીએ આ વિષે વ્યવસ્થા કરવી જોઈતી હતી.

પ્રથમ દિવસે શ્રી રાજમન્નારે પરિષદનું ઉદ્‌ઘાટન કર્યા બાદ બપોરે મ્યૂઝિક અકાદમીના પ્રમુખ અને નૃત્યપરિષદ યોજવા માટે રચાએલી ચાર સભ્યોની સમિતિના સભ્ય ડૉ. વી.

રાઘવનનું 'ભરતનાટચ' ઉપર પ્રવચન હતું. તે સંસ્કૃત સાહિત્યના બહોળા અભ્યાસી અને અન્વેષક હોવા ઉપરાંત નૃત્યવિષયક ઊંડું જ્ઞાન ધરાવતા હોઈ પ્રવચન સુદીર્ઘ ને વિદ્વત્તાપૂર્ણ હતું. બીજું પ્રવચન 'ભરતનાટચમાં આધુનિક પ્રવાહો' પર બૅંગ્લોરના પ્રા. શ્રી યુ. એસ. કૃષ્ણરાવનું હતું. સેમીનાર યોજવા નિમાએલી સમિતિનાં બીજાં ત્રણ સભ્યો શ્રીમતી રુક્મિણીદેવી અરુંડેલ, શ્રી ઉદયશંકર ને શ્રી હરી ઉપલ હતાં, એમાંથી શ્રી ઉદયશંકર કંઈક મતભેદ પડતાં હાજર રહ્યા નહોતા.

પહેલી તારીખે આપણા ડૉ. ડી. જી. વ્યાસના 'કથક' પરના અધિકારી પ્રવચન બાદ કથક નૃત્યના ઘરાણાદાર વર્તમાન હયાત ગુરુઓ શ્રી શંભુ મહારાજ, શ્રી લચ્છુ મહારાજ ને યુવાન કલાકાર શ્રી બીરજુ મહારાજના પ્રયોગો રજૂ થયા. આટલી વૃદ્ધ અવસ્થાએ પણ શ્રી શંભુ મહારાજ અને શ્રી લચ્છુ મહારાજે કથક નૃત્યની ખૂબીઓ આશ્ચર્યજનક અભિનય સહ સમજાવી. બંને આ અવસ્થાએ પણ પરંપરાગત નૃત્યનું જે સંરક્ષણ અને સંવર્ધન કરી રહ્યા છે તે પ્રશંસાપાત્ર છે. એ અગાઉ કુ. રોશન વઝીફ્દારે 'શાસ્ત્રીય ભરતનાટચ-નૃત્યશૈલીમાં નાયિકાની ભૂમિકા' વિષે પ્રવચન વાંચેલું ને ગીતગોવિંદની કેટલીક અષ્ટપદીઓનું નૃત્યદ્વારા અભિનવ ભાવાંતર રજૂ કર્યું હતું. પ્રાધ્યાપક કૃષ્ણરાવે પોતાનું પ્રવચન વાંચ્યું નહોતું, પણ એમની શિષ્યા કુ. સુધારાવે નૃત્ય-પ્રયોગ રજૂ કર્યા હતા. ભરતનાટચ-નૃત્યના આ પ્રાધાન્ય પછી સામા પક્ષે દિલ્હી-ઉત્તર ભારતના લોકોએ ઉત્તર ભારતીય નૃત્ય કથકનો પગદંડો કેવો મજબૂત છે એ જાણે પૂરવાર કરી બતાવ્યું. શ્રી કલ્યાણપુરકરના કથકનૃત્ય વિષેના પ્રવચન દરમિયાન બિરજુ મહારાજે કથકનૃત્યના તોડા, ગત, આમદ, પરન ટુકડા, કવિતા તોડા વગેરે પ્રયોગો કર્યા હતા અને તત્કાર વિભાગ-(foot-work)માં સૌને દંગ કરી મૂકયા હતા. બન્ને પગે બાંધેલાં લગભગ ત્રણસો ઘૂઘરીઓવાળાં ઝાંઝરમાંથી માત્ર એક જ ઘૂઘરી વગાડી નૃત્ત પર પોતે કેવો સુંદર કાબૂ ધરાવે છે તે તેમણે અદ્ભુત સફળતાપૂર્વક દર્શાવ્યું હતું.

એવી જ બીજી અદ્ભુતતા તે દિવસે બપોરે ડૉ. રાઘવનના 'ઉપરૂપક' વિષય પરના વ્યાખ્યાન બાદ શ્રીમતી બાલાસરસ્વતીએ કન્નડ ભાષામાં રચાએલા વિખ્યાત પદ 'કૃષ્ણને બાગાને બારો'ના એક 'જગદોદ્ધારક' ચરણનું ભાવદર્શન કરીને સર્જાવી હતી. નિસર્ગદત્ત સુંદર ગળું ધરાવતી આ સ્વરકિન્નરી નર્તિકાએ જે તાત્કાલિક ભાવાંતર (spontaneous compromisation) સંચારી ભાવમાં દર્શાવ્યું તે તો ચિરસ્મરણીય રહેશે. ભર દરબારે દુઃશાસન વસ્ત્રાપહરણ દ્વારા દ્રૌપદીની વિડંબના કરવા મથે છે ત્યારે દુઃખ હરનાર મુરલીધારી કૃષ્ણની આર્તનાદે ધા નાખતી દ્રૌપદીની વાણી, અને કૃષ્ણે જ્યારે વસ્ત્રો પૂરાં પાડી લાજ રાખી ત્યારે નમ્રભાવે કૃતજ્ઞતા પ્રકટ કરતી 'જગદોદ્ધારક' સંબોધનવાણી-દીન વાણી, એ બંને એટલી તો હૃદયવેધક હતી કે દર્શકોની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં હતાં! પરિષદના સર્વ કાર્યક્રમોમાં કથક અને ભરતનાટચના આ પ્રયોગોવાળી બેઠકો યાદગાર બની ગઇ.

અન્ય વ્યાખ્યાનો ને નૃત્યપ્રયોગોમાં આસામનાં નૃત્યો રજૂ કરવા બદલ શ્રી મહેશ્વર નિયોગીને ચારે બાજુથી અભિનંદન મળ્યાં. મણિપુરી નૃત્યના બુઝર્ગ ગુરુ શ્રી અમુબીસિંગના પ્રયોગો ઉપરાંત મુંબાઈનાં શ્રીમતી નયના ઝવેરી અને એમની બહેનો સુવર્ણા ને દર્શના ઝવેરીના પ્રયોગો પણ ઉચ્ચ કોટિના હતા. એમના પ્રયોગોમાં તો (એમના કથયિતવ્ય અનુસાર) સર્જનાત્મક તત્ત્વો પણ ભળ્યાં હતાં.

આસામનાં ઓજપાલા, દેવધાની વગેરે નૃત્યો પછી શ્રીમતી રુક્મિણીદેવી અરુંડેલના પ્રવચન તથા તેને વિશદ કરતાં કલાક્ષેત્રના કલાકારોએ કરેલાં મુદ્રાઓ, ચાલ, અભિનય વગેરેના પ્રયોગો (જે સંસ્કૃત શ્લોકોને આધારે થયા હતા તે) પ્રેરક અને પ્રબોધક હતા. શ્રીમતી રુક્મિણીદેવીએ નૃત્ય પાછળની ભક્તિની ભાવના-નહિ કે હલકી વૃત્તિને ઉશ્કેરે તેવી ભાવદર્શના—પર ભાર મૂકયો હતો. વડોદરા યુનિવર્સિટીના નૃત્ય વિભાગના વડા શ્રી મોહન ખોકરનું, દક્ષિણ ભારતનાં વહેમ, અંધશ્રદ્ધા વગેરેને લગતાં 'વિધિનૃત્યો' ઉપરનું પ્રવચન, અને પ્રવચન બાદ એમણે બતાવેલાં દીપચિત્રો, બંને અભ્યસનીય અને નોંધપાત્ર બનેલાં. પરિષદમાં વ્યાખ્યાનોની સાથે યોજાએલા આવા નૃત્યપ્રયોગો, દીપચિત્રો, દસ્તાવેજી ચિત્રો વગેરેથી વ્યાખ્યાનો વિશદ થયાં હતાં. ઉપરાંત સમગ્ર પરિષદનું ચર્ચા વગેરેનું ધોરણ પણ ઘણું ઊંચું રહ્યું હતું.

વ્યાખ્યાતાઓમાં મદ્રાસના શ્રી ઇ. કૃષ્ણ આયર નાદુરસ્ત તબિયત હોવાને અંગે જાતે આવી શકચા નહોતા, પણ ગુજરાતને એમની ઓળખાણ આપવી જરૂરી છે. આજે સાઠ વર્ષે પહોંચેલા એ આદમીએ ઈ. ૧૯૨૫માં કાયદાનો અભ્યાસ કરતાં કરતાં ગુરુદેવ ટાગોરની આજ્ઞાને માન આપી 'ભરતનાટચ-નૃત્ય'ના પુનરુદ્ધારનું કામ શરૂ કર્યું. પોતે જાતે એ પ્રકારના નૃત્યની શિક્ષા લીધી અને આપણા આ નૃત્યસંસ્કારધનનું સંરક્ષણ કર્યું. જે સામાજિક પૂર્વગ્રહો અને દેવદાસીની પ્રથાની અવનતિને લઇને ભરતનાટચનું ભદ્ર સમાજમાં અવમાન થયું હતું તે વિરોધી બળોને નિવારી એમણે જ ભરતનાટચની સંસ્કારી ધોરણે સ્થાપના કરી. પોતે ખુદ સ્ત્રીનાં કપડાં પહેરી ભદ્ર સમાજની સભાઓમાં નૃત્યો કરતા! આમ ભરતનાટચની પુનઃપ્રતિષ્ઠામાં જ એમણે જીવનનો પ્રધાનકાળ ગાળ્યો છે. આથી એમની ગેરહાજરી સૌને દુઃખની વાત હતી.

કથકલી નૃત્યનાં પ્રવચનો દરમિયાન રાષ્ટ્રપતિ તરફથી બહુમાન પામેલા વૃદ્ધ શ્રી કુંજુકુરૂપે 'નવ રસ'ના પ્રયોગો કરેલા. પછી ખાસ વિનતિથી એમણે અને શ્રી કુંજુ નાયરે 'ભક્ત કુચેલા'નો પ્રસંગ (કૃષ્ણસુદામાનો કથાપ્રસંગ) કથકલી નૃત્યદ્વારા રજૂ કર્યો. આપણા કવિ પ્રેમાનંદના સુદામાખ્યાનની પેલી પંક્તિઓ 'પછી શામળીઓ બોલિયા તને સાંભરે રે!'નું બહુ જ સચોટ સ્મરણ ત્યારે થઈ આવ્યું.

ગુરુ કુંજુકુરૂપ પછી ગુરુ ગોપીનાથે કથકલીમાં પ્રાથમિક શિક્ષણનું જ્ઞાન કઇ રીતે અપાય છે તે એમના શિષ્યોના પ્રયોગો દ્વારા દર્શાવ્યું હતું. પોતે પણ હાથીની ચાલ, સર્પગતિ વગેરેના નૃત્યપ્રયોગો કરી બતાવ્યા હતા. એ સૌએ પ્રવચનો વાંચ્યાં નહોતાં. વસ્તુતઃ પરિષદ દરમિયાન કથકલી પર એક પણ પ્રવચન વંચાયું નહોતું, પરંતુ તેને લગતા પ્રયોગો બધા જ નોંધપાત્ર હતા. શ્રીમતી મૃણાલિની સારાભાઇના વ્યાખ્યાન વખતે એમના બૅલે 'મનુષ્ય'ના પ્રયોગો શ્રી ચાતુન્ની પણિક્કરે કરેલા. કથકલિ નૃત્યના અષ્ટકલાસમ્ વગેરેના પ્રયોગો ઉત્તમ હતા. શ્રીમતી મૃણાલિની સારાભાઇનું બૅલે 'મનુષ્ય' એમના 'વર્તમાન સમયના પ્રસંગોને નૃત્યમાં ને તે યે પરંપરાગત કથકલી શૈલીમાં રજૂ કરવાના સફળ પ્રયોગ'નું દ્યોતક હતું. પરંપરાને જ ચુસ્ત રીતે વળગી ન રહેતાં શ્રીમતી મૃણાલિની જે અર્થઘટન ભાવાંતરો કરે છે તે સર્વદા-સર્વથા સફળ જ નથી નીવડતા. 'વિક્રમોર્વશીયમ્'ની નિષ્ફળતાનો ખુલ્લો એકરાર ને 'મનુષ્ય'નો સફળ પ્રયોગ બંને એમની પ્રયોગશીલ અને પ્રગતિશીલ નૃત્યસાધનાનાં સૂચક હતાં. મનુષ્યનો જન્મ થાય છે, પછી બાળક પોતાના હાથ જુએ છે, પગ જુએ છે, રાજી થાય છે, પાણીમાં પ્રતિબિંબ જુએ છે-નવાઈ પામે છે. એ જ પ્રતિચ્છવિને એ હાથ મારીને હલાવી મૂકી પાણી ઉડાડે છે, ત્યારે 'અહમ્'નો ઉદય થાય છે, એ ગૂઢાર્થ કથકલીની જ પ્રણાલીગત શૈલીમાં અત્યંત કુશળતાપૂર્વક ગૂંથી લઇને પોતાના કથયિતવ્યનો મર્મ સૂણઃ-

આ ભારતનાં શાસ્ત્રીય તેમજ પ્રાદેશિક સર્વવિધ નૃત્ય-પ્રકારોના તેમજ ઘણાખરા કલાકારો તથા તજ્જ્ઞોના પરિચિત આ તરુણ પણ બહુશ્રુત લેખકની લેખમાળા ટૂંક સમયમાં રજૂ થશે, જેમાં ક્રમશઃ આપણા સર્વ નૃત્ય-પ્રકારોનો વિશદ ને રસમય તથા સચિત્ર ને સામાન્ય જનસુલભ પરિચય આપશે.

લિનીએ શ્રી ચાતુન્ની પણીક્કરના પ્રયોગદ્વારા સફળતાથી સમજાવ્યો હતો.

જે સૌની ચાહના સંપાદન કરી ગયાં હતાં તે ઓરિસ્સાનાં 'ઓડિસ્સી' નૃત્યોનો ઉલ્લેખ તો ખાસ જરૂરી છે. એ નૃત્યમાં ભરતનાટ્ય, મણિપુરી અને કથકનાં પ્રધાન લક્ષણોનો સુંદર સુમેળ થએલો. પ્રાદેશિક અસરો નૃત્ય પર કેવી થાય છે તેનો એ સુંદર નમૂનો હતો. ગુરુ કાલીચરન પટનાયક કરીને વિદ્વાન વ્યાખ્યાતાએ એનાં સંશોધન અને સંવર્ધન પાછળ જે તપશ્ચર્યા અને મહેનત લીધાં છે તે સ્તુત્ય છે. ઓરિસ્સા(કટક)માં વસતા એક ગુજરાતી શ્રી બાબુભાઈ દોશી પણ આ બધી પ્રવૃત્તિઓમાં સારો ફાળો નોંધાવી રહ્યા છે.

મૅંગલોર નજીક પુત્તુર ગામે વસતા શ્રી શિવનાથ કારંથે 'યક્ષગાન' વિષે સપ્રયોગ વ્યાખ્યાન કરેલું, અને 'કથકલી' તેમજ 'યક્ષગાન'ના તુલનાત્મક અભ્યાસ પરત્વે સૌનું સારુ એવું ધ્યાન ખેંચેલું. શાંતિનિકેતનથી શ્રી શાંતિદેવ ઘોષે અને શ્રી શ્રીમતીબહેન ટાગોરે (પૂર્વે શ્રીમતી હઠીસિંગે) ગુરુદેવ ટાગોરનાં નૃત્યનાટકો અને સંગીત વગેરે વિષે પ્રવચનો કર્યાં હતાં, જ્યારે નેપાળથી આવેલી મંડળીએ નેપાળનાં લોકગીતો અને નૃત્યો રજૂ કરેલાં. એમાં એક નાની બાળાએ કરેલા પ્રયોગોએ તો સૌનાં મન હરી લીધાં હતાં. સિલોનના ગુરુ ગુણયાએ કૅન્ડીઅન નૃત્યોના ભાગ્યે જ જોવા મળતા જે શ્રેષ્ઠ પ્રયોગો રજૂ કરેલા એ ઘણા સફળ થયા હતા. આમ આપણી સાંસ્કૃતિક એકતાના કૈં કેટલા યે પુરાવા આ સેમીનાર દરમિયાન સૌની નજરે ચડયા ને વિચારોની આપલેથી ઘણું જોવા-જાણવા મળ્યું.

ગુજરાત અને સૌરાષ્ટ્રનાં લોકનૃત્યો પર કુ. ડૉ. સુધા દેસાઈ બોલવાનાં હતાં, પરંતુ એ નાદુરસ્ત તબિયતને લઈને આવી શકયાં નહોતાં. લોકનૃત્યોમાં રાજસ્થાનનાં લોકનૃત્યોની રંગીન દસ્તાવેજી ફિલ્મ નોંધપાત્ર હતી. તેતથા ગુજરાત-રાજસ્થાનનાં લોકનૃત્યોના તુલનાત્મક અભ્યાસ દ્વારા એ બંને પ્રદેશોની સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ વગેરે તરી આવતી હકીકતો ધ્યાનપાત્ર હતી. ઉત્તર પ્રદેશ, બિહાર, કાશ્મીર ને હિમાચલ પ્રદેશનાં લોકનૃત્યો પર પણ પ્રવચનો યોજાયાં હતાં. વળી નૃત્ય વિષયક તથા નૃત્ય સાથે સંબંધ ધરાવતી અનેક બીજી બાબતો (જેવી કે નૃત્ય વિષયક સાહિત્ય, શાસ્ત્રીય નૃત્યોની મીમાંસા આદિ)ની પણ ચર્ચા થઇ હતી, પરંતુ એ બધાની સમીક્ષા અહીં શક્ય નથી. તદુપરાંત રોજ રાત્રે રજૂ થતાં ભારતભરનાં નૃત્યોની સમીક્ષા પણ સ્થળસંકોચને કારણે જતી કરવી પડશે.

છેલ્લે દિવસે જે ઠરાવો થયા એની નોંધ લઈ આ અહેવાલ પૂરો કરીએ. સંગીતનાટક અકાદમીનું બંધારણ ઘણાખરા વ્યાખ્યાતાઓ, કલાકારો અને પ્રેક્ષકો જાણતા ન હોવાથી મોટા ભાગના ઠરાવો તો અકાદમીના બંધારણ અનુસાર અકાદમીએ કરવાનાં કાર્યોનાં જ સૂચનો હતાં. છતાં અમુક ઠરાવોનું દસ્તાવેજી મૂલ્ય ઘણું છે. દાખલા તરીકે પ્રાશ્ચાત્ય 'બૅલે' અને પાશ્ચાત્ય સંગીત માટે જે 'નોટેશન' પદ્ધતિ છે તેવી પદ્ધતિ યોજી ભારતીય નૃત્યોના તાલ વગેરેની નોંધ લેવાનો ઠરાવ; પરિષદ દરમિયાન રજૂ થએલાં 'ઓડિસ્સી', 'યક્ષગાન' વગેરે નૃત્યોની શાસ્ત્રીય નૃત્યપ્રકારોની કક્ષાએ સ્થાપના; રાષ્ટ્રીય સંગ્રહસ્થાનમાં નૃત્ય વિભાગના અલગ વિભાગની યોજના; સંશોધન માટે શિષ્યવૃત્તિઓ વગેરે. 'ઓડિસ્સી' ને 'યક્ષગાન' નૃત્યોને શાસ્ત્રીય નૃત્ય તરીકે માન્ય કરવા વિષે, તેમજ નૃત્ય માટે જે વાર્ષિક પારિતોષિકો એનાયત કરવામાં આવે છે તે માટે એ નૃત્યોને લાયક ગણવાં કે નહિ એ વિષે ઉગ્ર ચર્ચા થઈ હતી. ઉપપ્રમુખ શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાયે એને લાયક ઠરાવેલાં, પણ એને ભરતનાટ્ય, કથકલી, મણિપુરી, કથક આદિ શાસ્ત્રીય નૃત્યોની કક્ષામાં ન મૂકતાં પ્રાદેશિક રૂપાંતરો (રીજીઅનલ વૅરીએશન)ની કોટિમાં મૂકેલાં. પરિષદ દરમિયાન જેના પર એકે ય પ્રવચન નહોતું ગોઠવાયું એ 'છાઉ નૃત્યો'ને કઈ કોટિમાં મૂકવાં એ વિષે તો કંઈ જ નિર્ણય લઈ ન શકાયો. સંચાલકો પણ મૂંઝાયા જણાતા હતા. આ લખું છું ત્યારે જાણવા મળ્યું છે કે ઓડિસ્સી નૃત્યોને શાસ્ત્રીય નૃત્યોની કક્ષામાં સ્વીકાર્યાની વાતનો અકાદમી તરફથી પ્રસિદ્ધ થએલી 'પ્રેસ નોટ'માં ઈન્કાર કર્યો છે!

બીજા ઠરાવોમાં લોકનૃત્યો માટે અલગ પરિષદ યોજવાનું સૂચન આવકાર્ય હતું. આંધ્રના કુચીપુડી નૃત્ય વિષે અકાદમી તરફથી અપાતી મદદનો ઉલ્લેખ પણ નોંધપાત્ર હતો; અને જુદાંજુદાં નૃત્યના શિક્ષકો માટે એક કેન્દ્રીય સંસ્થા સ્થાપવાની સૂચના એકમતે સ્વીકારાઈ હતી. ઉત્તર ભારતના કથક નૃત્યને દક્ષિણ ભારતની નૃત્યસભાઓમાં લઈ જવું, ભરતનાટ્યને ઉત્તર ભારતની નૃત્યસભાઓમાં આણવું વગેરે સાંસ્કૃતિક એકતા દઢ કરવાનાં સૂચનો પણ થયાં હતાં. અકાદમીના મુખપત્રમાં દેશભરની નૃત્ય-પ્રવૃત્તિના સમાચાર આવરી લેવાનું સૂચન, પ્રાદેશિક સમિતિઓ, વગેરે ભલામણો પણ કરવામાં આવી હતી. ઠરાવને દિવસે સભા શરૂ થતાં સદ્‌ગત મહાકવિ શ્રી વળ્ળત્તોળ નારાયણ મેનનને અંજલિ આપવામાં આવી હતી. ને સભાએ બે મિનિટ શાંતિપૂર્વક ઊભા થઈ મૌન પાળ્યું હતું. છેલ્લે દિવસે ચીન, સિલોન, ને નેપાળના પ્રતિનિધિઓને અકાદમીનાં પ્રતીકો વગેરે ભેટ આપીને એ સૌનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આટલા વિશાળ ધોરણ પર સેમીનાર યોજવા બદલ (એની મર્યાદાઓ સ્વીકારી લઈએ તો પણ) સંગીતનાટક અકાદમી સૌનાં અભિનંદનની અધિકારી બની છે. દેશભરનાં વિવિધ નૃત્યો રજૂ કરવાની, અનેક વ્યાખ્યાતાઓને આમંત્રી અધિકારી પ્રવચનો ગોઠવવાની અને આમ વિચારોની આપ-લે કરવાનું સરળ કરી આપવાની દષ્ટિએ આ પરિષદનાં મહત્ત્વ અને મૂલ્ય અનેકગણાં છે. આ પરિષદથી એક વાતની સૌને પ્રતીતિ થઇ છે કે નૃત્યક્ષેત્રે જે જાગૃતિ આવી છે તે નવસર્જનની સંવર્ધનની અને આપણા સંસ્કારવારસાના ગૌરવની દ્યોતક છે, અને ભવિષ્યમાં હવે જે પરિષદો યોજાશે તેમાં આ પરિષદની ત્રૂટીઓ નિવારી શકાશે અને નૃત્યનાં મુખ્ય પાસાંઓને સ્પર્શતી વિષયવાર પરિષદ યોજાશે. આપણે આશા રાખીએ કે એવી પરિષદો નજીકના ભવિષ્યમાં જ નિયમિત રીતે યોજાય.



તાંડવનો આવેગ અને લાસ્યનું માર્દવ બંનેના સુભગ મિશ્રણ રૂપ 'છાઉ' નૃત્ય.

# સાહિત્યસંપર્ક

## ખોરાકનાં તત્ત્વો

આપણે ત્યાં આરોગ્ય અને વિજ્ઞાનની દૃષ્ટિએ ખોરાકનાં તત્ત્વો ચર્ચાયાં નથી એવું નથી; પરંતુ પ્રસ્તુત પુસ્તક એવી ચર્ચામાં વિશિષ્ટ છે તે બે કારણે: એક તો આપણાં ફળો, ધાન્યો, કઠોળ, ને દૂધ, માખણ, ઘી, મસાલા, મધ આદિ ખોરાકનાં તત્ત્વો પર, પાશ્ચાત્ય ને વિશેષ તો આપણા ભારતીય, બંને વિજ્ઞાનોની દૃષ્ટિએ, તેમાં વૈદક શાસ્ત્રના અધિકારી અને પીઢ પ્રતિષ્ઠિત લેખક શ્રી બાપાલાલ વૈદ્યે જે ચર્ચા મૂકી છે તે વૈજ્ઞાનિક હોવા સાથે સરળ, વ્યાપક ને લક્ષ્યગામી છે; અને બીજું કારણ છે ખોરાકના વ્યવહારુ મૂલ્યનું, ઘરઘરમાં જે ખોરાક ખવાય છે તેની પોષણ દૃષ્ટિએ યે વ્યવહારુ આંકણીનું. એના નમૂના તરીકે આ અંકમાં અન્યત્ર 'કેરી' પરનો એમનો લેખ તથા 'માધુકરી'માં 'ગુજરાતીઓના ખોરાક' પર લખેલા એમના પ્રાસ્તાવિક બે બોલ ઉતારીએ છીએ.

પ્રસ્તુત પુસ્તકમાં એમણે આપણાં ૪૭ જાતનાં ફળો, ૨૯ પ્રકારનાં શાક, ૧૨ કઠોળ, ૯ ધાન્ય અને ૧૯ જાતના મસાલાના ટૂંકા મુદ્દાસર મૂલ્યાંકન ઉપરાંત 'માખણ અને ઘી,' 'દૂધ અને તેની શક્તિ' તથા 'આરોગ્યની ભવ્ય ઇમારત ચણનાર મધ' ઉપર ત્રણ લાંબા લેખો આપવા સાથે આપણાં ફળ, શાક, ધાન્યો, કઠોળ તેમજ મસાલા એ પ્રત્યેક ઉપર એકએક વિસ્તૃત પ્રસ્તાવલેખ મળી કુલ ૧૨૪ જેટલા લેખો આપ્યા છે. લેખ સાથે સવાસો લેખો સમાવતું અઢીસો પાનાંનું આ પુસ્તક અઢી રૂપિયાની માફકસર કિંમતે આપીને તેના પ્રકાશક (પુસ્તકાલય સહાયક સહકારી મંડળ વડોદરાએ) ગુજરાતના વાચકોની સેવા કરી છે.

**વસંતવિલાસ**: ગુજરાત યુનિવર્સિટીએ બી. એ.ના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક તરીકે નિર્ણીત કરેલા, ને સંસ્કૃત ઋતુકાવ્યને મળતા, પંદરમા શતકના શૃંગારરસિક, શબ્દ-અર્થલાલિત્યભર્યા, રમણીય ફાગુકાવ્યનો બી.એ.ના એક વિદ્યાર્થી શ્રી ચીનુભાઇ સી. મોદીએ કરેલો સમશ્લોકી અનુવાદ, અંગત વર્તુળમાં વહેંચવા અર્થે.

**સાહિત્યરંગ**: અંગ્રેજી વિવેચન-સાહિત્યની પરિચયાત્મક હાથપોથી જેવું પ્રો. કુંજવિહારી ચૂનીલાલ મહેતાએ લખેલું સાહિત્યના વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી પુસ્તક, પ્રકાશક: પૉપ્યુલર બુક સ્ટોર, ટાવર રોડ, સુરત, ૨-૫૦.

**જીવનનાં અમૃત**: પ્રસિદ્ધ વાર્તાકાર શ્રી ગુલાબદાસ બ્રોકરની, નીતિ અને માંગલ્યની સોળ વાર્તાઓ: સાદું પૂઠું ૧-૫૦, બોર્ડ-પટ્ટી ૧-૭૫; **અકસ્માતના તાત્કાલિક ઉપાય** વિષે અતિ ઉપયોગી, વિગતવાર, સચિત્ર નિદર્શન: શરીરની રચના અને કાર્યના પ્રારંભિક પરિચય તથા બે પરિશિષ્ટો સાથે, ૦-૭૫; બંનેના પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨.

**પીળું પાનું**: બીજા દેશો ને પ્રદેશોની બાળવાર્તાઓનાં અનુવાદ-રૂપાંતરને સ્થાને સ્વભૂમિની લોકકથાઓ બાળકોને સહજપણે રસદાયક ને પ્રેરક બને, ને બાળસાહિત્ય પણ મૌલિક ગુણવાળું બને,—એવી શ્રી મનુભાઇ જોધાણી લિખિત ૭ વાર્તાઓ, ૧-૦૦; **બાપની આબરૂ**: વિદ્યાર્થીઓ કિશોરો ને પ્રૌઢ શિક્ષણ પામેલાઓને લક્ષમાં રાખી લખાએલી એ જ લેખકની પ્રેરણાસભર સાત વાર્તાઓ, ૧-૦૦. (બંનેના પ્રકાશક: ભારતી સાહિત્ય સંઘ પ્રાઇવેટ લિમિટેડ, અમદાવાદ-૧.)

**માટીની મૂર્તિઓ**: હિંદીસાહિત્યમાં પ્રથમ કક્ષાના શૈલીકાર શ્રી રામવૃક્ષ બેનીપુરીની, દિલ્હીની સાહિત્ય અકાદમીએ ભારતની સર્વ ભાષાઓમાં અનુવાદિત કરવા યોગ્ય ગણેલી ૧૨ વાર્તાઓ, અનુવાદક: જયંત બક્ષી, ૨-૦૦; **ગભરુ બાળ**: જિંદગીની વિષમતામાં જીવતાં બે બાળકોની અંગ્રેજી કથા 'ધી યર્લિંગ'નો અનુવાદ, કરનાર: શ્રી મગનભાઇ નાયક, ૨-૫૦; બંનેના પ્રકાશક: વોરા ઍન્ડ કંપની પ્રાઇવેટ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, મુંબાઈ-૨; **સોણલાં**: આપણાં અલ્પસંખ્ય સ્ત્રી-કવયિત્રીઓમાં જાણીતાં શ્રી જયમનગૌરી વ્યો. પાઠકજી (ખપાટિયા ચકલા, સુરત)ના 'તેજ-

## શબ્દકથા: 'વધાવવું–ભદ્રાવવું'

**સ**વાનો આંકડો સવાયો લાભ કરે; કાળો રંગ શોક સૂચવે; ડાબો હાથ અમંગળ ગણાય; બુધવારે કામ બેવડાય––આંટો નિષ્ફળ થાય; ત્રણ જણ સાથે નીકળે તો પણ કામ કથળે;- આવાઆવા વહેમો, માન્યતાઓ કે ખયાલો–જે કહો તે–પ્રચલિત હોય ત્યાં સુધી લોકોની રહેણીકરણી પર તેમનો ઠીકઠીક પ્રભાવ પડતો હોય છે. અશુભથી અળગા રહી શુભને આદરવાથી લાભને–સિદ્ધિને દોડી આવવાનો માર્ગ મોકળો થતો મનાય છે. જેમ રીતરિવાજમાં તેમ ભાષામાં પણ આ વલણ જુદેજુદે રૂપે વ્યાપેલું હોય છે. અમંગળ ગણાતી વસ્તુ, ક્રિયા કે વિચારનું નામ લેતાં જ તે આવી પડવાની! માટે જરૂર પડતાં, કાં તો તેમનો ગોળગોળ ઉલ્લેખ કરવો, ને નહિ તો તેમનાથી ઊલટા અર્થના મંગળ શબ્દ વાપરવા. આ છે રામબાણ ને સોજ્જો ઇલાજ! 'કયાં' બોલવાથી આવી પડનારી અસિદ્ધિને ઊલટા અર્થનો 'શીદ'(=સિદ્ધિ) બોલીને નિવારાતી હોવાનું આપણે અગાઉ જોયું. એ જ રીતે નામ સાથે પરિણામ પણ આવી પડવાનો આવો વહેમ 'બંધ કરવું' 'ભાંગવું' 'ખલાસ થવું' 'ઓછું થવું' એવા અર્થના શબ્દો સાથે ખાસ જોડાએલો છે. રાત્રે દુકાન બંધ કરીને ઘરે આવનાર દુકાનદાર 'દુકાન બંધ કરી' એમ બોલે તો તો તેની દુકાન સદાને માટે બંધ થઇ જાય! એટલે તે કહેશે 'દુકાન વધાવી.' વધાવવું એટલે વધારવું='બંધ કરવું'નો ઊલટો શબ્દ. મરાઠીમાં વપરાવું, ખલાસ થવું એવા અર્થમાં 'વાઢણે' એ ક્રિયાપદ પણ વપરાય છે.

દેવતાને ભોગ ધરવા માટે બકરો કે પાડો 'માર્યો' કે 'કાપ્યો' ન કહેવાય, 'વધેર્યો' કહેવાય. નૈવેદ્યનું શ્રીફળ પણ 'ફોડાય' નહિ, વધેરાય. દીવો 'દેવતા' ગણાય, સુખસમૃદ્ધિનું પ્રતીક ગણાય; એટલે આગ વિશે વાત કરતાં 'સળગાવવાનું' ને 'ઓલવવા'નું કહીએ તે ઠીક છે, પણ દીવાની બાબતમાં તે ન ચાલે. દીવો તો 'પ્રગટાવાય' કે 'વધેરાય' કે 'રામ કરાય'–'રાણો કરાય.'

બાળકને હેડકી આવે ત્યારે એ અમંગળ ક્રિયાનું નામ દઈએ તો બાળક એનું ભોગ બન્યા વિના રહે? માટે 'હેડકી' નહિ, પણ 'વાધણી' કહેવાય, જેથી બાળક વધે! મરાઠી લોકો પણ આ રહસ્ય જાણતા હોઈ 'હેડકી'ને 'વાઢતી' કહે છે. તેઓ તો કચરા સાથે લક્ષ્મી પણ ન વળાઈ જાય માટે સાવરણીને 'વાઢવણ' કહે છે ને હિંદીવાળા પણ 'બઢની' કહીને દળદરથી બચવાનું કરે છે. કોઈ સંસ્કૃતપ્રેમીએ એ પરથી 'વર્ધની'(=વધારનારી) શબ્દ પણ બનાવી દીધો.

માથે મુંડો કરાવવો એમાં યે વાળ ખલાસ કરવાનું હોય છે. વળી મુંડો તો મરણ ને વૈધવ્ય–એ સૌથી મોટા અમંગળનું પ્રતીક. પછી 'મુંડાવવું' એવો ઉચ્ચાર મોંમાંથી નીકળી જ કેમ શકે! એટલે જ તો ઘણા તેને 'ભદ્રાવવું' કહે છે. 'ભદ્રાવવું' એટલે 'ભદ્ર કરાવવું'. 'મુંડન' અભદ્ર, માટે અભદ્રતાથી બચવા એ કાર્યને કહો 'ભદ્ર'–ભદ્દર', 'ભદ્દલ'. સંસ્કૃતનો શોખ હોય તો 'ભદ્રાકરણ' પણ કહી શકો છે. આમ 'શીદ' એકલોઅટૂલો નથી. એની નાતજમાત મોટી છે. 'વધાવવું', 'વધેરવું,' 'પ્રગટાવવું', 'વાધણી', 'ભદ્રાવવું' એમ લંગાર નીકળતી આવે છે.—હરિવલ્લભ ભાયાણી

# ટિકિટ સંગ્રહ

તાજેતરમાં ભારતે બે તથા પાકિસ્તાને એક, એમ ત્રણ પ્રસંગે નવી ટિકિટો બહાર પાડી તે તો ઘણાખરાના જોવામાં આવી હશે, જે પૈકી મહર્ષિ કર્વેની ટિકિટ ગયે મહિને આવી ગઈ. એ પછી ભારતે પોતાનાં હવાઈ દળોની રજત-જયંતી નિમિત્તે ગઈ ૩૦મી એપ્રિલે, અને પાકિસ્તાને રાષ્ટ્રીય શાયર મોહમ્મદ ઇકબાલની ૨૦મી અવસાનતિથિએ ૨૧મી એપ્રિલે બહાર પાડેલી ટિકિટો આ નીચે આપી છે; અને એ ત્રણેનાં ફર્સ્ટ-ડે કવરો બાજુમાં છાપ્યાં છે.







ભારતમાં પોલાદના ઉદ્યોગની સ્થાપનાની આ વર્ષે ઊજવાએલી સુવર્ણજયંતીની ટિકિટ ગયા અંકમાં આપી હતી. તદનુસાર ગયે વર્ષે—૧૯૫૭માં જાપાન તથા અમેરિકા બંને દેશોમાં એ ઉદ્યોગની શતાબ્દ-જયંતી નિમિત્તે ટિકિટો બહાર પડેલી તે (મોકલનાર હિંમત સી. શાહ—અમદાવાદ) આ નીચે છાપી છે. મથાળાની જાપાનની ટિકિટ ઉપર બે વિભાગ પૈકી એકમાં ૧૮૫૭ની ને બીજામાં આજની એ ઉદ્યોગની મશીનરી દર્શાવી છે; અમેરિકાની ટિકિટ ઉપર 'અમેરિકા તથા પોલાદ-ઉદ્યોગ સાથે પ્રગતિ કરે છે' એવું લખાણ તથા પ્રતીક મૂકેલાં છે.










બે ભારતનાં ને એક પાકિસ્તાનનું, એમ તાજેતરમાં બહાર પડેલાં ત્રણ 'ફર્સ્ટ-ડે કવરો' તેની ટિકિટો સાથે આ ઉપર આપ્યાં છે. મથાળે : ભારતે બહાર પાડેલી ભારતરત્ન મહર્ષિ કર્વેની જન્મશતાબ્દી નિમિત્તનું–એમના જીવનકાર્ય સ્ત્રીશિક્ષણના પ્રતીકરૂપ મહિલા વિદ્યાપીઠના મકાનની છાપવાળું (મોકલનાર જશુ શાહ-મુંબાઇ); વચ્ચે પૂર્વના મહાન ફિલસૂફ શાયર અલ્લામા મોહમ્મદ ઇકબાલની ૨૦મી મૃત્યુતિથિએ ગઈ ૨૧મી એપ્રિલે પાકિસ્તાને બહાર પાડેલી તેમની ત્રણ ટિકિટો સાથે તેમની છબિવાળું (મોકલનાર : એ. ડી. કરીમ-કરાચી) અને ભારતીય હવાઈ દળની રજત-જયંતી નિમિત્તનું હવાઈદળના પ્રતીકની રૂપેરી છાપવાળું (મોકલનાર : કુમારપાળ સંઘવી-ભાવનગર)

# આ માસ (મે) ઈતિહાસમાં

## દિનવિશેષ

તા. ૧ જગતને બીજા મહાયુદ્ધમાં હોમનાર, જર્મનીના સરમુખત્યાર હિટલરનું મૃત્યુ,૧૯૪૫.
તા. ૩ અગ્રણી ક્રાંતિકારી શ્રી અરવિંદ ઘોષ પર જાણીતો અલીપુર બૉંબ કેસ મંડાયો, ૧૯૦૮.
તા. ૬ કવિવર રવીન્દ્રનાથે પોતાના મનોરાજ્યની 'વિશ્વભારતી' વિશ્વવિદ્યાપીઠ સ્થાપી,૧૯૨૨.
તા. ૮ હરિજનોની હાડમારી નિવારવા ગાંધીજીના ૨૧ દિવસના ઐતિહાસિક ઉપવાસ,૧૯૩૩.
તા. ૧૭ મરાઠા-અંગ્રેજો વચ્ચે સાલબાઈનું તહનામું—ભારતીય વર્ચસનાં વળતાં પાણી, ૧૭૮૨.
તા. ૧૮ ફ્રાન્સના અદના સિપાહીમાંથી નેપોલિયન જગનામી 'સમ્રાટ' જાહેર થયો, ૧૮૦૪.
તા. ૨૨ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ 'નાતાલ ઈંડિયન કૉંગ્રેસ'ની સ્થાપના કરી, ૧૮૯૪.
તા. ૨૪ સત્તા ને શાણપણના ઉભય ગુણે રાજ્યવિવેકશીલ સામ્રાજ્ઞી વિક્ટોરિયાનો જન્મ,૧૮૧૯.
તા. ૨૯ ક્રૉમવેલના મૃત્યુ પછી ઈંગ્લંડમાં લોકમાન્ય રાજાશાહીની પુનઃસ્થાપના થઇ, ૧૬૬૦.

## વ્યક્તિવિશેષ : વૉલ્ટ વ્હિટમન

જગતના પદ્યસાહિત્યમાં સ્વતંત્રતાને ઉચ્ચ કોટિએ બિરદાવનાર જે કાવ્યગ્રંથ 'લીવ્ઝ ઑવ



ગ્રાસ'ને પ્રકાશિત થયે ત્રણ વર્ષ પહેલાં ઇ. ૧૯૫૫માં સો વર્ષ પૂરાં થયાં તેના રચયિતા, વિશ્વના સામાન્યતમ જનસમૂહને જીવન પ્રત્યે માનદૃષ્ટિ કેળવવાનું ને નિજી સ્વતંત્ર વ્યક્તિત્વ ઘડવાનું શીખવનાર, 'મુક્તિના બુલંદ ગાયક' આ મહાકવિ વૉલ્ટ વ્હિટમનનો જન્મ અમેરિકામાં લૉંગ આઇલૅન્ડ પાસે વેસ્ટ હિલ્સ મુકામે ઈ. ૧૮૧૯ની ૩૧મી મેએ થયો હતો. શાળાશિક્ષણ તેમણે બહુ ઓછું લીધું. ૧૫ની ઉમરે છાપખાનામાં જોડાયા અને ન્યૂ યૉર્કના જૂના પત્ર 'મિરર'માં કેટલાક નનામા લેખો લખવા શરૂ કર્યા. ૧૮૩૫-'૩૬માં ભણાવવાનું શરૂ કર્યું, તેમાં ત્રણ માસના એક સત્રના માત્ર ૩૫ થી ૪૦ ડૉલર મળતા. ૨૩ની ઉમરે ન્યૂ યૉર્કના 'અરોરા' પત્રના સંપાદક તરીકે રહ્યા, પણ બે મહિના બાદ આ નોકરી છૂટી ગઇ. ત્યારે તેમનું લેખન ઉપદેશાત્મક વિશેષ હતું. તેમની પહેલી (ને છેલ્લી) નવલકથા તે મદ્યનિષેધ વિષેની એક પુસ્તિકા. દસ વર્ષ પત્રકાર તરીકે કામ કર્યું. ૧૮૫૫માં ગાંઠને ખર્ચે 'લીવ્ઝ ઑવ ગ્રાસ' પ્રકટ કર્યું. આઠ આવૃત્તિઓ સુધીમાં ક્રમે-ક્રમે તેમાંનાં કાવ્યોની સંખ્યા ૩૦૦એ પહોંચી.

અમેરિકાના આંતરયુદ્ધ વખતે તે સૈનિકોની સેવા કરવા લાગ્યા. યુદ્ધ બાદ સરકારી નોકરીમાં કારકુની લીધી ને 'ડ્રમ ટૅપ્સ' પુસ્તક પ્રકટ કર્યું. ઈ. ૧૮૭૩માં કોઈ એક આઘાતથી તે પગે લંગડા થઈ ગયા, જે દશામાં વર્ષો સુધી રહ્યા બાદ ઈ. ૧૮૯૨ની ૨૬મી માર્ચે અવસાન થયું. મૃત્યુ ઉપરનાં 'ડ્રમ ટૅપ્સ' ને 'પૅસેજ ટુ ઈન્ડિયા' પુસ્તકોમાં તેમની કેટલીક ગણનાપાત્ર ઉત્તમ કૃતિઓ સંગ્રહાએલી છે.

વ્યક્તિગત સ્વાતંત્ર્યના પ્રખર પુરસ્કર્તા વ્હિટમન ગુલામી સામેના સંગ્રામમાં અંગત-રીતે શામેલ હતા. આંતરયુદ્ધ વખતે તેમણે ઘવાએલા સૈનિકોની માવજત કરેલી. કોઇ માને પણ નહિ કે તે એકાન્તપ્રિય હતા. તેમનું ઉદાત્ત વિભૂતિમત્ત્વ ને સર્વાલિંગી માનવ-પ્રેમ જોઇને તેમને એક વિવેચકે તેમના ને આપણા વર્તમાન સમયના યે 'અતિમાનવ' કહ્યા છે.

## પ્રસંગવિશેષ : રશિયાના મહાન પીટરે પીટર્સબર્ગ શહેર વસાવ્યું, ૨૭મી મે ૧૭૦૩

રશિયાનું મૉસ્કોથી બીજું અગ્રણી શહેર લેનિનગ્રાદ પશ્ચિમની લોહિયાળ ક્રાંતિઓનાં પ્રમુખ-કેન્દ્રો પૈકીનું એક છે. એશિયાઇ રશિયામાં પશ્ચિમના આચારવિચારની ક્રાંતિ આણીને તેનું યુરોપીકરણ કરનાર રશિયાના મહાન પીટરે સ્વીડન પાસેથી ફિન્લંડના અખાતનો કબજો લઈ બાલ્ટિક સમુદ્ર પર આધિપત્ય જમાવીને, તેને કાંઠે પોતાના નામ પરથી રશિયાસમસ્તનું આગવું ને દેશનું યુરોપીકરણ કરવાની નિજી તમન્નાને મૂર્ત સ્વરૂપ આપતું 'પીટર્સબર્ગ' શહેર ઇ. ૧૭૦૩ની ૨૭મી મેએ વસાવ્યું. એ રશિયાના ઇતિહાસનું એક સીમાચિહ્ન ગણાય છે. ૧૯૧૪માં તેનું નામ પેટ્રોગ્રાદ નામે ફેરવાયું, અને ૧૯૨૪માં લેનિનગ્રાદ.

૧૮૨૫ના બળવાથી માંડી ૧૯૧૭ની ક્રાંતિ સુધીની રશિયાની મુખ્ય રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર આ પેટ્રોગ્રાદ ને લેનિનગ્રાદ જ રહ્યું છે. ૧૭મી-૧૮મી સદીનાં સ્થાપત્ય તથા નગરરચનાના શ્રેષ્ઠ નમૂના જેવાં વિશાળ રસ્તાઓ, ભવ્ય મનોરમ આલયો ને દેવળો એ લેનિનગ્રાદનું એક અપૂર્વ આકર્ષણ છે. જોકે તેનું બાંધકામ કરતાં કંઈ કેટલા યે દેહાતીઓ મરણશરણ થયા છે, અને આથી ઝનૂની ક્રાંતિવાદીઓ તેને 'હાડકાં પર બંધાએલા શહેર'ને નામે ઓળખાવે છે.



કુટુંબપરિવાર: ઊભેલાં–સૌ. અનસૂયા, પુત્ર મોહન, જામાતૃ મહેન્દ્ર વાલજીભાઈ દેસાઈ (ચિ. પલાશ સાથે), પુત્રી વનમાળા; બેઠેલાં–પત્ની મણિબહેન, ચિ. લેખા, ચિ. ઉષા, અને નરહરિભાઈ.

**નરહરિભાઈ પરીખ** (અનુ.પૃ.૧૭૨થી) માન નરહરિભાઈને જ જાય છે. બંને શ્રેયાર્થી હતા. બંનેની મનીષા ગાંધીજીને ચરણે ફળી. ૧૯૧૭-માં બંને આશ્રમમાં જોડાયા. મહાદેવભાઈ ગાંધીજીના મંત્રી થવાનું ઘડતર પામવા લાગ્યા ને નરહરિભાઈ આશ્રમની શાળામાં જોડાઇને ગાંધીજીની શિક્ષણાદિ પ્રવૃત્તિઓમાં ઘડાવા લાગ્યા. વચ્ચે કેટલોક વખત ગાંધીજીના મંત્રી પણ રહ્યા. પછી ચંપારણની લડત શરૂ થતાં આ-શ્રમના કેટલાક કાર્યકરોને ગાંધીજીએ ત્યાં બોલાવ્યા તેમાં પોતે પત્ની સાથે ગયા. ત્યાંથી આવીને કાકાસાહેબ કાલેલકર તથા કિશોરલાલ મશરૂવાળા સાથે મળીને રાષ્ટ્રીય શાળા ચલાવી. ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થતાં તેમાં જોડાયા. આ દરમ્યાન તેમને ટૉલ્સ્ટૉ-યના વિચારો ભાવી ગયા, એટલે તેમનાં લખાણોના અનુવાદ કર્યા. ૧૯૨૩માં ગાંધીજીનો પછાતવર્ગના સંપર્કનો પ્રસ્તાવ ઉપાડી લઇ બાર-ડોલી તાલુકાના સરભોણ ગામે જઈ દુબળાઓનું શિક્ષણ શરૂ કર્યું.

ગુજરાતી ભાષામાં ચાલતી જોડણીની અરાજકતા ટાળવા ગુજરાત વિદ્યાપીઠે ઈ. ૧૯૨૭માં ઉપાડેલું 'જોડણીકોશ' તૈયાર કરવાનું કામ નર-હરિભાઇને જ સોંપવામાં આવેલું, ને તે કામની તેમણે ઠીકઠીક માંડણી પણ કરી દીધેલી; પણ એવામાં ગુજરાત ઉપર એ વર્ષે અતિવૃષ્ટિની મહાન આફત ઊતરી આવી તેના સંકટનિવારણ અર્થે એ કામ મૂકીને તેમને જવું પડયું, અને પછી બીજા ભાઇઓએ એ કાર્ય પાર ઉતાર્યું.


બારડોલી તાલુકાના જમીન-મહેસૂલના કરમાં વધારો કરવાની સરકારની અન્યાયી સૂચના બહાર પડતાં જ ત્યાં જઇ ત્યાંની નક્કર હકીકતો એકઠી કરીને જે લેખો તેમણે 'નવજીવન'માં લખેલા અને 'બારડોલીના ખેડૂત' નામના ચોપનિયા રૂપે પ્રકટ કર્યા તે બારડોલીની લડતની ભૂમિકા બન્યા. એ લડતનું સમાધાન થયા પછી સરકાર તરફ-થી જે સમિતિ નિમાઇ ને જેની સમક્ષ મહાદેવભાઇએ બારડોલીનો કેસ પુરવાર કરી આપ્યો હતો, એ સમિતિએ પોતાના અહેવાલમાં એ બંનેનાં કામની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. એ જિલ્લાના ખેડૂતોની આર્થિક સ્થિતિની તપાસ નરહરિભાઈએ જે ચોકસાઈ, ઊંડાઈ તથા શુદ્ધ પ્રામાણિક દૃષ્ટિથી કરી હતી તેને પરિણામે જ બારડોલીના ખેડૂતોનો વિજય થયો હતો. એ કાર્ય સંપન્ન કરીને પાછા ગુજરાત વિદ્યાપીઠમાં આવીને તેમણે તેના મહામાત્ર તરીકેની જવાબદારી ઉપાડી લીધી.

ઈ. ૧૯૩૦ની ૧૨મી માર્ચે ગાંધીજીએ દાંડી-કૂચ કરી મીઠાનો સત્યાગ્રહ ઉપાડયો ત્યારે ધારાસણાના સત્યાગ્રહ ક્ષેત્રે અનેક માણસો ગયા હતા. પણ સત્યા-ગ્રહ ને અહિંસાના સત્ત્વશુદ્ધ સિદ્ધાંતો હૃદયમાં ઊંડા ઊતારીને જેઓ એ સત્યાગ્રહમાં જોડાયા હતા તેમાં નરહરિભાઈનું સ્થાન મોખરાનું હતું. ત્યાં જ્યારે ભી-ષણ અત્યાચારી લાઠીમારનો વરસાદ વરસાવવામાં આવ્યો ત્યારે લાઠીનો એ પ્રત્યેક ફટકો પોતાના પર પડવાની સાથે, તેને અનન્ય અપ્રતિકાર-ભાવે ઝીલતાં ઝીલતાં 'રામ' બોલી, છેક ગંભીરપણે ઈજા પામતાં સુધી એમણે અહિંસાના આચરણ માટે જોઇતાં બલ તેમજ બલિદાનવૃત્તિનું જે ઊજળું ઉદાહરણ પૂરું પાડયું હતું તે અવિસ્મરણીય રહ્યું છે.

૧૯૩૩ સુધી સત્યાગ્રહ-લડતમાં શામેલ રહી તેમણે જેલવાસ પણ ભોગવેલો. એ જેલવાસ દરમ્યાન, ગુજરાતી ભાષામાં જાતીય વિષયનું તંદુરસ્ત જ્ઞાન આપતા સાહિત્ય તરીકે પ્રતિષ્ઠા પામેલા તારુણ્યમાં પ્રવેશતી 'કન્યાને પત્રો' તેમણે લખેલા, જે પાછળથી પુસ્તક રૂપે પ્રસિદ્ધ થએલા. દાંડીકૂચ પછી ગાંધીજીએ સાબરમતીના સત્યાગ્રહાશ્રમનો લોપ કરી તેનું રૂપાંતર 'હરિજન આશ્રમ' તરીકે કર્યું તેના અધિકારપદે ૧૯૩૫માં ગાંધીજીએ તેમને જ મૂકયા ને ત્યાંથી ૧૯૪૦-'૪૧ દરમ્યાન સેવાગ્રામના 'ગ્રામસેવક વિદ્યાલય'ના આચાર્યપદે સ્થાપ્યા એ તેમની રચનાત્મક વહીવટી શક્તિનાં દ્યોતક છે. ૧૯૪૨ની ૯મી ઑગસ્ટે સત્યા-ગ્રહી સૈનિક તરીકે તેમની ધરપકડ થઈ એ ગાળામાં, 'હિંદ છોડો'ની 'કરેંગે યા મરેંગે'ની એ ઉગ્ર લડતમાં ભાંગફોડ કરવી તે સત્યાગ્રહી માટે યોગ્ય નથી એવું જાહેર કરીને તેમણે કેટલાક નિકટના સ્નેહી-સાથી-ઓનો પણ રોષ વહોરી લીધેલો; અને ભાંગફોડ અંગેના પોતાના એ વિચારો અયોગ્ય ઠરે તો જાહેર જીવન છોડી દેવા સુધીની પણ એક નિર્ભીક સત્યાગ્રહી વિચારક ને કર્મવીર તરીકે તેમણે તૈયારી બતાવેલી. પાછળથી જે તેમની કીર્તિદા બન્યું તે 'માનવ-અર્થશાસ્ત્ર'નું પુસ્તક તેમણે આ જેલવાસમાં જ લખ્યું. ૧૯૪૫માં જેલમુક્ત થયા પછી થોડો વખત સેવાગ્રામમાં ગાંધીજીના મંત્રીપદે રહીને ફરી પાછા તેઓ સાબરમતી આશ્રમના સંચાલકના પોતાના મૂળ પદે આવી ગયા.

અહીં ૧૯૪૭ની આખરમાં તેમના પર લકવાનો હુમલો થયો, જેને કારણે જમણું અંગ ખોટું પડતાં હરવાફરવાનું તદ્દન બંધ થઈ ગયું. પરંતુ તેમનો કર્મયોગી જીવ તો કહ્યા કરતો: 'મારે મહાદેવભાઇની ડાયરીઓનું સંપાદન કરવું છે, ને સરદાર વલ્લભભાઇ પટેલનું જીવનચરિત્ર લખવું છે.' લકવાનો આ હુમલો જીવલેણ હતો એ તેઓ જાણતા હતા. એટલે તેઓ કહેતા: 'પાંચ વર્ષ જો મળી જાય તો એ કામ પૂરું કરીને જાઉં.' અને 'મહાદેવભાઇની ડાયરીઓ'નું સંપાદન તેમણે ૧૯૪૮થી થી શરૂ કર્યું જ. એ શ્રમ હજી ચાલુ હતો ત્યાં '૫૪માં હૃદયરોગનો પહેલો હુમલો થયો. શરીર એટલું તો કષ્ટાવા લાગ્યું ને નિશ્ચેતન જેવું થઇ ગયું કે, '૫૬માં લેખન-પ્રવૃત્તિ સાવ બંધ કરી દેવી પડી. પોતાની એ અવસ્થાનું વર્ણન, ધાર્યું કાર્ય ન થઇ શકવાના રંજ મિશ્રિત રમૂજ સાથે કરતાં તેઓ કહેતા: 'મારું મોત તો થઈ ચૂકયું છે; હવે તો હું પ્રેત થઈને તમને બધાંને જોઉં છું.'

અંતિમ વર્ષો તેમણે બારડોલી સ્વરાજ-આશ્રમમાં વિતાવ્યાં. જાણે મોત સાથે અવિરત સંતાકૂકડી રમતા હોય એવી તેમની બીમારીની એ દશા હતી. આજથી ત્રણ વર્ષ પહેલાં જ્યારે તેમને છેલ્લી બીમારીનો જબરો ઊથલો આવ્યો ત્યારે ચિંતાતુર સ્નેહી-સંબંધીઓને કહેલું: 'મારી ચિંતા કરશો નહિ. મને કાંઈ થવાનું નથી. હું તો સત્તાવનનું ક્રાંતિકારી વર્ષ જોઇને જઈશ.' પરંતુ એ શબ્દોથી જાણે ગભરુ સ્નેહીઓને પટાવતા જ હોય તેમ, ૧૯૫૭ની ૧૫મી જુલાઇએ જ—'૫૭ની સાલની અધવચ્ચે જ તેઓ ચાલી નીકળ્યા.



ત્રણ તપસ્વીઓ : સ્વામી આનંદ, રવિશંકર મહારાજ અને નરહરિભાઈ

મહાદેવભાઇને વિષે જેમ કહેવાય છે કે તેઓ ગાંધીજીની અસર નીચે ન આવ્યા હોત તો મહાન સાહિત્યકાર બનત, તેમ નરહરિભાઇને વિષે પણ કહી શકાય કે તેઓ સાહિત્યકાર ઉપરાંત અર્થશાસ્ત્રના એક નિષ્ણાત તરીકે પ્રસિદ્ધિ પામ્યા હોત. પરંતુ કોણ નથી જાણતું—નથી સમજતું કે મહાદેવભાઇ જેમ સાહિત્યકાર તરીકે તેમ નરહરિભાઈ પણ 'માનવ અર્થશાસ્ત્ર' ને એવા બીજા ગ્રંથો તથા 'મહાદેવભાઈની ડાયરી'ના સંપાદનથી સાહિત્યમાં સ્થાયિત્વ મેળવી ગયા છે? તેમાં યે 'માનવ-અર્થશાસ્ત્ર' તો સાહિત્યના ક્ષેત્રમાં તેમનું સૌથી વધુ મહત્ત્વનું અર્પણ ગણાશે. એ પુસ્તકને થોડાં વર્ષ પહેલાં પાંચ વર્ષના ઉત્તમ ગ્રંથ તરીકેનું મોંઘામૂલું 'કાંટાવાળા પારિતોષિક' અપાયું હતું.


તેમના લેખનનો વ્યાપ વિપુલ અને ગુણદૃષ્ટિએ સમૃદ્ધ છે. આદર્શ અને વ્યવહાર ઉભયને સ્પર્શતું તેમનું ચિંતન એ બંને વચ્ચે સેતુરૂપ બની રહે છે, એ તેમના સાહિત્યવસ્તુની વિશિષ્ટતા છે. તેમણે લખેલી સાહિત્યકૃતિઓમાં (મૌલિક) 'આટલું તો જાણજો' (૧૯૨૩), 'પૂર્વરંગ' (કાકા કાલેલકર સાથે, ૧૯૨૩), 'કન્યાને પત્રો' (૧૯૩૩), 'સામ્યવાદ અને સર્વોદય' (૧૯૩૪), 'લોકપોથી' (જુગતરામ દવે સાથે, ૧૯૩૯), 'વર્ધાકેળવણીનો પ્રયોગ' (૧૯૩૯), 'યંત્રની મર્યાદા' (૧૯૪૦), 'માનવ-અર્થશાસ્ત્ર' (૧૯૪૫), 'મહાદેવભાઇનું પૂર્વચરિત' (૧૯૫૦), 'સરદાર વલ્લભભાઈ ભા. ૧-૨' (૧૯૫૦-'૫૨), 'ગ્રામવિદ્યાપીઠની ભૂમિકા' (નાનાભાઈ ભટ્ટ સાથે, ૧૯૫૧), 'શ્રેયાર્થીની સાધના' (૧૯૫૩), 'સર્વોદય સમાજની ઝાંખી' (૧૯૫૫), 'ભૂદાન પ્રશ્નોત્તરી' (૧૯૫૫) મુખ્ય છે. અને અનુવાદોમાં 'ચિત્રાંગદા ને વિદાય-અભિશાપ' (શ્રી રવીન્દ્રનાથ પરથી અનુવાદ મહાદેવ દેસાઈ સાથે,૧૯૨૫), 'પ્રાચીન સાહિત્ય' (રવીન્દ્રનાથ પરથી અનુવાદ મહાદેવ દેસાઈ સાથે, ૧૯૨૩), 'ત્યારે કરીશું શું?' (ટૉલ્સ્ટૉય પરથી, ૧૯૨૪), 'જાતે મજૂરી કરનારાઓને' (૧૯૨૪), 'સહાયવૃત્તિ' (૧૯૩૫); તથા સંપાદનમાં 'ગોવિંદગમન' (રા. વિ. પાઠક સાથે, ૧૯૨૩), 'કરંડિયો' (૧૯૨૮), 'નવલગ્રંથાવલિ' (૧૯૩૭), 'મહાદેવભાઈની ડાયરી, ભા. ૧-૫', ભા. ૬-૭ અપ્રકટ (૧૯૪૮-'૫૦), 'સરદારનાં ભાષણો' (ઉત્તમચંદ શાહ સાથે, ૧૯૪૯), દી. બ. અંબાલાલ સાકરલાલનાં ભાષણો (૧૯૪૯), 'ગાંધીજીનું ગીતા-શિક્ષણ' (૧૯૫૬). તેમના સાહિત્યને અંજલિ આપતાં રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદે યોગ્ય જ કહ્યું છે કે 'उन्होंने राष्ट्रीय भावनासे प्रेरित होकर जो पुस्तकें लिखीं, वे गुजराती साहित्य को तो उनकी बडी देन हैं ही, राष्ट्रके लिये भी वे कुछ कम सेवा में नहीं हैं.'

શાન્ત પ્રગલ્ભ જીવનપ્રતિભા તેમને વરી હતી. રાષ્ટ્રક્ષેત્રે, સાહિત્ય-ક્ષેત્રે કે ચિંતનક્ષેત્રે કોઈ વડાં અનુષ્ઠાનો કરીને પરિસ્થિતિમાં પ્રચંડ ઊથલપાથલ સર્જી સૌકોઇને આંજી દેતી ક્રાંતિ તેમણે આણી નથી. પણ જાણે 'એક ડગલું બસ થાય' એ તેમનું જીવનગાન હતું, ને 'दृष्टिपूतं न्यसेत्पादम्' એ જીવનમંત્ર હતો. તેમને કોઈ ખંડનાત્મક કાર્ય કદી આકર્ષી શક્યું નથી; ગાંધીજીને ચરણે બેસીને રચનાત્મકતાના જે પાઠ શીખ્યા તે તેમણે પોતાની જીવનકિતાબમાં નિર્મળ સાત્ત્વિક અક્ષરે શબ્દેશબ્દ ઉતારી લીધા.

કોઈ પણ રચનાત્મક કાર્ય તેમને માટે અશક્ય નહોતું. સત્યાગ્રહ રાષ્ટ્રકારણ અને રાજકારણ, અર્થશાસ્ત્ર લોકસેવા ને સાહિત્યસેવા, હરિજનોદ્ધાર આશ્રમ-સંચાલન ને અધ્યાપન આદિ અનેક પ્રકારનાં કાર્યોને તેમણે પોતાના પ્રશાન્ત પ્રતિભા-પારસથી ઉજાળ્યાં છે. જે કામમાં પડતા તેમાં તેઓ એટલા તો એકરૂપ થઈ જતા કે કામથી તેમનું જુદું વ્યક્તિત્વ કલ્પવું અશક્ય થઈ પડે. પરંતુ જ્યારે એમાંથી નીકળવાનો નિર્ણય થાય ત્યારે સાપ કાંચળી ઉતારે તેમ જૂની પ્રવૃત્તિને છોડી નવી અંગીકાર કરતા. આ વસ્તુને વિનમ્રપણે મૂકીને તેઓ કેટલીક વાર મહાદેવભાઇને યાદ કરી કહેતા: 'મહાદેવે તો જે એક કામ લીધું તે છેવટ સુધી સંભાળ્યું, પણ હું તો એક પછી એક કામ બદલતો જ ગયો. તેથી જ કાંઇ કામ ન કરી શક્યો'. તેમની કાર્યભૂમિકા સદા અર્થાર્થીની રહેતી. મારું લખાણ, મારું વચન, મારું કર્મ, મારી ભક્તિ, દરિદ્રનારાયણને અર્થે છે કે નહિ એ તેમણે સતત જોયું.

તેમના વ્યક્તિત્વનું પ્રધાન લક્ષણ હતું તેમનું શિક્ષકપણું. જે એમના નિકટના પરિચયમાં આવ્યા છે તેઓ જાણે છે કે એમના જીવનનું સૌથી મોટું વિધાયક અંગ એ જ હતું. તેમણે જોડણીકોશ તૈયાર કરવામાં જે ખંત દેખાડી એના કરતાં ઓછી ખંત પોતાના નાના વિદ્યાર્થીઓની જોડણી સુધારવામાં નથી દેખાડી. એમની ભાષાની સરળતા મુખ્યત્વે એમના શિક્ષકપણાને આભારી હતી. તેથી જ તેઓ અર્થશાસ્ત્ર, રાજકારણ કે તત્ત્વજ્ઞાન જેવા વિષયોને, અભણ કે ઓછું ભણેલો માણસ પણ સમજી શકે એવી રીતે રજૂ કરી શકતા. એક આદર્શ શિક્ષક તરીકે તેઓ પોતાના વિચારો વિદ્યાર્થી પર લાદતા નહિ, પણ એની જ હૈયાઉકલતને સહાય કરતાંકરતાં એની શક્તિને ખીલવા દેતા.

ગાંધીવિચારનું સુકાન તેમણે દઢરીતે પકડી રાખ્યું હતું, પણ તેમના કર્મના શઢ પરિસ્થિતિની હવા ભરીને પોતાની નાવને પુરપાટ વહેવડાવવા સદા ખુલ્લા રહેતા. ગાંધીજીના સિદ્ધાંતો ને વિચારો તેમણે



જીવનમાં પૂરીરીતે ઉતાર્યો હોવા છતાં, પોતાનું વિચારસ્વાતંત્ર્ય તેમણે કાળજીપૂર્વક સાચવી રાખી ગાંધીજી અને આશ્રમવાસીઓના મતભેદ છતાં અનેક વખત પોતાના અંતઃકરણના આદેશ મુજબ અમલ કર્યો હતો એ એમની વિશિષ્ટતા હતી. ભૂદાનના બુઝર્ગ વિચારકોમાં તેઓ સર્વપ્રથમ પૈકીના એક હતા. કિશોરલાલભાઈની જેમ ગાંધીજીના કામના એક અનુસંધાન તરીકે તેમણે ભૂદાનને વધાવેલું.


વિનોદવૃત્તિ તો તેમના વ્યક્તિત્વનું અંગ હતી. તેઓ હસતા ત્યારે ખુલ્લા મને, પણ તેમનો વિનોદ નિર્દંશ હતો. મજાકનું પાત્ર બન્યો હોય તે પણ પોતાને ભોગે હસી શકે એવી મીઠી મજાક તેઓ કરતા. તેમને ગુસ્સે થએલા જોવા બહુ મુશ્કેલ હતા. મોટી ઉમરના સ્નાતકના વિદ્યાર્થીઓને ઉદ્યોગમાં બે કલાક કાંતણ, વણાટ કે સુથારીકામ કરવું પડતું તેથી ઘણા અકળાતા. એટલે એ વાંસલી-ફરસી-રંદો ઘસનારાઓએ (અલબત્ત અશ્રદ્ધાથી જ) સુથારી સંસ્કૃતમાં એક શ્લોક રચેલો :

'ઉદ્યોગે તુ કુતો વિદ્યા, વૃથા ન. દ્વા. ઉદ્દેશ્યતિ;
કદાચિત્ કુપ્યતે ન. દ્વા., યદ્વાતદ્વા ભવિષ્યતિ!'

સદ્ભાવની પ્રતિમૂર્તિસમા નરહરિભાઈ સાથે બંધાએલો કોઈ સંબંધ ઔપચારિક ન રહેતો. વત્સલતાના પરાગે મહેકતું એમનું ગૃહસ્થ-જીવન અનેકોને આદરણીય ને અનુકરણીય હતું. તેમની જીવનકિતાબ સૌને માટે ખુલ્લી હોય એમ તેમના જીવનમાં કશું ખાનગી ન હતું.

એક વ્યક્તિ તરીકે તેઓ નિતાન્ત નિરભિમાન અને નમ્ર હતા.





નરહરિભાઈના હસ્તાક્ષરમાં ગાંધીજીનું છેલ્લું વસીહતનામું જેની નીચે ગાંધીજીની સહી સામે પ્યારેલાલ તથા સ્વ. કિશોરલાલભાઈની સાક્ષીરૂપ સહીઓ છે.

'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'નો આદર્શ એ તેમનો તો નિત્યનો આચાર હતો. અને તેમની પ્રકાંડ વ્યવસ્થાશક્તિ ને વ્યવહારકુશળતા તો એક જુદો જ ઉલ્લેખ માગી લે છે. ટૂંકમાં, તેઓ એક સમુજ્જાગૃત જીવનસાધક હતા. જીવનના નાનામોટા પ્રત્યેક કાર્ય બાબત જે ચોકસાઈ અને નિષ્ઠા કેળવાવાં જોઈએ તેનું ઉદાહરણ તો નરહરિભાઇ જેવો આદર્શ શિક્ષક જ પૂરું પાડી શકે.

તેમના જવાથી તેમના મોટા ભાઇ શ્રી શંકરલાલ પરીખ, તેમનાં પત્ની ગં. સ્વ. મણિબહેન, પુત્ર શ્રી મોહનભાઈ, પુત્રી શ્રી વનમાળા-બહેન તેમજ અન્ય આપ્તજનોને જેવી જણાય એવી જ ખોટ, જેને તેમણે અંગત જીવનથી અલગ માન્યું ન હતું એવા તેમના જાહેર જીવન-ના પ્રત્યેક ક્ષેત્રને જણાશે.

---

રશિયામાં કયુબિશેવ રેલવે ઉપર ઈલેક્ટ્રૉનિક દ્વારા આપમેળે ચાલતા એન્જિનનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો છે. આ વીજળિક યંત્ર–માનવ તમામ સ્વયંચાલિત સિગ્નલોને ધ્યાનમાં લઈ એન્જિન ચલાવે છે, એન્જિનને યોગ્ય ગતિમાં રાખે છે, જરૂર પડયે બ્રેક લગાવે છે, પાટાનું ધ્યાન રાખે છે, ગાડીના ભારની ગણત્રી રાખે છે અને એન્જિનના અંકુશોની તમામ જરૂરી ચાંપોનો ઉપયોગ કરે છે. સ્ટેશન નજીક આવતાં તે હળવેથી ગાડીને ધીમી પાડી દે છે અને અમુક પહે-લેથી નક્કી કરેલો સમય પૂરો થતાં ગાડી ઉપાડે પણ છે. આ ઇલેક્ટ્રૉનિક કરામતથી વીજળીની ગાડીઓની ગુંજાયશમાં ૧૫થી૨૦ ટકાનો વધારો થશે અને તે ૫થી૭ ટકા વિદ્યુતશક્તિ બચાવશે.



# અર્ઘ્યકણી

સંભાળ, સંભાળ, તું જો ઊંડેરું
તારા જ ઊંડાણ વિષે, કદાચ
જે દુ:ખકારી તુજને બીજાનું,
તુંમાં જ એનું બીજ હોય ના પડ્યું.—વ્હિટ્ટીઅર

## લોકમાન્ય કવિ વ્હિટ્ટીઅર

'ગુલામી!' છે તો માત્ર ત્રણ જ અક્ષરો, પરંતુ એ કેટલા કપરા છે એનું પ્રતીતિજનક ભાન આજના જગતને થવું મુશ્કેલ છે; પણ ગુલામીના ગોઝારાપણાની ઝાંખી, ગુલામીનાબૂદી પાછળ નિજ જીવનસર્વસ્વનું અર્પણ કરી જનારા 'ન્યૂ ઇંગ્લૅંડના રાજ-કવિ' તરીકે ઓળખાએલા વ્હિટ્ટીઅર જેવાનાં જીવનકવન પરથી આપણે કરી શકીએ.

ગુલામીનાબૂદીની તેની ભાવનાને સળગાવી મૂકનાર હતો તેનો આ અંગત અનુભવ: તેણે એક ગુલામી-વિરોધી પત્રિકા 'જસ્ટિસ ઍન્ડ એક્સ્પીડિયન્સી' લખેલી, ને ડૉ. ક્રૅન્ડૉલ નામના પોતાના તબીબ મિત્રને વાંચવા વૉશિંગ્ટન મોકલેલી. તેણે તે પોતાના એક બીજા તબીબ મિત્રને વાંચવા આપી, અને તેને માટે ડૉ. ક્રૅન્ડૉલ ઉપર તવાઈ ઊતરી આવી! તેને જેલમાં ગોંધી દેવામાં આવ્યો, જ્યાંના કારમા ગૂંગળામણ ને અંધારમાં જ તે મરી ગયો! આવા પ્રસંગોથી ગુલામીની કરપીણતા સામે પ્રજ્વલી ઊઠેલા સાક્ષાત અગ્નિની જ્વાળા જેવા, કૃશોજ્જ્વલ દેહકાઠી ધરાવતા, કાર્યતત્પર, ઊંચા ને સદા આતુર વ્હિટ્ટીઅરની આંખમાંથી જાણે કે અંગારા ઝરતા, જેને સહી ન શકનારા તેની સામે ઇંડાં-ટમાટા ફેંકતાં. ગુલામી સામે ઝુંબેશ ચલાવતા તેના 'પેન્સિલ્વાનિયા ફ્રીમૅન' પત્રની કચેરી તેની આંખ સામે જ બાળી મૂકવામાં આવેલી. છતાં વ્હિટ્ટીઅર આખર સુધી અણનમ અને અજય રહ્યો.

પણ વ્હિટ્ટીઅરની કવિતા તેમાંના ગુલામી-વિરોધના પ્રચારને કારણે જ અતિ વ્યાપક બની એમ કહેવું એ તેની કવિત્વશક્તિને અન્યાય કરવા જેવું થશે. તેને 'ન્યૂ ઇંગ્લૅંડના પોએટ લૉરીએટ' કહેવડાવવા જેટલી તેની કવિતા લોકલાડીલી બની એ તો તે માંહેના સચ્ચાઇ ભર્યા વસ્તુના રણકારને કારણે. અને તેણે કંઈ એકલા ગુલામીવિરોધને જ કવિતામાં ગાયો નથી. ગુલામીના મુદ્દા પર લડાએલું અમેરિકન આંતરયુદ્ધ પૂરું થયા પછી તેણે લખેલી ઇતર વિષયની કવિતામાંનું જ ઘણું તો કાવ્યત્વની દૃષ્ટિએ તેનું સત્ત્વશીલ સાહિત્ય બની રહે છે. પોતાની કવિતામાં ઠેરઠેર તેણે જે જીવનસૂત્રો વેર્યાં છે તેણે અમેરિકાની ઊગતી પેઢીના તાલીમ-ગાળા દરમ્યાન ચારિત્ર્યવિધાયક બળ તરીકે ભજવેલો ભાગ તો એક ખાસ અલગ ઉલ્લેખ માગી લે છે. ગયા ડિસેમ્બરની ૧૭મી તારીખે આખા જગતે તેની દોઢસોમી જન્મજયંતી ઊજવી તે નિમિત્તે તેનાં જીવનકવનનો પરિચય અહીં આપ્યો છે.

તેનો જ સમકાલીન અને તેના જેટલો જ લોકપ્રિય કવિ લૉંગફેલો જન્મ્યો તે જ સાલ-ઈ. ૧૮૦૭ની ૧૭મી ડિસેમ્બરે, અમેરિકાના માસાચુસેટ્સ રાજ્યના હૅવરહિલ મુકામે, એક ક્વેકર-પંથી ખેડૂત પિતાને ત્યાં જૉન ગ્રીનલીફ વ્હિટ્ટીઅરનો જન્મ થયો હતો. ક્વેકર-પંથનાં ધૈર્ય, વિનમ્રતા, દયા ને સાદાઈ માટેની અભિરુચિના સંસ્કારો તેને પિતા તરફથી મળ્યા. ઘરના ધાર્મિક વાતાવરણને કારણે તેણે બચપણથી બાઈબલનું જ અધ્યયન કરેલું.

તેનો શારીરિક બાંધો પહેલેથી જ બહુ મજબૂત નહોતો, છતાં કુટુંબના ખેતર ઉપર તે પિતાને કામકાજમાં મદદ કરતો. ઉપરાંત સાત ગાયો દોહવાની જવાબદારી પણ ઉઠાવતો.

૧૯મી સદીના એ આરંભમાં વ્યવસ્થિત શાળાજીવન તો શક્ય નહોતું. છતાં વ્હિટ્ટીઅરને બે સારા શિક્ષકો સાંપડેલા, જેમણે એની સાહિત્યરુચિને કેળવી. એક વખત એક શિક્ષક સ્કૉટલંડના સમર્થ કવિ રૉબર્ટ બર્ન્સનો કાવ્યસંગ્રહ લાવ્યા, અને એ આખી રાત ગુરુશિષ્ય







## બગીચાનો કાચંડો

રંગ બદલવાની ખાસિયત માટે બહુ જાણીતા કાચંડાની આ જાતમાં એ કળા જોકે 'સરડા' જેટલી તો સિદ્ધ નથી. માથું વિશાળ, ઊંચું ને અણિયાળું. પુખ્ત નરની ગરદન પરની કેશવાળી ધ્યાનપાત્ર. તેની આંખો કપાળ પર નહિ પણ માથા પર આવેલી હોય છે. દાંતને બદલે મજબૂત પકડશક્તિવાળાં નાનાં પેઢાંની હાર. આંખ નબળી, એટલે ચારે બાજુએ વારે-ઘડીએ ડોકું ઊંચુંનીચું કર્યા કરે. રંગ ભૂખરો પીળો અને પીઠ પર ચામડીનાં નાનાંનાનાં ગોળ ભીંગડાં. નર કરતાં માદા સહેજ નાની. વધુમાં વધુ લંબાઈ વીસેક ઈંચની. પૂંછડી માથા ને ધડ કરતાં બમણાથી વધુ કદની, લાંબી ને પાતળી, નેતરથી ગૂંથી હોય તેવી કરકરિયાળી.

ઝાડ, છોડ ને વાડ પર તેમજ ભરવસતિમાં ભીંત પર વસતો આ કાચંડો સહુને જાણીતો છે. કીડી, મંકોડા, ભમરી, તમરાં ને વાણિયો યે તેના શિકાર. તેની જીભ આગળથી ચોંટેલી અને પાછળથી છૂટી, એટલે બહાર કાઢે ત્યારે લાંબી થઈને શિકારને પકડી પાડે. શિકાર જીભ સાથે સજ્જડ ચોંટી જાય, પછી એને એમ ને એમ ગળી જાય. ગરોળી-મગરની પેઠે પોતાનો ખોરાક ચરબી રૂપે સંઘરવાની શક્તિને લીધે લાંબા સમય સુધી નિરાહારી યે રહી શકે. ગરોળી પેઠે એને ગાદી હોતી નથી. તેના પગ મજબૂત. તીણા નખ ઝાડ-ડાંખળાં પર ભરાવી રાખતાં પડવાનો સહેજે ભય નહિ. કૂદતાં પડી ન જવાય માટે ક્યારેક પૂંછડીનો ડાળી સાથે ભરડો લે. ગેલમાં આવતાં એ રીતે હીંચકા પણ ખાય. પૂંછડી દિશા બદલવામાં ઉપયોગી. આમ તો ભૂચર, પરંતુ સંજોગવશાત્ તરી પણ શકે. પાણીકાંઠે રહેવું એને વિશેષ ગમે છે. છતાં બહુ બુદ્ધિશાળી પ્રાણી નહિ.

સંવનન પ્રસંગે નર લાલ રંગથી અલંકૃત થાય ને તેની પૂંછડી છેડેથી અણીદાર ને સાંધાએ પહોંચતાં ફૂલેલી થઇ જાય. માદા લંબગોળ આકારનાં એકાદ ઇંચનાં ખોખાએક ઇંડાં જમીનમાં દર કરી દાટે. ઘણાંખરાં ઇંડાંનો તો શિકારી પંખીઓ, સાપ વગેરે નાશ કરી નાખે છે. ઈંડાંને સેવવા ન રહે. ધરતીની બાફથી જ સેવાય. ઈંડું સેવાય તેમ મોટું થતું જાય. બચ્ચાંનો રંગ ધોળો ને સહેજ ભૂખરો. દસ-બાર માસમાં તો પુખ્ત બની જાય.









ડાબી બાજુ મથાળે : 'સાક્ષાત અગ્નિની જ્વાળા જેવા, કૃશોજ્જ્વલ દેહકાઠી ધરાવતા, ઊંચા ને કાર્યતત્પર વ્હિટ્ટીઅરની આંખમાંથી જાણે કે અંગારા ઝરતા.' નીચે : 'જેની કીર્તિ ચોમેર હવાની જેમ પ્રસરી ગએલી' તે કવિ વ્હિટ્ટીઅર વૃદ્ધાવસ્થાએ. જમણી બાજુ મથાળે : માસાચુસેટ્સ પરગણાના હૅવરહિલ મુકામે એક ક્વેકરપંથી ખેડૂત પિતાના આ મકાનમાં વ્હિટ્ટીઅરનો જન્મ થયો હતો. નીચે : પાકટ ઉમરે માન અને કીર્તિ રળેલા કવિ વ્હિટ્ટીઅરનો અભ્યાસખંડ.

આ કાવ્યકૃતિઓનું વાચન કરતા રહ્યા! બીજે દિવસે વ્હિટ્ટીઅરે પોતે જ કવિતા રચવાના કાલાઘેલા પ્રયત્નો કરવા માંડયા. જોકે તેના પિતાને તેની કાવ્યપ્રવૃત્તિ માટે સહાનુભૂતિ ન હતી. તે એને કહ્યા કરતો કે આ કવિતા લખવાના ચાળાથી તો તું રોટલો પણ ખોઈશ! એક વાર વ્હિટ્ટીઅરની જાણ બહાર એની બહેન મેરીએ પોતાના ભાઇનું એક કાવ્ય એક અખબાર ઉપર મોકલી આપ્યું. એ તુરત જ છપાઈ ગયું અને પછી તો એ અખબારના તંત્રીએ એ કાવ્યના રચયિતાને ખેતર પરથી શોધી કાઢ્યો. અને આ રીતે એ પત્રના તંત્રી—અમેરિકાની ગુલામીવિરોધી લડતના જગવિખ્યાત અગ્રિમ લડવૈયા અને પત્રકાર વિલિયમ લૉઈડ ગૅરિસન—તથા કવિ વ્હિટ્ટીઅરની મૈત્રીનો આરંભ થયો.

એ ગૅરિસનના ઉત્તેજનથી જ વ્હિટ્ટીઅરે દોઢ વર્ષ સુધી અભ્યાસ કર્યો અને એ દરમ્યાન પગરખાં સીવીને ગુજરાન ચલાવ્યું! વચગાળામાં થોડું શિક્ષણકાર્ય પણ કર્યું. ત્યારથી તે છેક આંતરયુદ્ધના સમય સુધી તેણે ગુલામીની નાબૂદી માટે પોતાના જીવનનું–તેમજ કલમનું–સમર્પણ કર્યું. પોતાની કોઈ કવિતા કે પત્રિકામાંથી કશી આર્થિક આવક તો તેને થએલી જ નહિ. એ કાળનાં સામયિકો કાવ્યો માટે પુરસ્કાર આપતાં નહોતાં, અને ગુલામી-નાબૂદી માટે લડનારાં પત્રો તો કંઈ પુરસ્કાર આપી શકે તેટલાં સદ્ધર પણ નહોતાં.

પિતાના મૃત્યુ પછી વ્હિટ્ટીઅરે ખેતર વેચી નાખ્યું અને બૉસ્ટનની ઉત્તરે એમ્સબરી નામના ગામમાં પોતાનાં માતા તથા બહેન સાથે રહેવા લાગ્યો. એ સમયે અમેરિકામાં ગુલામીની નાબૂદી માટે અત્યંત ઉગ્ર લાગણી હતી, અને એ સામેના પ્રત્યાઘાતો પણ એટલા જ તીવ્ર હતા. વ્હિટ્ટીઅરે એ ગોઝારી ગુલામી પ્રથા સામે એક પછી એક સણસણતાં કાવ્યો અને હૃદયની આગથી ભડભડતી પત્રિકાઓ લખવા માંડી. કવિ સામે વિરોધ પણ ઓછો નહોતો. જાહેર સભામાં એના ક્વેકર પોશાક ઉપર સડેલાં ઈંડાં ને ટમાટાં ફેંકાતાં.

૧૮૨૮થી ૧૮૩૨ સુધી તેણે ગુલામીવિરોધી ચળવળમાં પત્રકાર તરીકે કામ કર્યું. ૧૮૩૩માં તેણે પેલું ગુલામીવિરોધી જાહેરનામું 'જસ્ટિસ ઍન્ડ એક્સ્પીડીઅન્સી' લખ્યું ને ફિલાડેલ્ફિયા ખાતે 'અમેરિકન ઍન્ટી સ્લેવરી સોસાએટી'ની પ્રથમ સભામાં હાજરી આપી. ૧૮૩૫માં તે માસાચુસેટ્સની વિધાનસભામાં પોતાના જિલ્લાના પ્રતિનિધિ તરીકે ચૂંટાયો; ૧૮૩૬માં 'ઍન્ટી સ્લેવરી સોસાએટી'નો રીતસરનો સભ્ય બન્યો; ૧૮૪૭થી વૉશિંગ્ટનના 'નૅશનલ એરા' પત્રને અગ્રલેખો અને કાવ્યો મોકલવા માંડ્યાં (તે છેક ૧૮૬૦ સુધી), અને ૧૮૫૭થી 'ઍટ્લાન્ટિક' માસિકને. ક્વેકર-મતના આદેશ અનુસાર તેણે કદી આંતરવિગ્રહ દરમ્યાન હથિયાર ધારણ કરેલાં નહિ.

ગુલામી-નાબૂદી માટે કેવળ ઉત્તર અમેરિકાને જ ઉદ્યુક્ત કરવામાં નહિ, પણ જગત આખાની સહાનુભૂતિ પ્રકટાવવામાં સૌથી શ્રેષ્ઠ સેવા આપનાર સાહિત્ય તરીકે ગણાએલા, મિસિસ હૅરીએટ બીચર સ્ટોના અમર ગ્રંથ 'અંકલ ટૉમ્સ કૅબિન' પછી તરત જ બીજું સ્થાન વ્હિટ્ટીઅરનાં કાવ્યો જ ધરાવે છે; તેમાં શ્રેષ્ઠ ગણાએલા 'માસાચ્યુસેટ્સ ટુ વર્જિનિયા'ને શુદ્ધ કાવ્યતત્ત્વની દૃષ્ટિએ પણ વિવેચકો ઉત્તમ કાવ્યપ્રતિભાનું ફળ ગણે છે. તેની બીજી કૃતિઓમા 'લીજેન્ડ્ઝ ઑવ ન્યૂ ઇંગ્લંડ ઈન પ્રોઝ ઍન્ડ વર્સ', 'સૉંગ્સ ઑવ લેબર' આદિનો સમાવેશ થાય છે. તેણે રચેલાં કથાગીતો, કથાનકો તથા ગ્રામચિત્રો અમેરિકન સાહિત્યનો સમૃદ્ધ વારસો ગણાય છે. પણ તેમાં યે તેની સૌથી વધુ લોકહૈયે વસી ગએલી કૃતિ 'સ્નો-બાઉન્ડ' (૧૮૬૬)માં તો તેણે અમેરિકાના ગ્રામ-જીવનનું પ્રસાદમય ને રુચિપૂર્ણ ચિત્ર આપ્યું છે. આ લાંબું કાવ્ય તેણે પોતાની બહેનના મૃત્યુ પછી લખેલું. માતાનું મૃત્યુ તો વહેલેરું થઇ ચૂક્યું હોવાથી કવિએ એકલતા અનુભવી અને પોતાના બાળપણના ખેડુ જીવનનું વાતાવરણ ફરી વાર સર્જવાનો પ્રયત્ન આ કાવ્યમાં કર્યો. ખ્યાત અમેરિકન વક્તા ડૅનિયલ વેબ્સ્ટરે જ્યારે ગુલામીવિરોધી પક્ષની આશાઓને દગો દીધો ત્યારે તેણે લખેલા 'ઈશાબૉદ' તો, અનેક વિવેચકોને મતે, તેનું મહાન ભવ્ય અને વાણીની શક્તિના અચ્છા નમૂનારૂપ કાવ્ય છે.

બચપણથી જ નબળા બાંધાના વ્હિટ્ટીઅરનું શરીર-સ્વાસ્થ્ય બહુ સારું નહિ રહેલું. તેની દૃષ્ટિમાં પણ એક ઊણપ હતી કે તે લાલ અને લીલો રંગ પારખી શકતો નહિ! અને છેલ્લાં વર્ષોમાં તો તેને કાને પણ બહેરાશ આવી ગઈ હતી. પણ જીવનના એ ઉત્તરકાળમાં તેની કીર્તિ ચોમેર હવાની જેમ પ્રસરી ગએલી. તેના સમયની મોટામાં મોટી વ્યક્તિઓ તરફથી તેને માન મળેલું, અને પૅસિફિકને કાંઠે આવેલા એક ગામનું તથા ઍટ્લાન્ટિકમાંના એક જહાજનું નામકરણ પણ તેના નામ પરથી થએલું. તેની વૃદ્ધાવસ્થા સુખી અને મધુર બની રહી, અને ઈ. ૧૮૯૨ની ૧૭મી સપ્ટેમ્બરે ન્યૂ હૅમ્પશાયર રાજ્યના હૅમ્પ્ટન ફૉલ્સ મુકામે તેનું અવસાન થયું. તેના મૃત્યુ પ્રસંગે એટલી તો જનમેદની જમા થએલી કે અતિમ ક્રિયાઓ ઘરની બહાર કરવી પડેલી!

જગતભરના સાહિત્યના લોકખ્યાત ને લોકપ્રિય કવિઓમાંનો તે એક છે. અંગ્રેજી સાહિત્યનો કોઈ પણ શાળાભ્યાસી વ્હિટ્ટીઅરની કવિતાથી ભાગ્યે જ અજાણ હશે. જોકે તેની કવિતામાં રહેલા બોધ અને અનુભવજ્ઞાન તેની મર્યાદા બને છે, ને ચમત્કૃતિ, કલ્પના કે કલાન્યાયનો અભાવ પણ વરતાય છે; પરંતુ તેનો સચ્ચાઇભર્યો તથા ઉત્કટ ભાવરણકો, તથા તેની કવિતામાં નિરૂપાતા જીવનબોધને પણ તેણે આપેલું પ્રેરણાસ્વરૂપ તેના સાહિત્યને મહત્તાની મહોર મારી જાય છે.

## ગુજરાતીઓનો ખોરાક

ગુજરાતનાં ભાઈબહેનો પોતાના ચાલુ ખોરાકમાં થોડોક ફેરફાર કરી લે તો ગુજરાતીઓના આહારમાં નત્રિલ (પ્રોટીન)ની જે ખામી જોવામાં આવે છે તે નહિ રહે. ગુજરાતીઓ 'ઢીલી દાળ'–પાણી જેવી દાળ ખાય છે, તેને બદલે કઢી સાથે લચકો દાળ ખાઇએ છીએ તેવી ઘાટી દાળ ખાવામાં લે. જણ દીઠ ૫ તોલા કઠોળને હિસાબે પ્રત્યેક કુટુંબમાં દાળ રંધાવી જોઇએ. મહારાષ્ટ્રીઓ 'વરણ'–લચકો દાળ–ખાય છે તેમ ગુજરાતીઓએ ઘાટી દાળ લેવી જોઇએ. અઠવાડિયામાં ૨ વખત આખાં કઠોળ બાફીને ખાવાં જોઇએ, એક વખત ફણગા ફુટાવેલ કઠોળ, ને બે દિવસ કઢી સાથે લચકો દાળ લેવી જોઇએ. આથી વિવિધતા આવશે ને નત્રિલનું પ્રમાણ પણ સચવાશે. વળી ભોજનને અંતે રોજ છાશ પીવી જોઇએ. છાશ પીનારને કદી કોઈ રોગ ન થાય.

ગુજરાતીઓ પોતાના રોજિંદા ખોરાકમાં એક વખત ભાજીનો ઉપયોગ જરૂર કરે. તાંદળજો (ચોલાઇ), મેથી, પાલખ, સૂવા, લેટ્યુસ, બથવો (ટાંકો), ચીલ ગમે તેવી ભાજી એકાદ વખત રાંધે. કોબી, કૉલીફ્લાવર તો કચુંબર કરીને જ (કે નહિ જેવાં બાફીને) લેવાં જોઇએ. મીઠો લીમડો, કોથમી, ફુદીનો, પાકાં કોઠાં, કરમદાં, કોપરું, ખજૂર, ચણાની દાળ, લીલાં મરચાં, આદુ વગેરેની ચટણી રોજ ખોરાકમાં હોવી જોઈએ. કોઈ પણ જાતનું રાઈતું—સૂરણ, કાકડી, કાંદા, દ્રાક્ષ વગેરેનું—પણ હોવું જોઇએ. રોજ ૦ાા શેર દૂધ, ૦ાા શેર દહીં, ૨ાા તોલા મલાઈ, માખણ યા ઘી અને ૪ તોલા તલનું તેલ–આટલાનો સમાવેશ આપણા રોજિંદા આહારમાં થવો જોઇએ. રોજ ફરસાણ ખાવાં ન જોઇએ. મહિનામાં એકાદ વખત ઠીક છે. બહુ મસાલા કે સોડાવાળાં ફરસાણ શરીરની ધાતુઓને ઢીલી બનાવે છે.

આપણા ધારાળા, દૂબળા, કોળી, ચોધરા, હરિજન જેવી ગરીબ મજૂરિયાત કોમોના ખોરાક તરફ ધ્યાન આપવાની જરૂર છે. એમણે કઠોળ વધુ ખાવાં જોઇએ. ચામાં જે પૈસા બગાડે છે તેને બદલે મગફળી, ચણા ને ગોળ ખાવા તરફ વાળવા જોઇએ. અવારનવાર ઈંડાં, મચ્છી, માંસ ખાઈ શકે તો સારું. તેઓ પોતાને ત્યાં મરઘાં પાળે એ ઇષ્ટ છે. દરિયાકિનારે રહેનારાઓને મચ્છી ખાવા મળવી જોઇએ.

—બાપાલાલ ગ. વૈદ્ય

## આપણાં રાષ્ટ્રગીત

ભારતમાં બે રાષ્ટ્રગીતો મંજૂર થએલાં છે: 'જનગણમન' અને 'વન્દેમાતરમ્'. 'વન્દેમાતરમ્'ને અંગે અનેક પ્રકારની ઊર્મિ, ભાવ, દેશભક્તિ વગેરેનાં સ્મરણો રહેલાં છે, અને ભારતના મુક્તિસંગ્રામની શરૂઆતથી એ રાષ્ટ્રગીત હતું. જોકે વસ્તુતઃ એ બંગાળના સુપ્રસિદ્ધ નવલકથાકાર બંકિમચન્દ્રની એક નવલકથાના પાત્ર મારફત રજૂ થએલું બંગાળની જ ભૂમિની સ્તુતિનું ગીત છે. બંગભંગની ચળવળ વેળા બંગાળી પ્રજાએ એ રાષ્ટ્રગીત તરીકે દાખલ કર્યું ને પછી દેશે પણ એ સ્વીકારી લીધું. પણ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી કવિવર રવીન્દ્રનાથનું 'જનગણમન' વિધિપુરઃસરના રાષ્ટ્રગીત તરીકે સ્વીકારાયું છે. ને અમારા નમ્રમત પ્રમાણે, 'વન્દેમાતરમ્' કરતાં પણ 'જનગણમન' રાષ્ટ્રગીત તરીકે ઘણું વધારે યોગ્ય છે.

પરન્તુ 'વન્દેમાતરમ્' એ દેશે અગાઉ સ્વીકારેલું રાષ્ટ્રગીત હતું, તેમજ એને અંગે, આગળ જણાવ્યું તેમ, અનેક સંજોગો ને પરિસ્થિતિને લીધે પ્રજાને પક્ષપાત હતો, તેથી એ ગીત પણ રાષ્ટ્રગીત તરીકે રખાયું. પણ આજે એ જુદેજુદે સ્થળે જુદાજુદા રાગ અને ઢાળમાં ગવાય છે. અમારા નમ્ર મત મુજબ રાષ્ટ્રગીત એકસરખા ઢાળમાં એક જ ઢબથી સર્વત્ર ગવાવું જોઇએ. તે માટે એ ગાવાની એક જ સર્વસામાન્ય પદ્ધતિ નિશ્ચિત થવી જોઇએ. અત્યારે જે રીતે, મોટે ભાગે, એ ગીત ગવાય છે તેમાંનો એક પણ ઢાળ રાષ્ટ્રગીતને અનુકૂળ નથી. એ સ્વદેશભક્તિનું કેવળ સમૂહગીત છે, પણ એ સંગીત નથી. ઉપરાન્ત એ ઘણેખરે સ્થળે કોઈ ગંભીર, મંદ અને શોકનું વાતાવરણ ઉત્પન્ન કરે એવા ઢાળમાં ગવાય છે તે પણ ઇષ્ટ નથી. રાષ્ટ્રગીત ગાવાની સાથે જે જાતની ઉત્સાહની ઊર્મિ ગાનાર અને સાંભળનારને સ્વાભાવિકરીતે ઉત્પન્ન થવી જોઇએ તે એ જાતના રાગ અને ઢાળથી થતી નથી. એ ગીતના 'શબ્દો'થી દેશ માટે અભિમાન ઉત્પન્ન થાય, પરન્તુ એ 'જે રીતે ગવાય છે' તેથી નહિ.

એથી ઊલટું 'જનગણમન'નો ઢાળ તેમજ શબ્દો, બન્ને રાષ્ટ્રગીત માટે સર્વ રીતે અનુકૂળ છે. વાદ્યસંગીતમાં પણ એ રોમાંચ ખડાં કરે તેવું છે. એ જોસ્સાદાર, વ્યક્તિપૂર્ણ, ભાવોદ્રેકભર્યું ને સાચું સમૂહગીત છે. એ જ સાચું રાષ્ટ્રગીત થઇ શકે તેવું છે. વળી 'વન્દે માતરમ્'નો ઢાળ, કોઇ સંગીતજ્ઞ પાસે વધારે જોરદાર રીતે ગવાય એવો નક્કી કરાવી તે જ પ્રમાણે સર્વત્ર ગવાવું જોઇએ. ('જ્યોતિર્ધર'ને આધારે)

### પાકાં ટમેટાં

પાકાં ટમેટાંમાં એક અદ્ભુત ગુણ એ છે કે તેનાં વિટામિનો બીજાં શાકભાજીઓની માફક રંધાતાં એકદમ નાશ પામતાં નથી. તેની બીજી એક વિશેષતા એ છે કે તેનો મુરબ્બો કે અથાણું જો સંભાળીને રાખવામાં આવે તો મહિનાઓ સુધી વિટામિનયુક્ત રહી શકે છે. હોટેલોમાં વપરાતી ટમેટાંની ખાટી-મીઠી ચટણી (સૉસ) પણ પોષક તત્ત્વો અને વિટામિનથી ભરેલી હોય છે. ખારી પૂરી, ભૂંજેલા ચણા, પકોડી, સમોસાં વગેરે સાથે આ ચટણી ખાવાનો રિવાજ પ્રચલિત છે. આ ચટણી રુચિકર અને ક્ષુધાને વધારનારી છે.

ટમેટાંમાં 'એ', 'બી' અને 'સી' ત્રણે વિટામિન છે. મનુષ્યના શરીરના બંધારણ માટે, બાળકોની શારીરિક વૃદ્ધિ માટે, માંદગી પછી નંખાઇ ગએલા શરીરની તાકાત મેળવવા, લોહીને શુદ્ધ અને આંતરડાંને સ્વસ્થ રાખવા તથા હાડકાં અને દાંતને મજબૂત કરવા ટમેટાં બહુ ઉપયોગી છે. ટમેટાં રોગોના આક્રમણ સામે પ્રતિકારશક્તિ આપે છે.

ટમેટાંનો પ્રયોગ ઍપેન્ડિસાઇટિસ, અતિસાર વગેરે રોગોમાં ઘણો ફાયદો કરે છે. ટમેટાંમાં લોહતત્ત્વ, ચૂનાનું તત્ત્વ, પ્રોટીન, પોટૅશિયમ, ફૉસ્ફરસ, ગંધક, ક્લોરીન વગેરે દ્રવ્યો પણ બીજાં શાકભાજીની સરખામણીમાં વધારે છે. જેમની દૃષ્ટિ ક્ષીણ થઇ આંખે અંધારાં આવતાં હોય તેમને ટમેટાંનો નિયમિત પ્રયોગ લાભદાયી નીવડે છે. પાંડુરોગના દર્દીને લાલ ટમેટાંનો રસ નિર્બળતા દૂર કરી ભૂખ વધારે છે અને ધીરેધીરે રોગ પણ દૂર કરે છે. ટમેટાંનું શાક દસ્ત સાફ લાવે છે અને તેનાથી કબજિયાત નથી થતી. જાડા શરીરવાળા નિયમિતરીતે ટમેટાં ખાય તો સ્થૂળતા પણ દૂર કરે છે. સાંધાનાં દર્દના ને દરાજના દર્દીઓને માટે પણ ટમેટાં લાભદાયી બને છે. (અ. આ.-લોકમત)

### મેંદી

ઘણા જાણતા નહિ હોય કે ભારત દર વર્ષે આશરે ૭૦,૦૦૦ મણ મેંદીની નિકાસ કરીને લગભગ રૂ. ૧૫.૫ લાખ જેટલું વિદેશી હૂંડિયામણ કમાય છે. ભારત ઉપરાંત ઇજિપ્ત, સુદાન, ઈરાન, માડાગાસ્કર, પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયામાં પણ મેંદી થાય છે.



## કૌશલકળાનો ખેલ

આ વખતે જાદુનો આપણે એક નવો જ ખેલ જોઇએ. તમે પોતે પણ આનાં સાધનો ઘેર બેઠાં બનાવી શકશો. વળી, આ ખેલની રજૂઆતમાં બહુ સિફતની પણ જરૂર નથી. જાદુગરે ધ્યાન માત્ર એ જ રાખવાનું હોય છે કે તે પોતાના ખેલની રજૂઆત એટલી સફાઈથી કરે અને એટલું આકર્ષણ જમાવે કે તેમાં તણાતા પ્રેક્ષકો એના ખેલનાં રહસ્યો ઉકેલવાનો વિચાર પણ કરવા ન પામે. હવે આપણે નવો ખેલ જોઇએ.

### શરાબની બાટલી અને કાચની પ્યાલી


ખેલ શરૂ થાય છે ત્યારે નાજુક મેજ ઉપર એક તરફ શરાબની એક બાટલી તથા તેની બાજુમાં એક પોલો નળાકાર આડો પડેલો દેખાય છે. બીજી તરફ એવો જ એક નળાકાર ઊભો રાખ્યો છે ને તેની બાજુમાં શરાબ પીવા માટેની એક પ્યાલી દેખાય છે.

જાદુગર આવે છે ને પેલા નળાકાર વડે તે બાટલી તથા પ્યાલીને ઢાંકી દે છે. અને પછી કંઈ અગડંબગડં કરી પેલા નળાકારો ઉઠાવી લે છે. પ્રેક્ષકો નવાઈ પામી જોઈ રહે છે કે પ્યાલીની જગ્યાએ બાટલી ને બાટલીની જગ્યાએ પ્યાલી આવી ગએલ છે. જાદુગર કહેતો જાય છે કે, 'શરાબ ધારણ કરનાર પ્યાલી હોય,



બાટલી હોય કે પછી ખુદ આદમી હોય, એનું સ્થાન અનિશ્ચિત જ સમજવું. આ પ્યાલી ને બાટલીની જેમ જીવનમાં એ કદી સ્થિર થઇ શકતાં નથી...' ને આમ કહેતો કહેતો એ ફરી પેલી સ્થાનાંતર પામેલી પ્યાલી ને બાટલીને નળાકારો વડે ઢાંકી દે છે ને હવે જ્યારે એ ફરી નળાકારો ઉપાડી લે છે ત્યારે બંને વસ્તુઓ તેની મૂળ જગ્યાએ જોવા મળે છે.

હવે તમે જો આ સાથેની આકૃતિ જોશો તો તમને આ ખેલનો ભેદ તુરત જ સમજાઈ જશે. ખેલમાં દેખાતી પ્યાલી ને બાટલી વાસ્તવમાં બે બે હોય છે અને બંને બાટલી તળિયાં વિનાની હોય છે. પ્રત્યેક સ્થાનાંતર વખતે એક બાટલી ઊભા પડેલા કે હાથમાં પકડેલા નળાકારમાં સંતાએલી રહે છે. ને એ જ રીતે મેજ પર પડેલી પ્યાલી વાસ્તવમાં તળિયા વિનાની બાટલી અંદર ઢંકાએલી રહે છે. ખેલની શરૂઆતમાં પોતાની સફાઇ દેખાડવા બાટલીની બાજુનો નળાકાર જાદુગર એવી રીતે આડો ગોઠવીને મૂકી રાખે છે કે તે પોલો છે ને તેની આરપાર ખુશીથી જોઇ શકાય છે



તેની પ્રેક્ષકોને ખાતરી થાય. હકીકતે આ ઊભી મૂકેલી બાટલી તળિયા વિનાની છે ને તેની અંદર પ્યાલી ઢંકાએલી છે. એ જ રીતે પ્યાલીની પાસે ઊભા મૂકેલા નળાકારમાં તળિયા વિનાની બાટલી ઢંકાએલી છે. ખેલ કરતી વખતે જાદુગર બંને ચીજોને ઢાંકી દે છે અને જ્યારે નળાકાર પાછા ઉપાડે છે ત્યારે પહેલા નળાકાર સાથે બાટલી પણ ઉઠાવી લે છે અને અંદરની પ્યાલી ખુલ્લી કરે છે. પ્યાલી પાસેનો બાટલી સહિતનો નળાકાર પ્યાલી પર મૂકી ફરી ઉપાડતી વખતે માત્ર નળાકાર જ તે ઉઠાવે છે. અંદરની બાટલી પ્યાલી ઉપર જ પડી રહેવા દે છે. આથી પ્રેક્ષકોને ત્યાં એ બાટલી જ જોવા મળે છે. —'પુ-શુ-દાન'

બજારમાં બે જાતની મેંદી જાણીતી છે: ફરીદાબાદની (દિલ્હી કવૉ-લિટી) ને ગુજરાતની (ગુજરાત કવૉલિટી). દિલ્હીની મેંદીમાં રંગનું તત્ત્વ વધુ સારું હોય છે ને તેનો ભૂકો એક ખાસ સેન્ટ સાથે મેળવીને વેચાય છે. ગુજરાતની મેંદી પાંદડાના રૂપમાં નિકાસ કરવામાં આવે છે. ઊંચી જાતની મેંદી પૂરી પાડવાનું ધોરણ જાળવી રાખવામાં આવે તો આપણે વિદેશીય બજારોમાં ભારતનું સ્થાન પણ ટકાવી શકીએ.

## પાછલા પૂઠામાંનું ચિત્ર

### 'અલકનંદાની ઘાંટી'

આમ તો હિમાલયપ્રદેશ આખો યે રમણીય-મનોહર-ભવ્ય છે, પણ એમાં યે જે કેટલાંક નિતાન્ત સુંદર સ્થાનો છે તેમાં અલકનંદા નદીના ખીણપ્રદેશનું સૌંદર્ય મુગ્ધકર છે. ગંગોત્રીમાંથી નીકળતો ગંગાનો પાંખો પ્રવાહ ભાગીરથી નામે વધતો વધતો જે નદીઓના સંગમથી બલવત્તર બને છે તેમાં અલકનંદાનો સાંકડો પણ જોશીલો પ્રવાહ મુખ્ય પુરવઠો પુરાવે છે. પિંડારના સંગમથી પુષ્ટ બનેલી અલકનંદા આગળ વધીને ભાગીરથીનું સખ્ય સાધે છે, અને બંને સખીઓ રસ્તે ચાર નદીનો નેહ મેળવી ભગવતી ગંગાના ભવ્ય રૂપમાં પોતાના વ્યક્તિત્વને વિલીન કરી દે છે. ◖ ફોટોકલાના પરમ નિષ્ણાત ભારતખ્યાત કૅમેરિસ્ટ શ્રી ભારદ્વાજે જેને ઉપલા ચિત્રમાં મૂર્ત કર્યું છે એવાં તો અસંખ્યાત દિલચસ્પ દશ્યો અલકનંદાની સો-સવાસો માઈલની સફરમાં સાંપડે છે. ચિત્રની નીચલી કિનારના કેન્દ્રમાં ઊછળતાં ફેનિલ વારિ, અને ઉપલી કિનારના કેન્દ્રમાં લસતી ધવલ વાદળી—એ બે વચ્ચેના ચિત્રવિસ્તારમાં પથરાએલા વૃક્ષો અને વનછોડ, તથા ખડકો અને ખળખળતા જલપ્રવાહના ઘટ્ટ-ઘેરા ને મધ્યમ-મુલાયમ છાયાપ્રકાશના વિવિધ પલટાને, જે બારીક વિગતો સાથે શ્રી ભારદ્વાજ ઉતારી આપીને એના સૌંદર્યને આત્મસાત કરાવે છે તેમાં એમની કલાસિદ્ધિનું નિદર્શન છે.

**સો રૂપિયાની નોટ** (અનુ. પૃ. ૧૭૫થી ચાલુ) ત્યારનાં એ મહાન નાટકો અને ક્યાં આજની છીછરી ફિલ્મો!', એટલામાં તો પત્નીએ ભોજન પીરસાઈ ગયાની ખબર કરી. અમે હાથપગ ધોઈ જમવા બેઠા.

'અરે હા, તારી મામીએ સ્ટેનલેસ સ્ટીલની થાળીઓ મંગાવી છે. પણ તેની કિંમત સાંભળીને ખરીદવાની મારી હિંમત જ ન ચાલી.' કિંમતની વાત આવતાં મારી પત્ની બેચેન થઈ ગઇ. તેણે મારી તરફ ગુસ્સાની નજર કરતાં કહ્યું, 'મામીની તબિયત કેવી છે એ તમે ન કહ્યું, મામા!'

'હવે એમની તબિયતની તો શી વાત કરવી? બસ, એવું જ. ઠીક છે હમણાં. વારુ, તારી મામી માટે મેં સાડીઓ ખરીદી છે. તારા માટે પણ એક લાવ્યો છું. જોઈ લેજે—તને પસંદ પડે છેને?' આમ મામાજી વારંવાર પૈસાની વાત પર આવતા હતા ને અમે તેમને બીજા વિષય પર લઇ જવાની કોશિશ કરતાં હતાં. જમવાનું પતાવીને અમે બહારના ઓરડામાં બેઠા. એ પછી તે કાપડની પોટલી લઇને અંદર ચાલ્યા ગયા ને પોતાની ભાણેજને સાડીઓ બતાવવા લાગ્યા. મારું એક ધ્યાન બહાર દરવાજા ઉપર અને બીજું અંદરની વાતચીત ઉપર હતું. અંદર શ્રીમતીજીનું ધ્યાન પણ સાડીઓ ઉપર ન હતું. તે પણ વારેઘડીએ ચોંકીને બારણા તરફ જોતી હતી.

અંતે 'એ પગલાં'નો અવાજ સંભળાયો. સાંકળ ખખડી. મેં બારણું ખોલ્યું. ગ્રાહક જ આવેલો. અંદર આવીને તેણે ખિસ્સામાંથી પૈસા કાઢીને મને આપ્યા. મેં તેનો આભાર માન્યો અને તે ગયો.

એ પૈસામાંથી મેં સોની નોટ કાઢીને મૂકી દીધી. પછી મામાજીની ખરીદેલી સાડીઓ હું જોવા લાગ્યો, પત્નીએ પૂછ્યું, 'કોણ હતું?'

'ગ્રાહક આવેલો, પૈસા આપવા.' મેં કહ્યું. અને પછી તો બધું વાતાવરણ જ બદલાઇ ગયું. શ્રીમતીજીએ સાડીના છેડાથી ચહેરો લૂછ્યો ને સ્રીના સાચા રસથી સાડીઓ જોવા લાગી. તેના શબ્દોમાં પણ નવો ઉત્સાહ આવી ગયો. આખું ઘર પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું.

નાની બેબીને હાથમાં બે રૂપિયા આપીને મામાજી જવાની તૈયારી કરવા લાગ્યા. તેમને વળાવવા હું સ્ટેશન સુધી જવા નીકળ્યો, પણ રસ્તા પર પહોંચતાં જ એમણે કહ્યું, 'તમે થાકી ગયા હશો. નાહક આવવાની જરૂર નથી. પાછા જાઓ તમતમારે. કાંઈ વાંધો નહિ.'

ઘેર પહોંચ્યો એવી જ શ્રીમતીજીએ મારી સામે સો રૂપિયાની નોટ ધરી અને કહ્યું, 'જુઓ, મામાજી આ ભૂલી ગયા!' મેં નોટ હાથમાં લઈ લીધી. વિચાર્યું કે જો મામાજી ભૂલી જ ગયા છે તો પછી એનો પૂરેપૂરો લાભ શા માટે ન લેવો? નવું ઍમ્પ્લીફાયર બનાવી શકાશે.

પરંતુ શ્રીમતીજી મારો ભાવ સમજી ગઇ ને જોરથી બોલી, 'જલદી સ્ટેશને જઇને આ નોટ મામાજીને આપી આવો! આખો દિવસ એના કારણે આપણે કેવાં હેરાન થયાં એ ભૂલી ગયા?'

અને...મારે સ્ટેશને જવું જ પડ્યું.

---

બ્રિટનના રેડિયો-ખગોળ શાસ્ત્રીઓએ વિશ્વનું સૌથી મોટું રેડિયો-દૂરબીન તૈયાર કર્યું છે, જેનો કાંઈક આછો ખયાલ આવવા માટે, ૧૦ હજાર માણસો બેસી શકે એવી એક જંગી કૂંડીની કલ્પના કરવી પડે. પોલાદની એ કૂંડી જંગી આયનાનું કામ આપે છે ને કોઈપણ ગ્રહ કે તારાના નિરીક્ષણ માટે તેને અનુકૂળ રીતે ગોઠવી શકાય છે. એના એકેએક ભાગનું અવલોકન કરવા તેની સપાટી પર એક માઇલ ચાલવું પડે, એ હકીકત પરથી તેના વિશાળ કદનો ખયાલ આવશે!

ઈંગ્લંડના વૈજ્ઞાનિકોએ શોધેલું એક ઇલેક્ટ્રૉનિક ગણતરીયંત્ર લાંબા ને અટપટા હિસાબો ગણવા ઉપરાંત ભાષાંતર પણ કરી આપી શકે છે.

શ્રદ્ધા ઊડી, જ્યાં થયું આન લુપ્ત,
ત્યાં માનવી જીવિત ના, થયો મૃત.
—વ્હટ્ટીઅર

ઝેરવાલ્ડ્સનનામનો ડૅનિશ શિલ્પી પોતાનું છેલ્લું ઉત્તમ શિલ્પ પૂરું કર્યા બાદ એકાએક રડવા લાગ્યો. તે જોઈ એક મિત્રે નવાઈથી પૂછ્યું, કે આ શિલ્પ તો તારી સર્વકૃતિઓમાં શ્રેષ્ઠ થયું છે છતાં રડે છે કેમ? શિલ્પીએ કહ્યું, કે એ જ મારા રડવાનું કારણ છે. મને એમાં કંઈ પણ ભૂલ નથી જડતી, તેનો અર્થ એ થયો કે હવે મારો વિકાસ અટકી ગયો!

કહેવતોના અર્થ: 'પંડ રળે તે પેટ ભરાય, ધન રળે તે ઢગલો થાય.'–નરી અંગમહેનત કે પ્રામાણિક પરિશ્રમમાત્રથી બહુબહુ તો માણસ સંતોષથી ગુજરાન ચલાવી શકે, પણ નાણાંછોળ તો કદી ન આવે; ધનનું ઘોડાપૂર તો ધન વડે જ (એટલે કે વેપારમાં પૈસા નાખવાથી), જમીન–જાગીરથી, દેશાવર–રાજદરબારથી, કે ડાબા હાથની કમાણીથી જ આવે છે એ દર્શાવતી આ કહેવતના અર્થવિસ્તારવાળી ઘણી કહેવતો ને દોહરા છે: 'રળ્યે મળે રોટલો', 'નાણું નાણાંને તાણી લાવે', 'દરિયો કે દરબાર, કોઈ ઘર જાવ કે કોઈ બિસર જાવ', (દરિયો–દેશાવર ખેડવાથી, દરબાર–મોટા સરકારી હોદ્દાને લીધે, ઘર જાએ–લાંચરુશ્વતથી, બિસર જાએ–ચોરીના પૈસા અનામત મૂકી જનાર ભૂલી જાય કે ગુજરી જાય ને હજમ થઈ જાય, અથવા તે દબાવી દેવામાં આવે; યા ઘટેલા પૈસાની જગ્યા વંશવારસોથી ભુલાઈ જવાને કારણે તે જમીન બીજાને વેચાણ થતાં હાથ લાગે ત્યારે);
કાં તો હળને હચરકે, કે કાં લેખણને લસરકે, પણ તેલને ટસરકે નારી ચીર ન પામે, નાગલા. સારી ખેતીથી કે કલમબહાદુર મુત્સદ્દીગીરીથી પૈસો થાય, પણ તેલ સીંચીને ગાડાં હાંકનાર (નર્યો શ્રમ કરનાર) માણસની સ્ત્રી (હે નાગલા,) ચીર પહેરવા પામે એટલો પૈસો થાય નહિ.

અનેકાર્થી શબ્દ: સોમ=ચંદ્રમા; વારનું નામ; એ નામનો દિવ્ય ઉદાત્ત રસ; કપૂર; કિરણ; કુબેર; પરમાત્મા; પાણી; બ્રહ્માનંદ; યમ; વનસ્પતિસમૂહ; વાયુ; વાંદરો; સ્ત્રીનો પ્રથમનો વિવાહિત પતિ; અમૃત; આકાશ; એક જાતનું વિશાળ ઘર; ચોખાનું પાણી; કંજૂસ; શીતળ, શાંત, સૌમ્ય; શંકર; ગાયત્રીનો એક દેવતા; બુદ્ધનું એક નામ; વિષ્ણુનું એક નામ; એક દિક્પાલ; સિતાર બનાવવામાં ઉપયોગી એક અલંકાર; એક માત્રામેળ છંદ.





'સર્વોત્તમ ભારતીય બાલચિત્ર' તરીકે દર વર્ષે વિજયી થતી ફિલ્મને વડા પ્રધાન તરફથી અપાતો ચંદ્રક, જે '૫૭ના સર્વોત્તમ બાલચિત્ર 'હમ પંછી એક ડાલકે'ને આ વર્ષે મળ્યો છે.

ગણિતગમ્મત: જેમાં રૂપિયા અને પાઈઓની સંખ્યાઓ વચ્ચે ૧ કરતાં વધુ ફેર હોય એવી, ૧૨ રૂપિયાથી વધુ નહિ તેવી, કોઈ પણ રૂ.આ.પા.વાળી રકમ ધારવાનું તમારા મિત્રને કહો. હવે તેને અવળી કરવાનું (એટલે જેટલી પાઈ હોય તેટલા રૂપિયા થાય અને રૂપિયા હોય તેટલી પાઈ થાય તેમ કરવાનું) કહી, એ બંને રકમની બાદબાકી કરાવો. જે જવાબ આવે તે રકમને ફરી અવળી કરી બંનેનો સરવાળો કરાવો. રકમ ગમે તે ધારી હશે તો યે જવાબ ૧૨ રૂ. ૧૪ આ. ને ૧૧ પાઈ જ આવશે.

શાહમૃગ ચાલે છે ત્યારે તેનાં બે પગલાં વચ્ચે છવ્વીસ ઈંચની જગ્યા હોય છે, પણ દોડે છે ત્યારે એથી ઓછી બારથી ચૌદ ઈંચ!

કૂવાના પાણીથી દાળ ન ચડતી હોય ત્યારે પાણીમાં થોડો સોપારીનો ભૂકો કે જુવારના સાંઠાની પાનઠ નાખજો.



અંગ્રેજી મૂળાક્ષરનો ચૌદમો અક્ષર 'એન', મિસરની ચિત્રલિપિ હાયેરોગ્લિફની જલપ્રવાહ દર્શાવતી લીટી પરથી જે વિકાસ પામતાં આજના સ્વરૂપે પહોંચ્યો તે દર્શાવતી ઉપલી તકતીમાં તેના હાયરેટિક, ફીનીશિયન, જૂના ગ્રીક, લૅટિન તથા હાલના ઘાટ ક્રમશઃ આપ્યા છે; અને નીચલી તકતીમાં તેનાં કૅપિટલ તથા નાના રૂપના લેખનમરોડ જે ક્રમે વિકસ્યા તે–હિબ્રુ, ગ્રીક, રોમન, ઍંગ્લો–સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કૅલ્ટિક, એન્ગ્રૉસિંગ, ઈટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને હાલનાં રૂપ દર્શાવ્યાં છે.


કાપડ પર પડેલા મશીનના તેલના ડાઘ કાઢવા તેની પર મેથિલેટેડ સ્પિરિટ ઉપરાઉપર ઘસવું. પછી કપડું સાબુના પાણીમાં ઉકાળવું. આ પ્રકારના ડાઘ માટે આલ્કોહૉલ વધુ સારું કામ આપે છે. સૌથી ઉત્તમ માર્ગ ડાઘને આગલી રાતે ઑલિવના તેલમાં પલાળી રાખીને દિવસે હમેશની માફક ધોઈ નાખવાનો છે.

માકડ તદ્દન લીસી સપાટીવાળા આ આકૃતિમાં બતાવ્યા પ્રમાણેના ત્રાંસા વાસણ




ઉપર ચડી શકતા નથી. તેથી આવા આકારના પ્લાસ્ટિક, પિત્તળ કે ત્રાંબાના વાટકા ઑસ્પિટલમાં દરદીઓના ખાટલા નીચે મૂકવામાં આવે તો બીજા દરદીઓના ખાટલાના માકડ આવીને સતાવી શકે નહિ. આવા વાસણમાં પાણી અથવા બીજી કોઈ દવા નાખવાની યે જરૂર નથી. વાસણનો આકાર નીચેથી સાંકડો અને ઉપરથી પહોળો હોવો જોઈએ.
—ગુલાબચંદ મૂલચંદ શાહ


કલાકણિકા: ધાર્મિકવિધિ માટેનું ચીનનું
શોભનમંડિત ધાતુપાત્ર



અલકનંદાની ઘાંટી · ફોટો · આર. આર. ભારદ્વાજ

(ચિત્રપરિચય માટે જુઓ આ અંકમાં અન્યત્ર)



←મુખદર્શન

ભાવમગ્ના→

(ફોટો ઇ. એસ. મહાલિંગમ)

ભારતનાં પ્રાચીન કલારત્નોમાં માત્ર અજંટા અને ભુવનેશ્વરની જ કોટિનું આકર્ષણ પામનાર, ઉત્તર હિંદના કેન્દ્રમાં આવેલાં ખજુરાહોનાં મંદિરો અજંટાની પેઠે સૈકાઓ સુધી લોકદૃષ્ટિમાંથી લુપ્ત નહોતાં થયાં, પણ પુરાતત્ત્વને પાને એનો ઇતિહાસ અવારનવાર ટોકાતો રહેલો. ઇ. સ. ૯૫૦થી ૧૦૫૦ સુધીના માત્ર એક સૈકાના ગાળામાં ચંદેલા રાજપુતોએ બંધાવેલાં સોએક જેટલાં મંદિરોમાંથી આજે બચી રહેલાં, શૈવ વૈષ્ણવ ને જૈન એમ વિવિધ સંપ્રદાયનાં એ ભવ્ય ભુવનોનો સમૂહ એ કાળની ધાર્મિકસહિષ્ણુતા ઉપરાંત આ સ્થાન કોઇ મહાન વિદ્યાધામ ને ધાર્મિક જીવનનું કેન્દ્ર હશે એમ દર્શાવે છે. લગભગ સોસો ફીટ લાંબાં આ અપૂજ મહામંદિરોની ભીંતો, સ્તંભો ને કંદોરાઓ ઉપર નાનાવિધ દેવદેવીઓની લીલા રૂપે ભારતીય જીવનની જે ભરચક દિનચર્યા ઉતારી છે તે (એકએક મંદિર ઉપર આવેલી આઠસો નવસો જેટલી) શિલ્પમૂર્તિઓ ભારતીય કલાકૃતિઓના લાવણ્ય ને લાલિત્યના શ્રેષ્ઠ નમૂનાઓમાં સ્થાન પામી છે. એ પૈકીની, વહેતા સૌંદર્યના પ્રવાહ જેવા લલિત અંગભંગી દર્શાવતી બે મૂર્તિઓ અહીં આપી છે.

